

કામકાજનો ટૂંકો અહેવાલ

આઠમી ગુજરાત વિધાનસભા

છઠ્ઠું સત્ર અને સાતમું સત્ર

(તા. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૨ થી તા. ૩જી એપ્રિલ, ૧૯૯૨
અને
તા. ૧૩મી જુલાઈ, ૧૯૯૨ થી ૧૬મી જુલાઈ, ૧૯૯૨)

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર
૧૯૯૨



કામકાજનો ટૂંકો અહેવાલ

આઠમી ગુજરાત વિધાનસભા

છઠ્ઠું સત્ર અને સાતમું સત્ર

(તા. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૨ થી તા. ૩જી એપ્રિલ, ૧૯૯૨
અને
તા. ૧૩મી જુલાઈ, ૧૯૯૨ થી ૧૬મી જૂલાઈ, ૧૯૯૨)

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર
૧૯૯૨

પ્રસ્તાવના

આ પ્રકાશનમાં આઠમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્ર (તા. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૨ થી તા. ૩જી એપ્રિલ, ૧૯૯૨)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શકય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નીવડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર, તા. ૪--૯--૯૨.

એન. કે. કથીરીઆ,
ઈન્ચાર્જ સચિવ,
ગુજરાત વિધાનસભા.

અનુક્રમણિકા

ક્રમાંક	વિષય	પાના નંબર
૧	૨	૩
૧	આઠમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રનો તા. ૧૧-૨-૯૨ થી તા. ૩-૪-૯૨માં થયેલ કામકાજનાં ટૂંકો અહેવાલ.	૧
૨	પત્રક ક્રમાંક--૧ સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલ સમય અને ટકાવારી.	૩૦
૩	પત્રક ક્રમાંક-૨ ગૃહની બેઠકોની તારીખ અને સમય	૩૧
૪	,, ૩ સભ્યોએ વ્યકિતગત રીતે આપેલી હાજરી	૩૫
૫	,, ૪ સભ્યોની તારીખવાર હાજરી	૪૨
૬	,, ૫ ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)	૪૪
૭	,, ૬ ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)	૪૬
૮	,, ૭ તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)	૪૮
૯	,, ૮ અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)	૫૨
૧૦	,, ૯ જુદા જુદા મંત્રીશ્રીઓના દાખલ થયેલા અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી.	૫૬
૧૧	,, ૧૦ અર્ધા કલાકની દાખલ થયેલ અને ચર્ચાયેલ સૂચનાઓની માહિતી.	૬૨
૧૨	,, ૧૧ દાખલ કરવાના સરકારી વિધેયકો	૬૩

ક્રમાંક	વિષય	પાના નંબર
૧	૨	૩
૧૩	પત્રક ક્રમ ક ૧૨ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો.	૬૬
૧૪	,, ૧૩ વટહુકમો અને તે બહાર પાડવા અંગેના નિવેદનો	૭૨
૧૫	,, ૧૪ વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો.	૭૩
૧૬	,, ૧૫ દાખલ કરવાના બિન-સરકારી વિધેયકો.	૭૫
૧૭	,, ૧૬ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના (નિકાલ થયેલા) બિન-સરકારી વિધેયકો.	૭૭
૧૮	,, ૧૭ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બાકી રહેલા બિન-સરકારી વિધેયકો.	૭૯
૧૯	,, ૧૮ સન ૧૯૯૨-૯૩ના વર્ષના અનુદાનો માટે ચર્ચાયેલી માંગણીઓ.	૮૦
૨૦	,, ૧૯ સન ૧૯૯૧-૯૨ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકમાંની ચર્ચાયેલી માંગણીઓ.	૮૬
૨૧	,, ૨૦ વૈધાનિક પ્રસ્તાવો (નિયમ-૧૦૦)	૯૦
૨૨	,, ૨૧ ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ-૧૦૧).	૯૧
૨૩	,, ૨૨ ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)	૯૨
૨૪	,, ૨૩ જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ-૪૪)	૧૦૨
૨૫	,, ૨૪ બિન-સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭)	૧૦૩
૨૬	,, ૨૫ નાણાંકિય સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી.	૧૦૫

ક્રમાંક		વિષય	પાના નંબર
૧		૨	૩
૨૭	પત્રક ક્રમાંક	૨૬ સભાગૃહની જુદી જુદી સમિતિઓ ઉપર માન. અધ્યક્ષશ્રીએ તા. ૧૦--૪--૯૨ના રોજ નિમેલા સભ્યો.	૧૦૭
૨૮	,,	૨૭ ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી.	૧૧૨
૨૯	,,	૨૮ રોજે રોજના કામકાજનો સારાંશ.	૧૧૭
૩૦	,,	૨૯ વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો.	૨૧૦
૩૧	,,	૩૦ વિભાજન	૨૨૪
૩૨	,,	૩૧ શોકદર્શક ઉલ્લેખ.	૨૨૫
૩૩	,,	૩૨ વિધાનસભામાં પક્ષવાર સભ્ય સંખ્યા.	૨૨૮

આઠમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

પ્રારંભિક

આઠમી ગુજરાત વિધાનસભાનું છઠ્ઠું સત્ર મંગળવાર, તા. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ શરૂ થયું હતું. અને શુક્રવાર ૩જી અપ્રિલ, ૧૯૯૨ના રોજ રાજ્યપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૩૫ દિવસ મળી હતી. અને તેમાં ૩૯ બેઠકો થઈ હતી. સત્ર દરમ્યાન વિધાનસભાએ કુલ ૧૭૫ કલાક કામ કર્યું હતું. સત્ર દરમિયાન જુદા જુદા કામકાજ જેવાં કે પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, નાણાકીય કામકાજ વગેરેમાં કેટલો સમય ગયો હતો તે અને તેની ટકાવારી **પત્રક ક્રમાંક—૧માં** આપવામાં આવી છે.

ગૃહની બેઠકોની તારીખો અને સમય

૨. ગૃહની બેઠકોની તારીખ અને સમય **પત્રક ક્રમાંક -૨માં** આપવામાં આવ્યા છે.

હાજરી

૩ સત્ર દરમિયાન એક દિવસમાં વધારેમાં વધારે સભ્યોની હાજરી ૧૪૩ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૨૨ હતી. સરેરાશ હાજરી ૧૩૫ હતી. દરેક સભ્યે કેટલી બેઠકોમાં હાજરી આપી તે **પત્રક ક્રમાંક—૩માં** તથા દરેક બેઠકોમાં કેટલા સભ્યોએ હાજરી આપી તે **પત્રક ક્રમાંક—૪માં** દર્શાવવામાં આવી છે.

રાજ્યપાલશ્રીનું સંબોધન

૪ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૭૬ (૧) અનુસાર રાજ્યપાલશ્રીએ તા. ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૨ના રોજ બપોરના ૧૨--૦૦ વાગ્યે ગુજરાત વિધાસભાને સંબોધન કર્યું હતું. રાજ્યપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને સંબોધન કર્યા બદલ સભ્યશ્રી માવજીભાઈ ચ. પટેલે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેનું સભ્ય શ્રી નાનુભાઈ વાઘાણીએ સમર્થન કર્યું હતું. રાજ્યપાલશ્રીના સંબોધન પર તા. ૧૪, ૧૭ તથા ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૨ના રોજ સભાગૃહમાં ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ૩૨ સભ્યશ્રીઓએ ભાગ લીધો હતો. પ્રસ્તાવ ઉપર ૨૯ સભ્યશ્રીઓના સુધારાની સૂચનાઓ મળી હતી. ચર્ચાને અંતે સભાગૃહે મૂળ સ્વરૂપમાં પ્રસ્તાવ પસાર કર્યો હતો.

ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નો

૫ સત્ર દરમ્યાન ૯૬ ટૂંકી મુદતના, ૬૪૬૮ તારાંકિત-અને ૪૮૯ અતારાંકિત પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો. તેની માહિતી **પત્રક--૫, ૬, ૭ અને ૮માં** આપવામાં આવી છે. તારાંકિત પ્રશ્નોની કયા મંત્રીશ્રી માટે કેટલી સૂચનાઓ દાખલ કરવામાં આવી અને તેમાંથી જે તે મંત્રીશ્રીના ગૃહમાં કેટલા પ્રશ્નો ચર્ચાયા તેની માહિતી **પત્રક ક્રમાંક—૯માં** આપવામાં આવી છે.

સત્ર દરમ્યાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટેનો વિગતવાર કાર્યક્રમ તા. ૧૨મી ફેબ્રુઆરી ૯૨ થી તા. ૩૧મી માર્ચ, ૧૯૯૨ સુધીનો કુલ ૩૩ દિવસ માટે નક્કી કરાવમાં આવ્યો હતો. પરંતુ કામકાજ સલાહકાર સમિતિની ભલામણો મુજબ તા. ૧૮મી માર્ચ ૧૯૯૨ની બેઠક મુલતવી રાખવામાં આવી હતી અને તે દિવસની પ્રશ્નોતરી તા. ૧૭મી માર્ચ, ૧૯૯૨ની રોજ બીજી બેઠકમાં રાખવામાં આવી હતી. તા. ૧૬મી માર્ચ, ૧૯૯૨ના રોજ માન. સભ્યશ્રી વીરજીભાઈ મુનિયાના માનમાં શોકદર્શક ઉલ્લેખ પછી સભાગૃહ મુલતવી રહ્યું હોવાથી તે દિવસે હાથ ન ધરાયેલ પ્રશ્નોત્તરી કામકાજ સલાહકાર સમિતિની ભલામણ મુજબ તા. ૨૬મી માર્ચ, ૧૯૯૨ના રોજ બીજી બેઠકમાં હાથ ધરવામાં આવી હતી. કામ- કાજ સલાહકાર સમિતિની ભલામણ મુજબ તા. ૧લી, ૨જી, અને ૩જી એપ્રિલ, ૧૯૯૨ સુધી સત્રની મુદત વધારવામાં આવી હતી. અને તા. ૨૦મી માર્ચ, ૧૯૯૨ના રોજની મુલતવી રહેલ પ્રશ્નોત્તરી તા. ૧લી એપ્રિલ, ૧૯૯૨ના રોજ રાખવામાં આવી હતી.

આઠમી ગુજરાત વિધાનસભાનું પાંચમું સત્ર પૂરું થયા પછી અને છઠ્ઠા સત્રના છેલ્લા દિવસ સુધીમાં અતારાકિત પ્રશ્નોની કુલ ૪૮૯ સૂચનાઓ મળી હતી. અને તારાંકિત પ્રશ્નોની મળેલ સૂચનાઓમાંથી અતારાંકિત પ્રશ્નો તરીકે ૮૨ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. સત્ર દરમિયાન અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની ૫૦—૫૦ની એક એવી ચાર અને ૪૮ પ્રશ્નો અને તેના જવાબોની એક એમ કુલ પાંચ અતારાંકિત યાદીઓ અને નિયમ ૮૭-ક અન્વયે સત્રના છેલ્લા દિવસે સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ ૨૧ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સહિત કુલ ૨૬૯ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા.

પ્રશ્નોત્તરીને લગતી કેટલીક અગત્યની માહિતી નીચે મુજબ છે.

(૧) સભાગૃહની કુલ ૩૪ દિવસની ૩૮ બેઠકોમાં ૩૬ દિવસ પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી. તા. ૨જી અને ૩જી અપ્રિલ ૯૨ના રોજ તારાંકિત પ્રશ્નોત્તરી રાખવામાં આવી ન હતી. પરંતુ ટૂંકી મુદતના પ્રશ્નો સભાગૃહમાં હાથ ધરવામાં આવ્યા હતા.

(૨) સત્ર દરમ્યાન કુલ ૨૧ ટૂંકી મુદતના પ્રશ્નો સભાગૃહમાં રજુ થયા હતા અને તે ચર્ચાયા હતા.

(૩) સત્ર દરમ્યાન કુલ ૩૨૦૩ તારાંકિત પ્રશ્નો સભાગૃહમાં હાથ ધરવામાં આવ્યા હતા અને સત્ર દરમ્યાન કુલ ૩૧૫ પ્રશ્નોના મૌખિક જવાબ આપવામાં આવ્યા હતા.

(૪) સત્ર દરમ્યાન ગૃહમાં રજુ થયેલા તારાંકિત પ્રશ્નોની કુલ ૩૩ યાદીઓમાંથી વધુમાં વધુ તારાંકિત પ્રશ્નોની એટલે કે ૧૨૭ પ્રશ્નો તા. ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૨ અને તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ અને ઓછામાં ઓછા તારાંકિત પ્રશ્નો એટલે કે ૬૭ પ્રશ્નો તા. ૩૧મી માર્ચ, ૧૯૯૨ના રોજ સભાગૃહમાં રજૂ થયા હતા.

અરધા કલાકની ચર્ચા

૬. સત્ર દરમ્યાન અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની કુલ ૨૨ સૂચનાઓ મળી હતી. તેમાંથી ૩ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. અને તે ઉપરાંત બે સૂચનાઓ સભા-ગૃહમાં ચર્ચવામાં આવી હતી. જેની વિગત **પત્રક કમાંક—૧૦માં** આપવામાં આવી છે.

સરકારી વિધેયકો: -

દાખલ કરવાના સરકારી વિધેયકો :

૭. સત્ર દરમિયાન કુલ ૧૬ વિધેયકો દાખલ કરવા માટેના હતાં જે પૈકી ૧૨ વિધેયકો દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે ૪ વિધેયકો દાખલ કરી શકાયાં ન હતા. **(જુઓ પત્રક કમાંક—૧૧).**

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો

૮.સત્ર દરમિયાન દાખલ થયેલા ૧૨ વિધેયકો અને અગાઉ હાથ ન ધરી શકાયેલ અને બાકી રહેલાં ૬ વિધેયકો મળી કુલ ૧૮ વિધેયકો પૈકી ૧૦ વિધેયકો પસાર કરવામાં આવ્યા હતા. જ્યારે ૮ વિધેયકો સમયના અભાવે હાથ ધરી શકાયા ન હતા. **(જૂઓ પત્રક કમાંક—૧૨).**

પસાર થયેલા સરકારી વિધેયકો અને તેનું વિષયવાર વર્ગીકરણ

૯ વિધેયકોનું વર્ગીકરણ :

(૧) કેન્દ્ર સરકારના કાયદાને સુધારતા વિધેયકો	—
(૨) મુંબઇ રાજ્યના અમલી કાયદાને સુધારતા વિધેયકો	૨
(૩) ગુજરાત રાજ્યના અમલી કાયદાને સુધારતા વિધેયકો	૪
(૪) નવા વિધેયકો	૪
	૧૦

૧૦. વિષયવાર વર્ગીકરણ :

(૧) નાણાકીય બાબતો અને કરવેરાને લગતા	૯
(૨) અન્ય	૧
	૧૦

વટહૂકમનું સ્થાન લેતા વિધેયકો :

૧૧. સત્ર દરમિયાન ૧૯૯૨ના વટહુકમ ક્રમાંક ૩, ૪ અને ૫ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા હતા અને તેનું સ્થાન લેતા સન ૧૯૯૨ના વિધેયક ક્રમાંક ૧, ૨ અને ૩ પસાર કરવામાં આવ્યા હતાં.

વિધાનસભાનાં મેજ ઉપર મૂકાયેલા રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિવાળા વિધેયકો :

૧૨ સત્ર દરમિયાન રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિવાળા નીચેના વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

અ.નં.	વિધેયક	કોની અનુમતી મળી છે.	અનુમતિ મળ્યા તારીખ	મેજ ઉપર મૂકયા તારીખ
૧	૨	૩	૪	૫
૧	સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક : ૩૫ સન ૧૯૯૧નું મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત સુધારા) વિધેયક.	રાષ્ટ્રપતિ	૮-૧૦-૯૧	૧૩-૨-૯૨
૨	સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક-૩ સન ૧૯૯૨નું ગુજરાત વેચાણવેરા (સુધારા) વિધેયક.	રાજ્યપાલ	૧૮-૨-૯૨	૨૭-૨-૯૨
૩	સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક--૮ સન ૧૯૯૨નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક.	રાજ્યપાલ	૨૭-૨-૯૨	૬-૩-૯૨
૪	સન ૧૯૯૨નું વિધેયક ક્રમાક-૧ સન ૧૯૯૨નું મુંબઈ મોટરવાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક.	રાજ્યપાલ	૨૧-૩-૯૨	૨૭-૩-૯૨
૫	સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક--૨ સન ૧૯૯૨નું ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ વિધેયક.	રાષ્ટ્રપતિ	૨૩-૩-૯૨	૩-૪-૯૨
૬	સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક--૧૭ સન ૧૯૯૨નું મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક.	રાજ્યપાલ	૧-૪-૯૨	૩-૪-૯૨

૧	૨	૩	૪	૫
૭	સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક--૧૮ સન ૧૯૯૨નું ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ, મંત્રીશ્રીઓ અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાને લગતા કાયદા (સુધારા) વિધેયક.	રાજ્યપાલ	૩૧-૩-૯૨	૩-૪-૯૨
૮	સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક--૧૯ સન સન ૧૯૯૨નું ગુજરાત વિનિયોગવિધેયક	રાજ્યપાલ	૩૧-૩-૯૨	૩-૪-૯૨
૯	સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક--૨૧ સન ૧૯૯૨નું ગુજરાત મોટર ટ્રાન્સપોર્ટ વાહન નાકાવેરા વિધેયક.	રાજ્યપાલ	૧-૪-૯૨	૩-૪-૯૨
૧૦	સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક--૨૨ સન ૧૯૯૨નું ગુજરાત વેચાણવેરા (તૃતિય સુધારા) વિધેયક.	રાજ્યપાલ	૧-૪-૯૨	૩-૪-૯૨

વટહુકમ અને નિવેદનો

૧૩. સત્ર દરમિયાન, સન ૧૯૯૧ના વટહુકમ ક્રમાંક ૩, ૪ અને ૫ તથા આ વટહુકમો બહાર પાડવાના કારણો સમજાવતાં નિવેદનોને તા. ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક ૧૩).

વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો

૧૪. સન ૧૯૯૧ના વટહુકમ ક્રમાંક ૩ અને ૪ ને નામંજૂર કરવા અંગેના પ્રસ્તાવોની ત્રણ ત્રણ અને વટહુકમ ક્રમાંક ૫ને નામંજૂર કરવા અંગેના પ્રસ્તાવની ચાર સૂચનાઓ મળી હતી જે દાખલ કરવામાં આવી હતી. ચર્ચાને અંતે પ્રસ્તાવોનો સભાગૃહે અસ્વીકાર કર્યો હતો. (જુઓ પત્રક ક્રમાંક ૧૪).

બિન સરકારી વિધેયકો

દાખલ કરવાનાં બિન-સરકારી વિધેયકો

૧૫. સત્ર દરમિયાન ૧૨ બિન-સરકારી વિધેયકો દાખલ કરવાનાં હતાં તે પૈકી ૧૦ બિન સરકારી વિધેયકો દાખલ કરવામાં આવી હતાં. એક વિધેયકને દાખલ કરવા માટે

સંવિધાનના અનુચ્છેદ ૩૦૪ (ખ) અન્વયે રાષ્ટ્રપતિશ્રીની પૂર્વમંજરી મળી ન હોવાથી તે દાખલ કરીશકાયું ન હતું. જ્યારે એક વિધેયક સમયના અભાવે દાખલ કરી શકાયું ન હતું. (જુઓ પત્રક ક્રમાંક ૧૫).

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન સરકારી વિધેયકો

૧૬. અગાઉ દાખલ થયેલા અને વાંચન માટેનાં બાકી રહેલાં ૫ બિન-સરકારી વિધેયકો તથા ચાલુ સત્રમાં દાખલ થયેલાં ૧૦ વિધેયકો મળીને કુલ ૧૫ બિનસરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાનાં હતાં જે પૈકી ચર્ચા માટે હાથ ધરાયેલ ૧૦ વિધેયકો ચર્ચાને અંતે પ્રભારી સભ્યશ્રીઓએ પાછા ખેંચી લીધાં હતા (જુઓ પત્રક ક્રમાંક ૧૬) ૨ વિધેયકોને ચાલુ સત્રમાં હાથ ન ધરવા પ્રભારી સભ્યશ્રીએ વિનંતી કરી હોવાથી, ૨ વિધેયકો સભ્યશ્રીની ગેરહાજરીના કારણે તથા ૧ વિધેયક સમયના અભાવે હાથ ધરી શકાયાં ન હતાં (જૂઓ પત્રક ક્રમાંક ૧૭).

દાખલ થયેલાં બિન સરકારી વિધેયકોનું વર્ગીકરણ

૧૭. વિધેયકોનું વર્ગીકરણ :

(૧) મુંબઈ રાજ્યના અમલી કાયદાને સુધારતાં વિધેયકો	૨
(૨) ગુજરાત રાજ્યના અમલી કાયદાને સુધારતાં વિધેયકો	૨
(૩) નવાં વિધેયકો	૬
કુલ...	૧૦

૧૮. વિષયવાર વર્ગીકરણ

સ્ત્રીઓને લગતા	૨
સ્થાનિક સંસ્થાઓને લગતા	૩
સહકારને લગતું	૧
જાહેર વહીવટને લગતું	૧
અન્ય	૩
કુલ...	૧૦

નાણાંકીય કામકાજ

૧૯. અંદાજપત્ર :—

(ક) રજુઆત :—

આઠમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં સન ૧૯૯૨--૯૩ના વર્ષ માટેનું કુલ રૂપિયા ૭૯,૪૯,૭૦,૨૨,૦૦૦નું અંદાજપત્ર શુક્રવાર, તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં મતપાત્ર રકમ રૂા. ૬૧,૬૯,૦૦,૨૧,૦૦૦ અને બિનમતપાત્ર રકમ રૂા. ૧૭,૮૦,૭૦,૦૧,૦૦૦ હતી.

(ખ) સામાન્ય ચર્ચા :—

અંદાજપત્ર ઉપર તા. ૨૭ અને ૨૮મી ફેબ્રુઆરી, તથા તા. ૩જી અને ૪થી માર્ચ, ૧૯૯૨ ના રોજ એમ કુલ ચાર દિવસો દરમ્યાન સામાન્ય ચર્ચા કરવામાં આવી હતી.

(ગ) માંગણીઓ ઉપર ચર્ચા અને મતદાન :—

અંદાજપત્રની કુલ ૫૨ માગણીઓ ઉપર તા. ૫, ૬ ૯ ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૭, ૨૩, ૨૪ (બે બેઠકો) ૨૫ અને ૨૬ (બે બેઠકો) માર્ચ, ૧૯૯૨ એમ કુલ ૧૨ દિવસો દરમ્યાન સભાગૃહની ચૌદ બેઠકોમાં ચર્ચા અને મતદાન કરવામાં આવ્યું હતું. કુલ ૯૮ માગણીઓ સભાગૃહની મંજુરી માટે રજૂ કરવામાં આવી હતી અને તેમાંથી ૫૨ માંગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. ચર્ચા માટે પસંદ કરવામાં આવેલી બધી માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક ૧૮) જ્યારે બાકીની ૪૬ માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી. સોમવાર, તા. ૩૦મી માર્ચ, ૧૯૯૨ના રોજ ગુજરાત વિનિયોગ વિધેયક, ૧૯૯૨ સભાગૃહે પસાર કર્યું હતું.

(ઘ) કાપ દરખાસ્તો :—

અંદાજપત્રની ચર્ચા માટે પસંદ કરવામાં આવેલી ૫૨ માગણીઓ ઉપર કુલ ૪૦૯ કાપ દરખાસ્ત આવી હતી. તેમાંથી ૩૪૯ કાપ દરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. અને બાકીની ૬૦ કાપદરખાસ્તો નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલ ૩૪૯ કાપ દરખાસ્તો. પૈકી સરખા વિષયની કાપ દરખાસ્તોની સૂચનાઓમાં સભ્યશ્રીઓના નામો જોડતાં કુલ ૧૭૪ કાપદરખાસ્તોના એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

તા. ૯મી માર્ચ, ૧૯૯૨ના રોજની માંગણીઓ ઉપરનાં કાપ દરખાસ્ત ક્રમાંક ૯, તા. ૧૧મી માર્ચ, ૧૯૯૨ની કાપદરખાસ્ત ક્રમાંક ૨, ૪, ૫, ૮, ૯, ૧૧, થી ૧૩ અને ૧૭ થી ૧૯ તા. ૧૭મી માર્ચ, ૧૯૯૨ની કાપદરખાસ્ત ક્રમાંક ૧, ૮, ૧૦, અને ૧૧, ૨૪મી માર્ચ ૧૯૯૨ (પહેલી બેઠક)ની કાપ દરખાસ્ત ક્રમાંક ૨, ૨૪મી માર્ચ ૧૯૯૨ (બીજી બેઠક)ની કાપ દરખાસ્ત ક્રમાંક ૭, ૧૧, ૧૨ અને તા. ૨૫મી માર્ચ, ૧૯૯૨ની કાપ દરખાસ્ત ક્રમાંક ૭ સંબંધિત સભ્યશ્રીઓ દ્વારા સભાગૃહમાં રજૂ કરવામાં આવી નહોતી, તે સિવાયના દિવસોએ બધી કાપદરખાસ્તો મત માટે મૂકવામાં આવેલી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો.

૨૦. ખર્ચનું પૂરક પત્રક :

(ક) રજૂઆત:—

સન ૧૯૯૧--૯૨ના વર્ષ માટેનું રૂા. ૨૦,૫૧,૪૨,૫૬,૦૦૦નું ખર્ચનું પૂરક પત્રક બુધવાર, તા. ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂા. ૧૩,૭૫,૨૩,૬૫,૦૦૦ અને બિનમતપાત્ર રકમ રૂા. ૬,૭૬,૧૮,૯૧,૦૦૦ હતી.

(ખ) પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન:—

પૂરક માગણીઓ ઉપર તા. ૧૯મી ફેબ્રુઆરી ૧૯૯૨ અને ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૨ એમ કુલ ૨ દિવસ દરમિયાન ચર્ચા અને મતદાન કરવામાં આવ્યું હતું. કુલ ૯૧ માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. તેમાંથી ૨૪ માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. જે સભાગૃહ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવતાં, બધી માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક—૧૯) તે સિવાયની બાકી રહેલ ૬૭ માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી. ત્યાર બાદ મંગળવાર, તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહે પસાર કર્યુ હતું.

(ગ) કાપ દરખાસ્તો:—

પૂરક માગણીઓ ઉપર ૧૨૮ કાપ દરખાસ્તો આવી હતી. તેમાંથી ૯૫ કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલ ૯૫કાપદરખાસ્તો પૈકી સરખા વિષયની કાપ-દરખાસ્તોની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામો જોડતાં કુલ-૫૮ કાપ દરખાસ્તોની એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત કાપદરખાસ્તો જે તે દિવસોએ મત માટે મૂકવામાં આવી હતી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો.

૨૧. વૈધાનિક પ્રસ્તાવો (નિયમ ૧૦૦) :

અગાઉના સત્રમાં દાખલ કરવામાં આવેલ સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાનો નિયમ ૧૦૦ અન્વયેનો વૈધાનિક પ્રસ્તાવ સમયના અભાવે ચાલુ સત્રમાં પણ હાથ ધરી શકાયો ન હતો. (પત્રક ક્રમાંક-૨૦).

૨૨. ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ ૧૦૧).

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૧ હેઠળ જેની ચર્ચા માટેના દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવોની કુલ -૩૩ સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓમાંથી વાહનવ્યવહાર મંત્રીશ્રી રામસિંહ પરમારની સૂચના તથા નાણામંત્રીશ્રી છબીલદાસ મહેતાની સૂચના નિયમ--૧૦૧ની ક્ષેત્ર મર્યાદામાં આવતી ન હોવાથી, આ બંને સૂચનાઓ નિયમ-૯૩ અન્વયે દાખલ કરવામાં આવી હતી અને તદનુસાર આ બંને પ્રસ્તાવ સભાગૃહમાં ચર્ચા માટે હાથ ધરવામાં આવ્યા હતા. બાકીની ૩૧ સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓના સભ્યશ્રીઓના નામો જોડતાકુલ-૧૭ સૂચનાઓદાખલ કરવામાં આવી હતી. તેમાંથી દુષ્કાળની આફતને પહોંચી વળવા

અસરકારક પગલાં ભરવા બાબતની સભ્યશ્રી અશોકભટ્ટની એક સૂચના તા. ૨જી એપ્રિલ, ૧૯૯૨ના રોજ સભાગૃહમાં ચર્ચા માટે હાથ ધરવામાં આવી હતી અને બાકીની ૧૬ સૂચનાઓ સમયના અભાવે ચર્ચા માટે હાથ ધરી શકાઈ ન હતી.

(જુઓ પત્રક ક્રમાંક—૨૧).

૨૩. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ—૧૦૨)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરતી કુલ -૪૭ સૂચનાઓ મળી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામોનું બેલટ તા. ૨૧મી માર્ચ ૧૯૯૨ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં પ્રથમ ક્રમે આવેલ સભ્યશ્રી વિઠ્ઠલભાઈ શાહે 'બંધ મિલો સત્વરે ચાલુ કરી કામદારોને રોજગારી પૂરી પાડવા આ સરકાર શું પગલાં લેવા ધારે છે તે અંગેનો સમય બધ્ધ કાર્યક્રમ ઘડી કાઢી તેનો અમલ કરવા, એક શ્વેતપત્ર તૈયાર કરવા અંગેના પ્રસ્તાવની સૂચના આપી હતી. જે દાખલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવ પર તા. ૩જી એપ્રિલ ૧૯૯૨ના રોજ સભાગૃહમાં ચર્ચા થઈ હતી.

૨૪. ટૂંક સમયની ચર્ચા (નિયમ—૧૧૨)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંકસમયનીચર્ચાઉપસ્થિતકરવામાટેની કુલ ૪ સૂચનાઓ આવી હતી. જે બધીજ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી.

૨૫. ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ -૧૧૬) :

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માટે કુલ ૬૮૮ સૂચનાઓ આવી હતી. જેમાંથી ૫૧૮ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. બાકીની ૧૭૦ સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓ સભ્યશ્રીઓના નામો જોડતાં કુલ ૧૩૭ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. સભ્યશ્રી સભાગૃહમાં હાજર ન હોવાથી એકસૂચના ઉપર નિવેદન થઈ શકયું ન હતું. બાકીની ૧૬ સૂચનાઓ ઉપર સંબંધિત મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નિવેદનકર્યા હતા.

(જુઓ પત્રક ક્રમાંક -૨૨)

૨૬. નિયમ—૪૪ હેઠળ મંત્રીશ્રીઓનાં નિવેદનો :

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળ જાહેર અગત્યની બાબત પર સંબંધિત મંત્રીશ્રીઓ તરફથી કુલ ૫ નિવેદન સભાગૃહમાં કરવામાં આવ્યાં હતા. નિવેદનના વિષય માટે (જુઓ પત્રક ક્રમાંક -૨૩).

૨૭. **બિનસરકારી સંકલ્પો (નિયમ--૧૧૭).**

બિન-સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા. ૨૦મી ફેબ્રુઆરી ૧૯૯૨, તા. ૧મી માર્ચ ૧૯૯૨ અને તા. ૧૭મી માર્ચ ૧૯૯૨ એમ કુલ ત્રણ દિવસ ફાળવવામાં આવ્યા હતા. દરેક દિવસ માટે બિન સરકારી સંકલ્પ રજુ કરવાની ઈચ્છા વ્યકત કરતી અનુક્રમે ૩૯, ૬૮ અને ૫૦ સૂચનાઓ મળી હતી. બેલટમાં આવેલ સભ્યશ્રીઓ પૈકી પ્રથમ દિવસ માટે બે સભ્યશ્રીઓએ અને બીજા તેમજ ત્રીજા દિવસ માટે ત્રણ ત્રણ સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના આપી હતી. જે બધીજ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૭(૧)ના પરંતુક મુજબ દરેક દિવસે બબ્બે સંકલ્પો ઉપર સભાગૃહમાં ચર્ચા થઈ હતી. સંકલ્પોના વિષય માટે **(જુઓ પત્રક ક્રમાંક--૨૪).**

વિશેષાધિકાર ભંગના પ્રશ્નો

૨૮. આ સત્ર દરમિયાન વિશેષાધિકાર ભંગના પ્રશ્નની ૯ સૂચનાઓ મળી હતી, જે પૈકી ૭ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. જયારે બે સૂચના તપાસ અને અહેવાલ માટે વિશેષાધિકાર સમિતિને સોંપવામા આવી છે. આ ઉપરાંત વિશેષાધિકાર ભંગનો એક મુદ્દો વિધાનસભાના નિયમોના નિયમ ૨૫૬ (૨) અન્વયે વિચારણા અને અહેવાલ માટે વિશેષાધિકાર સમિતિને સોંપવામાં આવ્યો છે.

સભાગૃહના અવમાનના કિસ્સા ;

૨૯. (૧) સત્ર દરમિયાન તા. ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૨ના રોજ તાકીદની જાહેર અગત્યની બાબત પૂરી થયા બાદ તરતજ ભારતીય જનતા પક્ષના કેટલાક સભ્યોએ સભાગૃહમાં સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું હતું. માનનીય અધ્યક્ષશ્રીએ સૂત્રોચ્ચાર કરતા સભ્યશ્રીઓને બેસી જવા તથા શાંતિ જાળવવા માટે સૂચના આપી તેમ છતાં સૂત્રોચ્ચાર ચાલુ રહેતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહ બપોરના ૨-૦૦ વાગ્યાથી ૩-૧૫ સુધી મુલતવી રાખ્યું. સભાગૃહ મુલતવી રહયા બાદ ફરી જ્યારે બેઠક મળી કે તુરત જ ભા. જ. પ. ના સભ્યોએ સતત સુત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું. માનનીય અધ્યક્ષશ્રીએ તેઓ સામે કડક પગલાં લેવાની ચેતવણી આપી ત્યાર બાદ ભા.જ.પ.ના તમામ સભ્યો (શ્રી અશોક ભટ્ટ સિવાય) સભાત્યાગ કરી ગયા હતા.

(૨) તા. ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ પ્રશ્નોત્તરીના અંત ભાગમાં સગીર વયના એક પ્રેક્ષકે અધ્યક્ષશ્રીની દીર્ઘામાંથી પત્રિકાઓ ફેંકી સૂત્રોચ્ચાર કર્યા હતા. મા. મુખ્યમંત્રીશ્રીએ સૂચવ્યું હતું કે ગૃહના અવમાન માટે જેની ધરપકડ કરવામાં આવી છે તેની સગીર વય લક્ષમાં લઈને બીજી કોઈ સજા કરવાને બદલે માત્ર ચેતવણી આપીને જવા દેવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રીએ મુખ્યમંત્રીશ્રીના સૂચનાનો સ્વીકાર કર્યો હતો અને અવમાનકર્તાને ચેતવણી આપીને છોડી મૂકવામાં આવ્યો હતો.

(૩) તા. ૨૦મી ફેબ્રુઆરી ૧૯૯૨ના રોજ પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન પ્રેક્ષક દીર્ઘામાંથી કેટલાંક પ્રેક્ષકોએ સુત્રોચ્ચાર કર્યા હતા. આ પ્રકારના અવમાન માટે સંસદીય બાબતોના મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કરીને અવમાનકર્તાઓને ગૃહની તે દિવસની બેઠક પૂરી થાય ત્યાં સુધી અટકાયતમાં રાખવા દરખાસ્ત કરી હતી જેનો સ્વીકાર થતાં સભાગૃહની બેઠક પૂરી થઈ ત્યાંસુધી અવમાનકર્તાને અટકાયતમાં રાખવામાં આવ્યા હતા અને ત્યારબાદ છોડી મૂકવામાં આવ્યા હતા.

(૪) તા. ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ ડુંગળીના પોષણક્ષમ ભાવ અંગેના મુદ્દાની ચર્ચા દરમિયાન ભા. જ. પ. ના કેટલાક સભ્યશ્રીઓએ ઉભા થઈને સુત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું હતું. માનનીય અધ્યક્ષશ્રીએ સૂત્રોચ્ચાર કરતા આ સભ્યોને બેસી જવા માટે અને સૂત્રોચ્ચાર બંધ કરવા માટે ચેતવણી આપી હતી. તેમછતાં સૂત્રોચ્ચાર ચાલુ રહેતાં મા. અધ્યક્ષશ્રીએ સૂત્રોચ્ચાર કરનાં સભ્યોને તે દિવસ માટે સભાગૃહની બેઠક છોડી જવા માટેનો આદેશ આપ્યો હતો. આમછતાં પણ સૂત્રોચ્ચાર ચાલુ રહેતાં સૂત્રોચ્ચાર કરતા સભ્યશ્રીઓને ગૃહમાંથી બહાર કાઢવા માનનીય અધ્યશ્રીએ સલામતી અધિકારીઓને આદેશ આપ્યો હતો. આ આદેશનો અમલ થાય તે પહેલા માનનીય મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલે સભાગૃહને અડધા કલાક માટે મુલતવી રાખવા સૂચન કર્યુ હતું. જેનો મા. અધ્યક્ષશ્રીએ સ્વીકાર કર્યો હતો. અને સભાગૃહને ૧-૩૦ થી ૨-૦૦ વાગ્યા સુધી અડધો કલાક માટે મુલતવી રાખ્યું હતું. સભાગૃહ ફરીથી મળતાં સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતા, શ્રી મનોહરસિંહજી જાડેજા, શ્રી અશોક ભટ્ટ શ્રી શકિતસિંહ ગોહિલ વગેરે સભ્યોએ તથા ઉપાધ્યક્ષ શ્રી મનુભાઈ પરમાર અને મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલ પણ ગૃહમાં થયેલા સૂત્રોચ્ચાર અંગે રજુઆત કરી પોતાના મંતવ્યો વ્યકત કર્યા હતા. માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહમાં અવારનવાર થતાં સૂત્રોચ્ચારના બનાવો અંગે પોતાની નારાજગી વ્યકત કરી હતી અને ભવિષ્યમાં આવા બનાવોના પુનરાવર્તન ન થાય તે માટે કાળજી રાખવા સૂચન કર્યું હતું સૂત્રોચ્ચાર કરનાર સભ્યશ્રીએ સભાગૃહની બહાર જવા માટે માનનીય અધ્યક્ષશ્રીએ આપેલ આદેશ અંગે પુનર્વિચારણા કરવા માટેની સભ્યશ્રીઓની વિનંતી ધ્યાનમાં લઈને અધ્યક્ષશ્રીએ પોતાનો આદેશ પાછો ખેંચી લીધો હતો.

(૫) તા. ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ પ્રેક્ષક દીર્ઘામાંથી કેટલીક મહિલાઓએ સૂત્રોચ્ચાર કરીને પત્રિકાઓ ફેંકી હતી, માનનીય કાયદામંત્રીશ્રી શશીકાન્ત લાખાણીએ અવમાન કર્તાઓને ગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધી અટકાયતમાં રાખવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. તદ્નુસાર અવમાનકર્તા મહિલાઓને ગૃહની બેઠક પૂરી થઈ ત્યાં સુધી અટકાયતમાં રાખવામાં આવી હતી. અને ત્યારબાદ મુકત કરવામાં આવી હતી.

(૬) તા. ૨૬મી માર્ચ, ૧૯૯૨ ના રોજ પ્રશ્નોત્તરી દરમિયાન પ્રેક્ષક દીર્ઘામાંથી કેટલાક પ્રેક્ષકોએ સૂત્રોચ્ચાર કર્યા હતા અને પત્રિકાઓ ફેંકી હતી. સલામતી દળના સભ્યોએ તેમને અટકાયતમાં લીધા હતા. ત્યારબાદ કાયદા મંત્રી શ્રી શશીકાન્ત લાખાણીએ અવમાનકર્તાઓને સભાગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધી અટકાયતમાં રાખવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. સભાગૃહ દ્વારા પ્રસ્તાવનો સ્વીકાર થતાં અવમાનકર્તાઓને ગૃહની તે દિવસની બેઠક પૂરી થાય ત્યાં સુધી અટકાયતમાં રાખવામાં આવ્યા હતા. અને ત્યારબાદ છોડી મૂકવામાં આવ્યા હતા.

(૭) તા. ૨જી એપ્રિલ, ૧૯૯૨ ના રોજ ૨-૨૦ કલાકે ગૃહની પ્રેક્ષક દીર્ઘામાંથી કેટલાક પ્રેક્ષકોએ સૂત્રોચ્ચાર કર્યો હતો અને પત્રિકાઓ ફેંકી હતી. સલામતી દળના સભ્યોએ તેમની ધરપકડ કરીને તેઓને દીર્ઘામાંથી દૂર કર્યા હતા. ત્યારબાદ સંસદીય બાબતોના મંત્રી શ્રી દિનશા પટેલે અવમાનકર્તાઓને સભાગૃહનું સત્ર પૂરું થાય ત્યાં સુધી એટલે કે બીજા દિવસની બેઠક પૂરી થાય ત્યાં સુધીની અટકાયતની શિક્ષા કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. સભાગૃહે પ્રસ્તાવ પસાર કરતાં અવમાનકર્તાઓને સજા ભોગવવા સાબરમતી સેન્ટ્રલ જેલ, અમદાવાદ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. તે જ દિવસે બપોરના ૩-૩૫ વાગ્યે ફરીથી સૂત્રોચ્ચાર કરવાનો અને પત્રિકાઓ ગૃહમાં ફેંકવાનો બીજો બનાવ બન્યો હતો તે કિસ્સામાં સભાગૃહે પણ અવમાન કર્તાઓને ઉપર મુજબ શિક્ષા કરી હતી.

ઔચિત્ય ભંગના મુદ્દા –

૩૦. સત્ર દરમિયાન ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કરવાની પરવાનગી માગતી એક સૂચના મળી હતી. જે મા. અધ્યક્ષશ્રીએ નામંજૂર કરી હતી.

તદ્‌ઉપરાંત સભાગૃહમાં ઔચિત્યભંગના ઉપસ્થિત કરવામાં આવેલા મુદ્દાઓની વિગતો નીચે મુજબ છે.

(૧) તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૨ ના રોજ સભ્યશ્રી અશોક ભટ્ટે પીપાવાવ બંદરનો ખાનગી કંપની દ્વારા થનાર વિકાસ સંબંધે એક દૈનિકના સમાચાર પ્રત્યેધ્યાન દોરીને ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે બંદરોના ખાનગીકરણ અંગેની નીતિવિષયક જાહેરાત ગૃહના ચાલુ સત્ર દરમિયાન સૌ પ્રથમ ગૃહમાં કરવાને બદલે ગુજરાત મેરી ટાઈમ બોર્ડના અધ્યક્ષે સભાગૃહની બહાર કરી હતી ને તેથી ગૃહનું ઔચિત્ય જળવાયું ન હતું.

આ મુદ્દા સંબંધમાં સભાગૃહની બહાર જે જાહેરાત કરવામાં આવી હતી તે મંત્રીશ્રી દ્વારા નહિ, પરંતુ મેરી ટાઈમ બોર્ડના અધ્યક્ષ દ્વારા કરવામાં આવી હતી તેમજ જે બાબતની જાહેરાત કરવામાં આવી હતી તે બાબત અંગે મુખ્ય મંત્રીશ્રીએ સભાગૃહમાં અગાઉ પ્રસંગોપાત માહિતી આપી જ હતી. તેથી માન. અધ્યક્ષશ્રીએ શ્રી અશોક ભટ્ટે ઔચિત્ય ભંગનો મુદ્દો નામંજૂર કર્યો હતો.

(૨) તા. ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૨ના રોજ સભ્યશ્રી અશોક ભટ્ટે ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે તા. ૩જી માર્ચ, ૧૯૯૨ના રોજ મળેલી કોંગ્રેસ પક્ષની બેઠકમાં મા. મુખ્યમંત્રીશ્રી અને મા. મહેસૂલ મંત્રીશ્રી ઉપસ્થિત રહયા હતા. અને તેમણે તેમાં જાહેરાત કરી હતી કે રાજયમાં દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારોમાંથી જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો, જિલ્લા સહકારી બેન્કો અને પાંજરાપોળના ટ્રસ્ટો તરફથી ઢોરવાડા શરૂ કરવાની માંગણી આવશે તો એક હજાર ઢોરની મર્યાદામાં ઢોરવાડા શરૂ કરવા માટેની મંજૂરી આપવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગેનું નિવેદન વર્તમાનપત્રોમાં પણ પ્રસિધ્ધ થયું હતું. આમ સરકારના નીતિવિષયક નિર્ણયની સભાગૃહ બહાર જાહેરાત કરીને મંત્રીશ્રીઓએ સભાગૃહનું ઔચિત્ય જાળવ્યું ન હતું. પ્રસ્તુત મુદ્દા સંબંધે માન. મુખ્યમંત્રીશ્રી તથા અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માન. અધ્યક્ષશ્રીએ તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૨ના રોજ નિર્ણય આપતાં જણાવ્યું કે રાજકીય પક્ષની બેઠકમાં મંત્રીશ્રીઓએ કરેલી જાહેરાતને ઔચિત્ય ભંગનો મુદ્દો ગણવામાં આવતો નથી. માન. અધ્યક્ષશ્રીએ શ્રી ભટ્ટનાં ઔચિત્ય ભંગના મુદ્દાનો અસ્વીકાર કર્યો હતો.

(૩) વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થયેલા અહેવાલોનો સંદર્ભ આપીને તા. ૧૭મી માર્ચ, ૧૯૯૨ ના રોજ સભ્યશ્રી અશોક ભટ્ટે ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે ગૃહની બેઠક

ચાલુ હોવા છતાં માન. શિક્ષણ મંત્રીશ્રીએ તા. ૧૪મી માર્ચ, ૧૯૯૨ના રોજ શિક્ષકોના પ્રશ્નો સંબંધમાં થયેલ સમાધાનની વિગતો પ્રેસનોટ દ્વારા વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરી સરકારના નીતિ વિષયક નિર્ણયની જાહેરાત ગૃહ બહાર કરી સભાગૃહના ઔચિત્યનો ભંગ કર્યો હતો. આ મુદ્દા સંબંધે સભાગૃહમાં સ્પષ્ટતા કરતાં માન. શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે કોઈ નીતિ વિષયક નિર્ણયની જાહેરાત કરવામાં આવી ન હતી. શિક્ષકોને તેમના પ્રશ્નો ઉપર સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવામાં આવશે તેમ જણાવી તેમની હડતાલ અને આંદોલન પાછું ખેંચી લેવા વિનંતી કરવામાં આવી હતી. ત્યારબાદ નાણા વિભાગ અને શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે બેઠકો થઈ હતી અને ચર્ચાઓ ચાલી રહી હતી પ્રસ્તુત બાબતમાં કોઈ આખરી નિર્ણય લેવામાં આવ્યો ન હતો. મા. અધ્યક્ષશ્રીએ તા. ૨૪મી માર્ચ, ૧૯૯૨ના રોજ નિર્ણય આપતાં જણાવ્યું કે પોતે પ્રસ્તુત મુદ્દા અંગે વિગતવાર તપાસ કરી હતી. વર્તમાનપત્રોના સમાચારોની વિગતો જોતો જ સ્પષ્ટ થતું હતું કે પ્રસિધ્ધ થયેલા સમાચારો પ્રેસનોટના આધારે પ્રસિધ્ધ થયા ન હતા તેમજ મંત્રીશ્રી દ્વારા હડતાલના સમાધાન અંગે જાહેરાત કરવામાં આવી ન હતી. માન. અધ્યક્ષશ્રીએ શ્રી અશોક ભટ્ટના ઔચિત્ય ભંગનો મુદ્દો નામંજૂર કર્યો હતો.

પોઈન્ટ ઓફ ઓર્ડર

૩૧. સત્ર દરમ્યાન ૩૭ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યા હતા, તેમાંથી ૩૧ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા હતા એટલે કે ૮૪ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા હતા અને ૬ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા ન હતા, એટલે કે ૧૬ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા ન હતા.

યાદગાર પ્રસંગો

૧. સૂત્રોચ્ચાર :

૩૨. તા. ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ ભારતીય જનતાપક્ષના માનનીય સભ્યશ્રીઓએ સભાગૃહમાં સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કરી દીધું હતું. માન. સભ્યશ્રીઓને બેસી જવા અને શાંતિ જાળવવા માન. અધ્યક્ષશ્રીએ વિનંતી કરેલ. પરંતુ સૂત્રોચ્ચાર ચાલુ રહેતાં સભાગૃહની બેઠક બપોરના ૨--૦૪ વાગ્યાથી ૩--૧૫ વાગ્યા સુધી મુલતવી રહી હતી. તે પછી બેઠક મળી કે તરત જ ભારતીય જનતાપક્ષના માનનીય સભ્યશ્રીઓએ સતત સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કરતાં માન. અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે સભાગૃહમાં જો આ રીતે ચલાવવાનું હોય તો તેમણે બીજી રીતે વિચાર કરવો પડશે. તે પછી ભારતીય જનતાપક્ષના (શ્રી અશોક ભટ્ટ સિવાય) તમામ સભ્યો સભાત્યાગ કરી ગયા હતા.

૨. અધ્યક્ષશ્રીનું અવલોકન અને ચેતવણી :

સભ્યશ્રી ઉદેસિંહ બારીયાએ તા. ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ ગૃહમાં ફ્લોર ક્રોસ કરીને માનનીય મુખ્ય મંત્રીશ્રીને અછત રાહત પર મજૂરોને ચૂકવાતી રોજી અંગેની ગેંગબુક આપી, તેની માન. અધ્યક્ષશ્રીએ ગંભીરતાથી નોંધ લીધી અને ભવિષ્યમાં આવું વર્તન નહિ કરવા સભ્યશ્રીને ચેતવણી આપી.

૩. સભાગૃહમાં થયેલ સૂત્રોચ્ચાર :

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ સભાગૃહમાં ભારતીય જનતાપક્ષના સભ્યોએ ઉભા થઈને સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કરી દીધું હતું તે બંધ કરવાની માન. અધ્યક્ષશ્રીની ચેતવણીની કાંઈ અસર નહિ થતાં સૂત્રોચ્ચાર કરનારાઓને સભાગૃહમાંથી બહાર કાઢવા સલામતી અધિકારીઓને માન. અધ્યક્ષશ્રીએ આદેશ આપ્યો હતા. પરંતુ તેનો અમલ કરવામાં આવે તે પહેલાં ઉપસ્થિત થયેલી પરિસ્થિતિ ધ્યાનમાં લઈ માન. અધ્યક્ષશ્રીએ સભાગૃહને બપોરના ૧--૩૨ થી ૨--૦૦ વાગ્યા સુધી મુલતવી રાખ્યું હતું.

ગૃહની બેઠક ફરીને મળી ત્યારે સભ્યશ્રીઓએ રજૂ કરેલા મંતવ્યો સાંભળ્યા બાદ. માન. અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, અવારનવાર જે સૂત્રોચ્ચાર થાય છે તે કાઈ રીતે ચલાવી શકાય નહિ. તેમ છતાં સભ્યશ્રીઓએ બહાર જવા માટે માન. અધ્યક્ષશ્રીએ આપેલા આદેશની પુનર્વિચારણા કરવામાં આવી. ખેદ સાથે તેમણે પોતે અગાઉ કેટલાક સભ્યશ્રીઓને સભાગૃહની બહાર કાઢવાનો આપેલો આદેશ પાછો ખેંચ્યો હતો.

૪. પ્રશ્નોત્તરીના સમયમાં મૌન :

તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ પ્રશ્નોત્તરી દરમિયાન ભારતીય જનતાપક્ષના સભ્યશ્રીઓ પ્રશ્નો પૂછવા ઉભા ન થતાં મૌન રહયા.

૫. રેકોર્ડ સમયની બેઠકો :

તા. ૧૭મી માર્ચ, ૧૯૯૨ના રોજ ગૃહની બે બેઠકો હતી. પ્રથમ બેઠક સવારે ૯--૩૦ વાગ્યે મળી હતી, તે બપોરના ક. ૧--૧૬ વાગ્યે પૂરી થઈ હતી. બીજી બેઠક બપોરના ક. ૨--૩૦ વાગ્યે શરૂ થઈ હતી તે રાતના ૧૧--૩૪ વાગ્યે પૂરી થઈ હતી. આમ દિવસ દરમિયાન બે બેઠકોમાં કુલ ૧૪ કલાક ૧૦ મિનિટ સુધી ગૃહની કાર્યવાહી ચાલી હતી. ઉલ્લેખનીય છે કે ઉકત બીજી બેઠકમાં કુલ ૯--૦૪ કલાકની કામગીરી કરીને વિધાનસભાએ અગાઉનો તા. ૧૨મી ઓગષ્ટ, ૧૯૭૧ ની બેઠક -(૭--૧૨ કલાકની કામગીરી)નો રેકોર્ડ (તોડીને) નવો વિક્રમ સ્થાપિત કર્યો છે.

નાણાંકીય સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી :

૩૩. મા. અધ્યક્ષશ્રીએ તા. ૨જી એપ્રિલ, ૧૯૯૨ના રોજ વિધાનસભાની નીચે દર્શાવેલ ચાર નાણાંકીય સમિતિઓ ઉપર સને ૧૯૯૨--૯૩ના વર્ષ માટે આ સાથેના પત્રક ક્રમાંક: ૨૫માં જણાવ્યા પ્રમાણે સભ્યોને ચૂંટાયેલા જાહેર કર્યા.

૧. જાહેર હિસાબ સમિતિ.

૨. અંદાજ સમિતિ.

૩. જાહેર સાહસો માટેની સમિતિ:--

૪. પંચાયતી રાજ સમિતિ.

વિધાનસભાની સમિતિઓ ઉપર સભ્યોની નિમણૂંક.

૩૪. વિધાનસભાના નિયમો લેકળ બે સમિતિઓ ઉપર માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યોની નિમણૂક કરવાની હોય છે, એવી વિવિધ સમિતિઓની રચના કરવાની કાર્યવાહી સત્ર દરમિયાન હાથ ધરવામાં આવી હતી અને તે માટે વિવિધ પક્ષોના દંડકો તરફથી સભ્યોના નામો સમયસર મળી શકયા ન હોવાથી આ સમિતિઓની રચના સત્ર પૂરું થયા પછી તા. ૧૦મી એપ્રિલ, ૧૯૯૨ના રોજ કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક : ૨૬)

જુદી જુદી યુનિ.ઓના સેનેટ.કોર્ટ પર સભ્યોની ચૂંટણી

૩૫. માનનીય અધ્યક્ષશ્રીએ તા. ૨૭મી માર્ચ, ૧૯૯૨ના રોજ સભાગૃહમાં જાહેરાત કરીને ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક જગ્યા માટે ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિ તરીકે શ્રી પોપટલાલ વી. પટેલને ચૂંટાયેલા જાહેર કર્યા.

સમીતીની બેઠકો

૩૬. સત્ર દરમિયાન નીચે જણાવેલ સમિતિઓની બેઠકો મળી હતી.

અ. નં.	સમિતિનું નામ	બેઠકની તારીખ
૧	૨	૩
૧.	કામકાજ સલાહકાર સમિતિ	૧૧--૨--૯૨ ૧૮--૨--૯૨ ૨૪--૨--૯૨ ૧--૩--૯૨ ૧૩--૩--૯૨ ૧૭--૩--૯૨ ૨૪--૩--૯૨ ૨૧--૩--૯૨ ૨૬--૩-૯૨
૨.	બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ	૧૧--૨--૯૨ ૧૮--૨--૯૨ ૨૫--૨--૯૨

અ. નં.	સમિતિનું નામ	બેઠકની તારીખ
૧	૨	૩
		૩--૩--૯૨
		૧૦--૩--૯૨
		૧૩--૩--૯૨
		૨૫--૩--૯૨
૩.	અંદાજ સમિતિ	૨૬--૨--૯૨
		૫--૩--૯૨
૪.	અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ	૪--૩--૯૨
		૧૧--૩--૯૨
		૧૭--૩--૯૨
		૧--૪--૯૨
૫.	અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ	૧૦--૩--૯૨
		૧૭--૩--૯૨
		૨૪--૩--૯૨
૬.	સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ	૨૦--૨--૯૨
૭.	પંચાયતી રાજ સમિતિ	૧૮--૨--૯૨
૮.	ગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ	--
૯.	સદસ્ય નિવાસ સમિતિ	
૧૦.	વિશેષાધિકાર સમિતિ	૫--૩--૯૨
૧૧.	સિદ્દુમ્બરમાં બનેલા ગોળીબારના બનાવ સંદર્ભમાં તપાસ કરવા નિમાયેલી સમિતિ	૧--૪--૯૨
૧૨.	કચ્છ જિલ્લામાં સૂરજબારી ગામે અછત રાહતનાં કામોમાં કામ કરતી એક વ્યકિતના ભૂખમરાથી થયેલ મૃત્યુ સંબંધમાં નિમાયેલ તપાસ પંચ.	૧૨-૩--૯૨

વિધાનસભામાં રજૂ થયેલાં/ચર્ચાયેલા ગૃહની સમિતિના અહેવાલો

૩૭. સત્ર દરમિયાન નીચે જણાવેલ અહેવાલો/પગલાંના પત્રકો સભાગૃહમાં રજૂ થયા હતા/ચર્ચાયા હતા.

સમિતિ ૧	અહેવાલ રજૂ થયા તારીખ ૨	અહેવાલ ચર્ચાયા તારીખ ૩
૧. કામકાજ સલાહકાર સમિતિ :		
(૧) આગણીસમો અહેવાલ	૧૨--૨--૯૨	૧૨--૨--૯૨
(૨) વીસમો અહેવાલ	૧૯--૨--૯૨	૧૯--૨--૯૨
(૩) એકવીસમો અહેવાલ	૨૫--૨--૯૨	૨૫--૨--૯૨
(૪) બાવીસમો અહેવાલ	૬--૩--૯૨	૬--૩--૯૨
(૫) ત્રેવીસમો અહેવાલ	૧૭--૩--૯૨	૧૭--૩--૯૨
(૬) ચોવીસમો અહેવાલ	૧૭--૩--૯૨	૧૭--૩--૯૨
(૭) પચીસમો અહેવાલ	૨૬--૩--૯૨	૨૬--૩--૯૨
૨. બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ :		
(૧) ચૌદમો અહેવાલ	૧૨--૨--૯૨	૧૨--૨--૯૨
(૨) પંદરમો અહેવાલ	૧૯--૨--૯૨	૧૯--૨--૯૨
(૩) સોળમો અહેવાલ	૨૬--૨--૯૨	૨૬--૨--૯૨
(૪) સત્તરમો અહેવાલ	૪--૩--૯૨	૪--૩--૯૨
(૫) અઢારમો અહેવાલ	૧૧--૩--૯૨	૧૧--૩--૯૨
(૬) ઓગણીસમો અહેવાલ	૧૭--૩--૯૨	૧૭--૩--૯૨
(૭) વીસમો અહેવાલ	૨૬--૩--૯૨	૨૬--૩--૯૨

૧	૨	૩
૩. અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ :		
(૧) અગિયારમો અહેવાલ	૧૧--૩--૯૨	...
(૨) બારમો અહેવાલ	૧૧--૩--૯૨	...
(૩) તેરમો અહેવાલ	૧૭--૩--૯૨	...
(૪) ચૌદમો અહેવાલ	૧૭--૩--૯૨	...
(૫) પંદરમો અહેવાલ	૨૪--૩--૯૨	...
(૬) સોળમો અહેવાલ	૩--૪--૯૨	...
૪. અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ :		
(૧) ત્રીજો અહેવાલ	૧૨--૩--૯૨	...
(૨) ચોથો અહેવાલ	૨૬--૩--૯૨	...
૫. અંદાજ સમિતિ :		
(૧) બીજો અહેવાલ	૩--૩--૯૨	...
(૨) ત્રીજો અહેવાલ	૧૧--૩--૯૨	...
(૩) ચોથો અહેવાલ	૧૧--૩--૯૨	...
૬. સરકારે આપેલી ખાતરીઓની માટેની સમિતિ :		
બીજો અહેવાલ (ભાગ--૧)	૫--૩--૯૨	...
૭. જાહેર સાહસો માટેની સમિતિ :		
(૧) ચોથો અહેવાલ	૧૨--૨--૯૨	...
(૨) સાતમી ગુજરાત વિધાનસભાના નવમા, દસમા, ચૌદમા, સોળમા અને એકવીસમા અહેવાલ તથા આઠમી વિધાનસભાના પહેલા અને બીજા અહેવાલનાં પૃગણાંના પંત્રકો.	૨૬--૨--૯૨	...

૧	૨	૩
૮. પંચાયતી રાજ સમિતિ :		
(૧) પહેલો અહેવાલ	૧૮--૨--૯૨	...
(૨) બીજો અહેવાલ	૨૫--૨--૯૨	...
૯. ગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ :		
ત્રીજો અહેવાલ	૨૭--૩--૯૨	૨૭--૩--૯૨
૧૦. જાહેર હિસાબ સમિતિ :		
(૧) આઠમી ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિનો પહેલો અહેવાલ	૧૯--૨--૯૨	..
(૨) સાતમી ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના સાતમા અહેવાલ પરના પગલાંના પત્રકો	૧૭--૩--૯૨	..
(૩) સાતમી ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના નવમા અહેવાલ પરના પગલાંના પત્રકો	૧૭--૩--૯૨	..
(૪) સાતમી ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના અગિયારમા અહેવાલ પરના પગલાંના પત્રકો	૧૭--૩--૯૨	..
(૫) સાતમી ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના તેરમા અહેવાલ પરના પગલાંના પત્રકો	૧૭--૩--૯૨	..
(૬) સાતમી ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના ચૌદમા અહેવાલ પરના પગલાંના પત્રકો	૧૭--૩--૯૨	..
૧૧. વિશેષાધિકાર સમિતિ :		
(૧) પહેલો અહેવાલ	૨૫--૨--૯૨	..

૧	૨	૩
(૨) બીજો અહેવાલ	૯--૩--૯૨	...
૧૨. સુત્રાપાડામાં બનેલા લઠ્ઠાકાંડ અંગેની તપાસ સમિતિ	૫--૩--૯૨	...
૧૩. સુરજબારી તપાસ પંચ	૩૧--૩--૯૨	...
૧૪. સિદુમ્બર પોલીસ ગોળીબાર સમિતિનો અહેવાલ.	૩--૪--૯૨	...

વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો (અધિસૂચનાઓ સિવાય)

૩૮. સત્ર દરમિયાન નીચેના કાગળો (અધિસૂચનાઓ સિવાય) વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

અ.નં.	વિગત	મેજ ઉપર મૂકયા તારીખ
૧	૨	૩
૧	ગુજરાત ફિલ્મ વિકાસ નિગમ લિ. નો સન ૧૯૯૦-૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૧૨-૨-૧૯૯૨
૨	ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિ. નો સન ૧૯૯૦-૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૧૨-૨-૧૯૯૨
૩	ગુજરાત રાજય પોલીસ હાઉસિંગ કોર્પોરેશન લિ. નો સન ૧૯૯૦-૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા	,,

૧	૨	૩
૪	ગુજરાત સ્લમ કલીઅરન્સ બોર્ડના સન ૧૯૮૭-૮૮ના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ, સરકારી હુકમો તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૧૨--૨--૧૯૯૨
૫	ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૧૯૮૭-૮૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારત કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ-નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબનું અંગેનું નિવેદન.	૧૭-૨-૧૯૯૨
૬.	ગુજરાત રાજ્ય મૂડી રોકાણ લિમિટેડનો સન ૧૯૯૦-૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણી તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૧૮-૨-૧૯૯૨
૭	ગુજરાત કોમ્યુનિકેશન એન્ડ ઈલેકટ્રોનિકસ લિમિટેડનો સન ૧૯૯૦-૯૧નો વાર્ષિક અહેવાલ હિસાબો, ઓડિટ અહેવાલ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા	૧૮-૨-૧૯૯૨
૮.	ગુજરાત રાજ્ય નિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૯૦-૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૧૮-૨-૧૯૯૨
૯	ગુજરાત રાજ્ય પેટ્રોરસાયણ નિગમ લિમિટેડનો સન ૧૯૦-૯૧ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૧૮-૨-૧૯૯૨
૧૦	ગુજરાત આદિજાતિ વિકાસ નિગમનો સન ૧૯૯૦-૯૧નો વાર્ષિક અહેવાલ હિસાબો, તથા ઓડિટ અહેવાલ.	૧૮-૨-૧૯૯૨
૧૧	ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૧૯૯૦-૯૧નો ઓડિટ અહેવાલ'	૧૯-૨-૧૯૯૨

૧	૨	૩
૧૨	ગુજરાત જાહેર સેવા આયોગના સન ૧૯૯૦-૯૧ નો વાર્ષિક અહેવાલ તથા આયોગની સલાહનો જે કિસ્સામાં સરકાર દ્વારા અસ્વીકાર કરવામાં આવેલ તેની સ્પષ્ટીકરણાત્મક યાદી.	૧૯-૨-૧૯૯૨
૧૩	ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૧૯૮૬-૮૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન	૧૯-૨-૧૯૯૨
૧૪	ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડનો સન ૧૯૮૯-૯૦ના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૧૯-૨-૧૯૯૨
૧૫.	ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૬-૮૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન	૧૯-૨-૧૯૯૨
૧૬.	ગુજરાત રાજ્ય હાથશાળ વિકાસ નિગમ લિમિટેડના સન ૧૯૮૯-૯૦ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન	૨૦-૨-૧૯૯૨
૧૭.	ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૧૯૮૯-૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન	૨૦-૨-૧૯૯૨
૧૮	ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૧૯૮૭-૮૯ (૧૮માસ) નો વાર્ષિક અહેવાલ હિસાબો ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો ટિપ્પણ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૧-૨-૧૯૯૨

૧	૨	૩
૧૯	ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૧૯૮૯-૯૦ તથા સન ૧૯૯૦-૯૧ના વાર્ષિક વહીવટી અહેવાલો તેમજ સન ૧૯૮૯-૯૦ ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન	૨૪-૨-૧૯૯૨
૨૦.	ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૧૯૮૯-૯૦નો વાર્ષિક અહેવાલ તથા સન ૧૯૮૯-૯૦નો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૫-૨-૧૯૯૨
૨૧.	ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડના સન ૧૯૯૦-૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા	૨૫-૨-૧૯૯૨
૨૨.	ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૧૯૯૦-૯૧નો વાર્ષિક અહેવાલ હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૨૭-૨-૧૯૯૨
૨૩.	ગુજરાત ટ્રેક્ટર નિગમ લિમિટેડનો સન ૧૯૯૦-૯૧નો વાર્ષિક અહેવાલ હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર, અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૨૭-૨-૧૯૯૨
૨૪.	ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમની સન ૧૯૮૭-૮૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન.	૨૭-૨-૧૯૯૨
૨૫.	ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું સન ૧૯૯૧-૯૨ના વર્ષ માટેનું અંદાજપત્ર તથા સન ૧૯૯૦-૯૧ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા આ અંદાજપત્રને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબનું નિવેદન.	૩-૩-૧૯૯૨
૨૬.	ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ નો સન ૧૯૮૯-૯૦નો વાપક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબનું નિવેદન.	૪-૩-૧૯૯૨

૧	૨	૩
૨૭.	ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૧૯૯૦-૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા	૪-૩-૧૯૯૨
૨૮.	ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૪-૮૫ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૬-૩-૧૯૯૨
૨૯.	ગુજરાત ગૃહનિર્માણ બોર્ડનો સન ૧૯૯૦-૯૧નો વાર્ષિક વહીવટી અહેવાલ.	૧૨-૩-૧૯૯૨
૩૦.	ગુજરાત ડેરી નિગમ લિમિટેડનો સન ૧૯૮૮-૮૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ ની ટિપ્પણ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૧૩-૩-૧૯૯૨
૩૧.	ગુજરાત કૃષિ વિશ્વ વિદ્યાલયનો સન ૧૯૮૯-૯૦નો વાર્ષિક અહેવાલ કૃષિ વિશ્વ વિદ્યાલયની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૧૯૮૧-૮૨, ૧૯૮૨-૮૩ અને ૧૯૮૩-૮૪નો વાર્ષિક હિસાબો ઓડિટ અહેવાલ પગલાંના નિવેદન તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૧૩-૩-૧૯૯૨
૩૨.	ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૯૦-૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો ટિપ્પણ તેમજ નિગમન. કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૧૩-૩-૧૯૯૨
૩૩.	ઈન્ડીયન ઓઈલ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૯૦-૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૧૭-૩-૧૯૯૨

૧	૨	૩
૩૪.	ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૧૯૯૦--૯૧ નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ સન ૧૯૯૦--૯૧ના સુધારેલા અંદાજો તથા સન ૧૯૯૧--૯૨ના અંદાજો તથા અંદાજોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન.	૨૬--૩--૧૯૯૨
૩૫.	ગુજરાત મત્સ્યોદ્યોગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૯૦--૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટ જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકાર ની સમીક્ષા.	૨૬--૩--૧૯૯૨
૩૬.	ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૯૦--૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.	૨૬--૩--૧૯૯૨
૩૭.	ગુજરાત વિદ્યુત બોર્ડનો સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૧૯૮૯--૯૦ના વાર્ષિક હિસાબો પત્રક તથા તે સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના નિવેદનો તથા સન ૧૯૯૨-૧૯૯૩નું વાર્ષિક નાણાંકીય વિવરણ પત્રક.	૨૬--૩--૧૯૯૨
૩૮.	ગુજરાત સ્લમ ક્લીઅરન્સ બોર્ડના સન ૧૯૮૮--૮૯ના વાર્ષિક હિસાબો, ઓડિટ રિપોર્ટ, સરકારી હુકમો તેમજ સન ૧૯૯૧--૯૨ તથા સન૧૯૯૨ ૯૩ના પ્રોગ્રામ તેમજ વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલને સભા-ગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન.	૨૭--૩--૧૯૯૨
૩૯.	ગુજરાત રાજ્ય વેરહાઉસ કોરપોરેશનનો સન ૧૯૯૦--૯૧નો વાર્ષિક અહેવાલ તથા હિસાબો.	૨૭--૩--૧૯૯૨
૪૦.	ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૯૦--૯૧નો વાર્ષિક અહેવાલ હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકાર ની સમીક્ષા.	૩૦-૩--૧૯૯૨
૪૧.	સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૧૯૯૦--૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર, જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા	૩૧--૩--૧૯૯૨

૧	૨	૩
૪૨.	ગુજરાત રાજ્ય કાપડ નિગમ લિમિટેડનો સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૩૧--૩--૧૯૯૨
૪૩.	અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૧૯૯૦--૯૧ નો વાર્ષિક વહીવટી અહેવાલ.	૩૧--૩--૧૯૯૨
૪૪.	ગુજરાત રાજ્ય તકેદારી આયોગનો (તા. ૧-૧-૯૦થી તા. ૩૧--૧૨--૯૦ સુધી) ની મુદતને આવરી લેતો ૨૭મો વાર્ષિક અહેવાલ તથા અહેવાલ રજૂ કરતી યાદી.	૧--૪--૧૯૯૨
૪૫.	ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન૧૯૮૬ ૮૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૩--૪--૧૯૯૨
૪૬.	અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ વિકાસ કમિશનરશ્રી નવી દિલ્હી-નો સન ૧૯૮૭--૮૯નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	——,,——
૪૭.	ગુજરાત સરકારના સન ૧૯૮૯--૯૦ના વર્ષના નાણાંકીય હિસાબો.	૨૬--૩--૧૯૯૨
૪૮.	ગુજરાત સરકારના સન ૧૯૮૯--૯૦ના વર્ષના વિનિયોગ હિસાબો	૨૬--૩--૧૯૯૨
૪૯.	ભારતના કોમ્પ્ટોલર અને ઓડિટર જનરલનો સન ૧૯૮૯--૯૦નાવર્ષનો ઓડિટ અહેવાલ (મુલ્કી.)	૨૬--૩--૧૯૯૨
૫૦.	ભારતના કોમ્પ્ટોલર અને ઓડિટર જનરલનો સન ૧૯૮૯--૯૦ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસુલી આવક)	૨૬--૩--૧૯૯૨
૫૧.	ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૧૯૮૯--૯૦ના વર્ષનો ઓડિટ અહેવાલ (વાણિજ્યક)	૨૬-૩-૧૯૯૨

સત્ર દરમ્યાન ખરેખર થયેલા કામ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી

૩૯. સત્ર દરમ્યાન જુદા જુદા કામ ખરેખર કઈ તારીખે હાથ પર લેવામા તે બતાવતી સભાઓની તારીખવાર યાદી પત્રક ક્રમાંક ૨૭ માં આપવામાં આવી છે.

રોજેરોજના કામકાજનો સારાંશ

૪૦. સત્ર દરમ્યાન વિધાનસભાએ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક ૨૮માં આપવામાં આવેલ છે.

વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો

૪૧. સત્ર દરમ્યાન જુદા જુદા કામમાં સભ્યોએ કેટલી વખત ભાગ લીધો તે પત્રક ક્રમાંક ૨૯માં આપવામાં આવેલ છે.

વિભાજન

૪૨. સત્ર દરમ્યાન વિભાજનને લગતી માહિતી પત્રક ક્રમાંક ૩૦માં આપવામાં આવી છે.

સભાત્યાગ

૪૩. (૧) તા. ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ ભાજપના સભ્યશ્રીઓએ "દસ કિલો અનાજની યોજના ચાલુ કરો" મધ્યાહન ભોજન યોજના બંધ કરો એવા સતત સુત્રોચ્ચાર કર્યા અને ત્યારબાદ ભાજપના હાજર રહેલા સભ્યશ્રીઓમાંથી શ્રી અશોક ભટ્ટ સિવાયના તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

(૨) તા. ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા માટે થયેલ સમજુતિ પ્રમાણે અમલ થતો નથી તેમ જણાવી તેના વિરોધમાં ભારતીય જનતા પક્ષના હાજર રહેલા તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

(૩) તા. ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ શ્રી ઉદેસિંહ બારિયાએ પ્રશ્નોત્તરીના સમય દરમિયાન પૂરક પ્રશ્નો પૂછવાનો સતત આગ્રહ રાખ્યો પરંતુ એમને તક મળી નહિ તેથી નારાજ થઈ તેઓએ સભાત્યાગ કર્યો.

(૪) તા. ૧૦મી માર્ચ, ૧૯૯૨ના રોજ પહેલી બેઠકમાં સભ્યશ્રી લક્ષ્મણસિંહ મો. પરમાર અને સભ્યશ્રી મહેન્દ્ર લી. મશરૂને માગણીઓ પરની ચર્ચામાં ભાગ લેવાની તક ન મળતાં નારાજ થઈને સભાત્યાગ કર્યો.

(૫) તા. ૧૧મી માર્ચ, ૧૯૯૨ના રોજ તાકીદની જાહેર અગત્યની બાબત પરના માનનીય મંત્રીશ્રીના જવાબથી અસંતોષ થતા સભ્યશ્રી નલિનભાઈ ભટ્ટ સિવાયના હાજર રહેલા ભારતીય જનતા પક્ષના તમામ સભ્યશ્રીઓએ અને સભ્યશ્રી પ્રવિણસિંહજી જાડેજાએ સભાત્યાગ કર્યો.

(૬) તા. ૧૧મી માર્ચ, ૧૯૯૨ના રોજ મુખ્યમંત્રીશ્રીના શબ્દપ્રયોગ અંગે માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપવો જોઈએ તેમ જણાવી સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ સભાત્યાગ કર્યો.

(૭) તા. ૧૧મી માર્ચ, ૧૯૯૨ના રોજ સભ્યશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ શૂન્ય કાળ દરમિયાન એક મુદ્દો ઉપસ્થિત કર્યો પરંતુ મુખ્ય મંત્રીશ્રીની જરૂરી સંમતિ ન મળવાથી નારાજ થઈને સભાત્યાગ કર્યો.

(૮) તા. ૨જી એપ્રિલ, ૧૯૯૨ના રોજ માન. સભ્યશ્રી અશોક ભટ્ટના નિયમ ૧૦૧ અન્વયે ના પસ્તાવનો જવાબ માન. મુખ્યમંત્રીશ્રીએ આપ્યો. મુખ્યમંત્રીશ્રીના જવાબથી સંતોષ ન થતાં હાજર રહેલા ભારતીય જનતા પક્ષના તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

'ગ. વા. માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરો દ્વારા યોજાયેલ પ્રવચનો.

૪૪. આઠમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્ર દરમ્યાન તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૨ ના રોજ 'અંદાજપત્ર અને સભાગૃહનું નાણાકીય કામકાજ' વિષય પર પ્રવચનોનો કાર્યક્રમ બ્યુરો દ્વારા યોજવામાં આવ્યો હતો જેમાં ભાગ લેવા માટે વિધાનસભાના સર્વે સભ્યશ્રીઓ તથા મંત્રીમંડળના સર્વે સભ્યશ્રીઓને અમંત્રણ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો શુભારંભ મા. અધ્યક્ષશ્રીના ઉદબોધનથી થયો હતો'

કાર્યક્રમમાં માજી નાણા મંત્રીશ્રી સનત મહેતાએ "અંદાજપત્રનુ ઘડતર' માજી નાણા મંત્રીશ્રી દિનેશ માઈ શાહે 'વિધાનસભામાં કામકાજ' તેમજ સભ્યશ્રી જયનારાયણ વ્યાસે" કારોબારી પર વિધાનસભાનો નાણાકીય અંકુશ' વિષય પર પ્રવચનો આપ્યા હતા, સદરહુ કાર્યક્રમમાં ૭ મંત્રીશ્રીઓ સહિત કુલ ૪૭ સભ્યશ્રીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

૪૫. શોક દર્શક ઉલ્લેખ.

સત્ર દરમિયાન ૧૫ (પંદર) મહાનુભાવોના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. (જુઓ પત્રક–૩૧)

૪૬. વિધાનસભામાં પક્ષવાર માહિતી.

સત્ર દરમિયાન વિધાનસભાના પક્ષોની પરિસ્થિતિની માહિતી આ સાથેના પત્રકમાં આપવામાં આવી છે. (જુઓ પત્રક ૩૨)

૪૭. વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા પ્રેક્ષકો.

(૧)	રાજ્યપાલ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો	૧૨
(૨)	અધ્યક્ષા દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો	૮૧૫૦
(૩)	અતિથિ વિશેષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો	૩૩૧૪
(૪)	પ્રેક્ષક દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો	૮૫૮૮
(૫)	૯૭ શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા મુલાકાતીઓ	૭૮૨૭
	કુલ ...	૨૭૮૯૧

પત્રકો

પત્રક ક્રમાંક ૧

(જુઓ ફકરા ક્રમાંક: ૧)

સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલ સમય અને ટકાવારી

દિવસોની સંખ્યા–૩૫	કલાક કુલ કલાક ૧૭૫	મિનિટ -- ૦૦
	ક. મિ.	ટકાવારી
૧. પ્રશ્નોત્તરી	૩૪--૦૦	૨૦--૦૦
૨. વિધેયકો		
(અ) સરકારી	૨૦--૪૧	૧૪--૦૦
(બ) બિન સરકારી	૭--૩૮	૪--૦૦
૩. અંદાજપત્ર પર ચર્ચા	૬૨--૩૫	૩૫--૦૦
૪. પ્રસ્તાવો		
(અ) સભા-મોકૂફીના પ્રસ્તાવો		
(બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો		
(ક) બીજા પ્રસ્તાવો (સરકારી તેમજ બિન-સરકારી સભ્યોના તેમજ બીજા પ્રસ્તાવો સહિત).	૪--૧૮	૨--૨૫
૫. રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા	૮--૨૭	૪--૦૦
૬. બિન સરકારી સંકલ્પો	૩--૫૬	૨--૦૦
૭. વૈધાનિક મંડળોના અહેવાલો પર ચર્ચા	૪--૫૫	૨--૭૫
૮. વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા	૧--૧૪	૧--૦૦
૯. અન્ય બાબતો	૨૭--૧૬	૧૫--૦૦
	૧૭૫--૦૦	૧૦૦

પત્રક ક્રમાંક ૨

((જ્ઓ ફકરા ક્રમાંક ૨)

ગૃહની બેઠકોની તારીખ અને સમય

કામકાજના દિવસો --૩૫ સભાગૃહની બેઠકો—૩૯

અ. નં.	વાર	તારીખ	બેઠક શરૂ થવાનો સમય અને પુરો થયાનો સમય.	વિશ્રાંતિ	બેઠકનો ખરેખર સમય ક. મિ.
૧	૨	૩	૪	૫	૬
૧.	મંગળવાર,	તા. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૨	૧૨--૦૦ થી ૧--૪૨	૦--૧૫	૧--૨૭
૨.	બુધવાર,	તા. ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૨	૧૨--૦૦ થી ૭--૦૯	૧--૧૧	૫--૫૮
૩.	ગુરુવાર,	તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૨	૧૨--૦૦ થી ૪--૪૦	૦--૪૫	૩--૫૫
૪.	શુક્ર વાર,	તા. ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૨	૮--૩૦ થી ૧--૦૦	૦--૩૦	૪--૦૦
૫.	સોમવાર,	તા. ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૨	૧૨--૦૦ થી ૫--૧૫	૦--૪૫	૪--૩૦
૬.	મંગળવાર,	તા. ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૨	૧૨--૦૦ થી ૫--૨૭	૦--૪૫	૪--૪૨
૭.	બુધવાર,	તા. ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૨	૧૨--૦૦ થી ૫--૧૪	૦--૪૫	૪--૨૯

૧	૨	૩	૪	૫	૬
૮.	ગુરુવાર,	તા. ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૨	૧૨--૦૦ થી ૫--૨૭	૦--૫૨	૪--૩૫
૯.	શુક્વાર	તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૨	૮-.૩૦ થી ૧૨--૨૫	૦--૩૭	૩--૧૮
૧૦.	સોમવાર,	તા. ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૨	૧૨--૦૦ થી ૫--૨૩	૦--૨૮ ૦--૪૫	૪--૧૦
૧૧.	મંગળવાર,	તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૨	૧૨--૦૦ થી ૫--૦૨	૦--૪૫	૪--૧૭
૧૨.	બુધવાર,	તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૨	૧૨--૦૦ થી ૫--૧૫	૦--૪૫	૪--૩૦
૧૩.	ગુરુવાર,	તા. ૨૭મા ફેબ્રુઆરી, ૧૯૯૨	૧૨--૦૦ થી ૫--૧૫	૦--૪૫	૪--૩૦
૧૪.	શુક્વાર,	તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૨	૮---૩૦ થી ૧--૦૦	૦--૩૦	૪--૦૦
૧૫.	મંગળવાર,	તા. ૩જી માર્ચ, ૧૯૯૨	૧૨--૦૦ થી ૫--૨૪	૦--૪૫	૪--૩૯
૧૬.	બુધવાર,	તા. ૪થી માર્ચ, ૧૯૯૨	૧૨--૦૦ થી ૬--૦૧	૦--૪૫	૫--૧૬
૧૭.	ગુરુવાર,	તા. ૫મી માર્ચ, ૧૯૯૨	૧૨--૦૦ થા ૫--૪૫	૦--૪૫	૫--૦૦
૧૮.	શુક્વાર,	તા. ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૨	૮--૩૦ થા ૧--૩૨	૦--૩૦	૪--૩૨
૧૯.	સોમવાર,	તા. ૯મી માર્ચ, ૧૯૯૨	૧૨--૦૦ થા ૫--૧૦	૦--૪૩	૫--૦૭

૨૦.	મંગળવાર,	તા. ૧૦મી માર્ચ, ૧૯૯૨	૮--૩૦ થી ૧-૦૦ ૨--૩૦ થી ૭--૦૩	૦--૨૮ ૦--૩૦	૮--૦૫
૨૧.	બુધવાર,	તા. ૧૧મી માર્ચ, ૧૯૯૨	૧૨--૦૦ થી ૫--૪૩	૦--૪૩	૫--૦૦
૨૨.	ગુરુવાર,	તા. ૧૨મી માર્ચ, ૧૯૯૨	૧૨--૦૦ થી ૫--૩૮	૦--૩૦	૫--૦૮
૨૩.	શુક્રવાર,	તા. ૧૩મી માર્ચ, ૧૯૯૨	૮--૩૦ થી ૧--૨૮	૦--૩૦	૪--૨૮
૨૪.	સોમવાર,	તા. ૧૬મી માર્ચ, ૧૯૯૨	૧૨--૦૦ થી ૧૨--૪૨	...	૦--૪૨
૨૫.	મંગળવાર,	તા. ૧૭મી માર્ચ, ૧૯૯૨	૮--૩૦ થી ૧--૩૬ ૨--૩૦ થી ૧૧--૩૪	૦--૩૦ ૦--૩૦	૧૩--૧૦
૨૬.	સોમવાર,	તા. ૨૩મી માર્ચ, ૧૯૯૨	૧૨--૦૦ થી ૫--૩૦	૦--૪૫	૪--૪૫
૨૭.	મંગળવાર,	તા. ૨૪મી માર્ચ, ૧૯૯૨	૮--૩૦ થી ૧--૦૯ ૨--૩૦ થી ૭--૦૦	૦--૩૦ ૦--૩૦	૮--૦૯
૨૮.	બુધવાર,	તા. ૨૫મી માર્ચ, ૧૯૯૨	૧૨--૦૦ થી ૬--૪૮	૦--૪૫	૬--૦૩
૨૯.	ગુરુવાર,	તા. ૨૬મી માર્ચ, ૧૯૯૨	૮--૩૦ થી ૧--૦૦ ૨--૩૦ થી ૬--૫૩	૦--૩૦ ૦--૨૯	૭--૫૪
૩૦.	શુક્રવાર,	તા. ૨૭મી માર્ચ, ૧૯૯૨	૮--૩૦ થી ૧--૫૧	૦--૩૦ ૦--૩૪	૪--૧૭
૩૧.	સોમવાર,	તા. ૩૦મી માર્ચ, ૧૯૯૨	૧૨--૦૦ થી ૫--૨૧	૦--૪૪	૪--૩૭

૧	૨	૩	૪	૫	૬
૩૨.	મંગળવાર,	તા. ૩૧મી માર્ચ, ૧૯૯૨	૧૨--૦૦ થી ૫--૨૫	૦--૪૫	૪--૪૦
૩૩.	બુધવાર,	તા. ૧લી એપ્રિલ, ૧૯૯૨	૧૨--૦૦ થી ૬--૫૬	૦--૪૫	૬--૧૧
૩૪.	ગુરુવાર,	તા. ૨જી એપ્રિલ, ૧૯૯૨	૧૨--૦૦ થી ૬--૫૧	૦--૪૫	૬--૦૬
૩૫.	શુક્રવાર,	તા. ૩જી એપ્રિલ, ૧૯૯૨	૮--૩૦ થી ૧૧--૦૦	—	૨--૫૦
					૧૭૫--૦૦

પત્રક—૩

(જુઓ ફકરા ક્રમાંક—૩)

સભ્યોએ વ્યકિતગત રીતે આપેલ હાજરી

(મા. અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી, સંસદીય સચિવશ્રીઓ અને સરકારના મુખ્ય દંડકશ્રી સિવાય)

મતદાર વિભાગ ક્રમાંક	સભ્યનું નામ	હાજરી
૧	૨	૩
૧.	શ્રી તારાચંદ જગશીભાઈ છેડા	૨૬
૨.	શ્રી સુરેશચંદ્ર રુપશંકર મહેતા	૩૫
૩.	શ્રી પુષ્પદાન શંભુદાન ગઢવી	૩૨
૪.	શ્રી પરબત માયા સોઘમ	૩૪
૫.	શ્રી નવીનભાઈ શાસ્ત્રી	૩૪
૬.	ખાલી	...
૭.	શ્રી ફકીરભાઈ રાધાભાઈ વાઘેલા	૩૩
૮.	શ્રી રણજિતસિંહ જીતુભા ઝાલા	૩૫
૯.	શ્રી જીતુભા કેશરીસિંહ રાણા	૩૫
૧૦.	શ્રી કરમશીભાઈ કાનજીભાઈ મકવાણા	મંત્રીશ્રી
૧૧.	શ્રી ભગવાનદાસ કાળુભાઈ સોનગરા	૩૩
૧૨.	શ્રી છગનલાલ ગોગજીભાઈ પટેલ	૩૫
૧૩.	શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ	મંત્રીશ્રી
૧૪.	શ્રી કેશુભાઈ સવદાસ પટેલ	વિરોધપક્ષના નેતાશ્રી
૧૫.	શ્રી અમીયલભાઈ બાદી	૩૨
૧૬.	શ્રી ભીખાલાલ ભીમજીભાઈ બાંભણીયા	૩૫
૧૭.	શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા	૨૦
૧૮.	શ્રી વજુભાઈ વાળા	૨૯
૧૯.	શ્રી માધુભાઈ હમીરભાઈ બાબરીયા	૩૪
૨૦.	શ્રી મહિપતસિંહ ભાણુભા જાડેજા	૨૮

૧	૨	૩
૨૧.	શ્રી સવજી જીવરાજ કોરાટ	૩૪
૨૨.	શ્રી વિઠ્ઠલભાઈ હંસરાજભાઈ રાદડીયા	૩૨
૨૩.	શ્રી નારણભાઈ પ્રેમજીભાઈ કાલાવડીયા	સંસદીય સચિવશ્રી
૨૪.	શ્રી મગનભાઈ આંબાભાઈ કાસુન્દ્રા	૩૩
૨૫.	શ્રી પરમાનંદ વિશનદાસ ખટ્ટર	૨૫
૨૬.	ડૉ. દિનેશભાઈ પરમાર	મંત્રીશ્રી
૨૭.	શ્રી રાધવજી હંસરાજ પટેલ	૩૦
૨૮.	શ્રી મોહનલાલ કરમશીભાઈ વાછાણી	૩૮
		(૮) શ્રી ઉદેસિંહ બારીયા
		(૯) શ્રી ગબાભાઈ સોમાભાઈ ચૌહાણ
		(૧૦) શ્રી રતનસિંહ અદેસિંહ રાઠોડ
		(૧૧) શ્રી બાબરભાઈ અંબાલાલ તડવી
		(૧૨) શ્રી પ્રદીપ જયસ્વાલ
		(૧૩) શ્રી કાનજીભાઈ મગનભાઈ પટેલ
		(૧૪) શ્રી માધુભાઈ જેલ્યાભાઈ ભોયે
		(૧૫) શ્રી ઘનશ્યામભાઈ રાવજીભાઈ પટેલ
૨.	જાહેર હિસાબ સમિતિ.	(૧) શ્રી સુરેશચંદ્ર રૂપશંકર મહેતા, પ્રમુખ.
		(૨) શ્રી મોહનભાઈ કરમશીભાઈ વાછાણી
		(૩) શ્રી જવાહરભાઈ પેથલજીભાઈ ચાવડા
		(૪) શ્રી વજુભાઈ ધાણક
		(૫). શ્રી અશોક ભટ્ટ
		(૬) શ્રી ગોપાલદાસ ભોજવાણી
		(૭) શ્રી ગાંડાજી ચેલાજી ઠાકોર
		(૮) શ્રી સુભાષચંદ્ર સોમેશ્વર શેલત
		(૯) શ્રી દિલીપસિંહ જુવાનસિંહ ઠાકોર
		(૧૦) શ્રી જનાર્દનભાઈ મધુસુદનભાઈ પરમાર
		(૧૧) શ્રી ઉમેદભાઈ ફતેસિંહ ગોહેલ
		(૧૨) શ્રી નરેન્દ્રભાઈ મહીજીભાઈ પટેલ

૧	૨	૩	
		(૧૩) શ્રી મોતીલાલ પુનિયાઇ વસાવા	
		(૧૪) શ્રી મંગુભાઇ છગનભાઇ પટેલ	
		(૧૫) શ્રી રમણલાલ દેવાભાઇ પટેલ.	
૩. જાહેર સાહસો માટેની સમિતિ.		(૧) શ્રી નાનુભાઇ વિઠ્ઠલભાઇ વાઘાણી,	પ્રમુખ.
		(૨) શ્રી વજુભાઇ વાળા	
		(૩) શ્રી જેઠાલાલ રાણાભાઇ જોરા	
		(૪) શ્રી વીરજીભાઇ કેશવભાઇ ઠુમર	
		(૫) શ્રી ઠાકરશીભાઇ કાનજીભાઇ મેતલીયા	
		(૬) શ્રી દિલીપભાઇ રમણલાલ પરીખ	
		(૭) શ્રી ઇશ્વરસિંહજી શિવાજી ચાવડા	
		(૮) શ્રી જયનારાયણ વ્યાસ	
		(૯) શ્રી ધારસીભાઇ લખાભાઇ ખાનપુરા	
		(૧૦) શ્રી લેખરાજ હેમરાજ બચાણી	
		(૧૧) શ્રી બચુભાઇ નાથાભાઇ કિશોરી	
		(૧૨) શ્રી જશવંતસિંહ મનસુખભાઇ પરમાર	
		(૧૩) શ્રી નલિન ભટ્ટ	
		(૧૪) શ્રી અમરસિંહ ઝીણાભાઇ ચૌધરી	
		(૧૫) શ્રી હેમંતભાઇ ચંપકલાલ ચપટવાલા	
૪. પંચાયતી રાજ સમિતિ.		(૧) શ્રી ધીરુભાઇ અમરસિંહ ચાવડા,	પ્રમુખ
		(૨) શ્રી નવીનભાઇ શાસ્ત્રી	
		(૩) શ્રી ફકીરભાઇ રઘાભાઇ વાઘેલા	
		(૪) શ્રી ભીખાલાલ ભીમજીભાઇ બાંભણીયા	
		(૫) શ્રી મગનભાઇ આંબાભાઇ કાસુન્દ્રા	
		(૬) શ્રી હમીરભાઇ હાદાભાઇ ધુળા	
		(૭) શ્રી દેવાણંદ સામતભાઇ સોલંકી	
		(૮) શ્રી વિઠ્ઠલભાઇ બી. શાહ	
		(૯) શ્રી ભેમાભાઇ રામસિંગભાઇ પટેલ	
		(૧૦) શ્રી નગરસિંહ ગુલાબસિંહ પસાયા	
		(૧૧) શ્રી નટવરસિંહ ફુલસિંહ ઠાકોર	
		(૧૨) શ્રી ચંદુભાઇ મોતીભાઇ ડાભી	
		(૧૩) શ્રી પૂજાભાઇ બાધરસિંહ મોરી	
		(૧૪) શ્રી ઠાકોરભાઇ ગુમાનભાઇ પટેલ	
		(૧૫) શ્રીમતી ડાહીબેન રામભાઇ રાઠોડ.	

પત્રક ક્રમાંક—૨૬

(જુઓ ફકરા ક્રમાંક—૩૪)

સભાગૃહની જુદી જુદી સમિતિઓ ઉપર માનનીય અધ્યક્ષશ્રીએ તા. ૧૦-૪-૯૨ના રોજ નીમેલા સભ્યો.

અ.નં.	સમિતિનું નામ	સભ્યોના નામ
૧	૨	૩
૧.	નિયમો માટેની સમિતિ.	(૧) શ્રી હિમતલાલ મુલાણી, માનનીય અધ્યક્ષશ્રી, પ્રમુખશ્રી. (૨) શ્રી ચીમનભાઈ પટેલ, માનનીય મુખ્યમંત્રીશ્રી (૩) શ્રી શશીકાંન્ત લાખાણી, કાયદા મંત્રીશ્રી (૪) શ્રી દિનશા પટેલ,સંસદીય બાબતોના મંત્રીશ્રી (૫) શ્રી પુષ્પદાન ગઢવી (૬) શ્રી સુરેશભાઈ રુ મહેતા (૭) શ્રી પરમાનંદ ખટ્ટર (૮) શ્રી પ્રવિણસિંહ જાડેજા (૯) શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (૧૦) શ્રી હરીશચંદ્ર પટેલ (૧૧) શ્રી ગાંડાજી ઠાકોર (૧૨) શ્રી સુભાષચંદ્ર શૈલત (૧૩) શ્રી સી. ડી. પટેલ (૧૪) શ્રી નવીનભાઈ શાસ્ત્રી (૧૫) શ્રી નરેશ રાવળ
૨.	વિષેષાધિકાર સમિતિ.	(૧) શ્રી બચુભાઈ કિશોરી, પ્રમુખશ્રી (૨) શ્રી વજુભાઈ વાળા (૩) શ્રી ધીરસિંહ બારડ (૪) શ્રી મગનભાઈ રાણવા (૫) શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (૬) શ્રી નગરસિંહ પસાયા (૭) શ્રી શકિતસિંહ ગોહીલ
૩.	અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ.	(૧) શ્રી ચંદુભાઈ મો. ડાભી, પ્રમુખશ્રી, (૨) શ્રી પરબતભાઈ સોધમ,

૧	૨	૩
		(૩) શ્રી ફકીરભાઈ વાઘેલા, (૪) શ્રી રણમલ વારોતરીયા, (૫) શ્રી મગનલાલ રાણવા, (૬) શ્રી ધુળાભાઈ ગોહેલ, (૭) શ્રી ભરતભાઈ બારોટ, (૮) શ્રી મુકુલભાઈ જી. પરમાર, (૯) શ્રી પ્રવિણસિંહ જાડેજા, (૧૦) શ્રી હમીરભાઈ હા. ધુળા, (૧૧) શ્રી બરજુલભાઈ પટેલ.
૪. અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ.		(૧) શ્રી કનુભાઈ વસાવા, પ્રમુખશ્રી, (૨) શ્રી મહેન્દ્રભાઈ મશરુ, (૩) શ્રી બેચરભાઈ બારા, (૪) શ્રી તેરસિંહ ડામોર, (૫) શ્રી બિજલભાઈ ડામોર, (૬) શ્રી બાબરભાઈ તડવી, (૭) શ્રી ગોવિંદભાઈ વસાવા, (૮) શ્રી કુંવરજીભાઈ વસાવા, (૯) શ્રી મંગુભાઈ પટેલ, (૧૦) શ્રી કાજીનભાઈ મ. પટેલ, (૧૧) શ્રી છોટુભાઈ વી. પટેલ.
૫. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા વિચરતી અને વિમુકત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ.		(૧) શ્રી પુંજાભાઈ વંશ, પ્રમુખશ્રી, (૨) શ્રી ભીખાભાઈ બાંભણીયા, (૩) શ્રીમતી ચંદ્રીકાબેન ચુડાસમા, (૪) શ્રી પ્રવિણભાઈ રાઠોડ, (૫) શ્રી માધુભાઈ ઠાકોર, (૬) શ્રી ઈશ્વરસિંહ ચાવડા, (૭) શ્રી દિલીપભાઈ ઠાકોર, (૮) શ્રી ધારસીભાઈ ખાનપુરા, (૯) શ્રી હિરાજી ડામોર, (૧૦) શ્રી સુંદરસિંહ ચૌહાણ, (૧૧) શ્રી પુંજાભાઈ મોરી.
૬. ગૌણ વિધાન સમિતિ		(૧) શ્રી મનુભાઈ પરમાર, ઉપાધ્યક્ષશ્રી, પ્રમુખશ્રી, (૨) શ્રી શશીકાંન્ત લાખાણી, કાયદા મંત્રીશ્રી, (૩) શ્રી પુષ્પદાન ગઢવી,

૧	૨	૩
		(૪) શ્રી લક્ષ્મણસિંહ પરમાર, (૫) શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી (૬) શ્રી કમલેશભાઈ પટેલ, (૭) શ્રી ચમનજી ઠાકોર, (૮) શ્રી યોગેશભાઈ પટેલ, (૯) શ્રી કુંવરજીભાઈ વસાવા, (૧૦) શ્રી દોલતભાઈ દેસાઈ.
૭. સરકારે આપેલી બાતરીઓ માટેની સમિતિ.		(૧) શ્રી નિરંજનભાઈ પટેલ, પ્રમુખશ્રી, (૨) શ્રી ભરતભાઈ બારોટ, (૩) શ્રી રણજીતસિંહ ઝાલા, (૪) શ્રી મંગળસિંહ ગોહિલ, (૫) શ્રી શક્તિસિંહ ગોહિલ, (૬) શ્રી હરજીવનભાઈ પટેલ, (૭) શ્રી ચંદ્રભાણસિંહજી સોલંકી, (૮) શ્રી સુંદરસિંહ ચૌહાણ, (૯) શ્રી ધારસીભાઈ ખાનપુરા, (૧૦) શ્રી સુખરામભાઈ રાઠવા.
૮. બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ.		(૧) શ્રી ધનશ્યામભાઈ પટેલ, પ્રમુખશ્રી, (૨) શ્રી તારાચંદ છેડા, (૩) શ્રી ગબાભાઈ ચૌહાણ, (૪) શ્રી સવજીભાઈ કોરાટ, (૫) શ્રી પરમાનંદભાઈ ખટ્ટર, (૬) શ્રી ધીરસિંહ બારડ, (૭) શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી, (૮) શ્રી માધુભાઈ ભોયે.
૯. અરજી સમિતિ.		(૧) શ્રી મનુભાઈ પરમાર, ઉપાધ્યક્ષશ્રી, પ્રમુખશ્રી, (૨) શ્રી કૌશિકભાઈ પટેલ, (૩) શ્રી વિઠ્ઠલભાઈ સોમાભાઈ પટેલ, (૪) શ્રી કાંતીલાલ કચોરીયા, (૫) શ્રી દિલીપસિંહ ઠાકોર, (૬) શ્રી કનુભાઈ વસાવા, (૭) શ્રી યોગેશભાઈ પટેલ, (૮) શ્રી ગોવિંદભાઈ વસાવા.

૧	૨	૩
૧૦.	સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી માટેની સમિતિ.	(૧) શ્રી ઉમાકાંન્ત જોષી, પ્રમુખશ્રી, (૨) શ્રીમતી સંતોકબેન જાડેજા, (૩) શ્રી હરદત્તસિંહ જાડેજા, (૪) શ્રી ભેમાભાઈ પટેલ, (૫) શ્રી હરીભાઈ પટેલ, (૬) શ્રી જયેન્દ્રભાઈ ખત્રી, (૭) શ્રી ડૉ. કનુભાઈ માવાણી, (૮) શ્રી સુખરામભાઈ ચઠવા.
૧૧.	સભ્યોના ભથ્થાં અંગેના નિયમો માટેની સમિતિ.	(૧) શ્રી ઠાકરસીભાઈ મેતલીયા, પ્રમુખશ્રી, (૨) શ્રી પરસોત્તમભાઈ રૂપાલા, (૩) શ્રી માનસિંહ ચૌહાણ, (૪) શ્રી શંકરભાઈ દે. વાઘેલા, (૫) શ્રી પ્રદીપ જયસ્વાલ, (૬) શ્રી મંગલસિંહ ગોહિલ, (૭) શ્રી નરેન્દ્રભાઈ પટેલ, (૮) શ્રી બીપીનભાઈ શાહ, (૯) શ્રી મનુભાઈ પટેલ, (૧૦) શ્રી મણીભાઈ ચૌધરી.
૧૨.	ગ્રંથાલય સમિતિ	(૧) શ્રી હિમતલાલ મુલાણી, માનનીય અધ્યક્ષશ્રી, પ્રમુખશ્રી, (૨) શ્રી માધુભાઈ બાબરીયા, (૩) શ્રી સવજીભાઈ કોરાટ, (૪) શ્રી મોહનલાલ વાછાણી, (૫) શ્રીમતી સંતોકબેન જાડેજા, (૬) શ્રી જેઠાલાલ જોશી, (૭) શ્રી પોપટલાલ પટેલ, (૮) શ્રી કાંતીલાલ સોલંકી, (૯) શ્રી ખોડાભાઈ પટેલ, (૧૦) શ્રી યોગેશભાઈ પટેલ, (૧૧) શ્રી પબુભા માણેક, (૧૨) શ્રી છોટુભાઈ અ. વસાવા, (૧૩) શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી, (૧૪) શ્રી કાંતિભાઈ કચોરીયા, (૧૫) શ્રી મંગુભાઈ પટેલ.

૧	૨	૩
૧૩. સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ.		(૧) શ્રી વીરજીભાઈ ઠુમર, પ્રમુખશ્રી, (૨) શ્રી જીતુભા રાણા, (૩) શ્રી રાઘવજીભાઈ પટેલ, (૪) શ્રી નાનુભાઈ વાઘાણી, (૫) શ્રી નટુભાઈ ડાભી, (૬) શ્રી જેરુભા ચૌહાણ, (૭) શ્રી નીતીન પટેલ, (૮) શ્રી માવજીભાઈ પટેલ, (૯) શ્રી લેખરાજ બચાણી, (૧૦) શ્રી મહીપતસિંહ જાડેજા, (૧૧) શ્રી નગરસિંહ પસાયા, (૧૨) શ્રી શંકરભાઈ વાઘેલા, (૧૩) શ્રી ઉર્વશીદેવી, (૧૪) શ્રી અમરસિંહ ચૌધરી, (૧૫) શ્રી મદનલાલ કાપડીયા.
૧૪. ગૃહના મેજ પર મૂકાયેલા કાગળો માટેની સમિતિ.		(૧) શ્રી માનસિંહભાઈ પટેલ, પ્રમુખશ્રી, (૨) શ્રી છગનભાઈ પટેલ, (૩) શ્રી મનોહરસિંહ જાડેજા, (૪) શ્રી વિઠ્ઠલભાઈ રાદડીયા, (૫) શ્રી વજુભાઈ ધાણક, (૬) શ્રી નાનાભાઈ રોયલા, (૭) શ્રી કનુભાઈ કોઠીયા, (૮) શ્રી ઈશ્વરસિંહ ચાવડા, (૯) શ્રી સી. કે. રાઉલજી, (૧૦) શ્રી નિરંજનભાઈ પટેલ, (૧૧) શ્રી ભગુભાઈ પટેલ.

પત્રક ક્રમાંક—૨૭

(જુઓ ફકરા ક્રમાંક—૩૯)

ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી

ફેબ્રુઆરી, ૧૯૯૨

મંગળવાર, તા. ૧૧મી	(૧) રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર, પ્રસ્તાવની રજુઆત (૨) શોકદર્શક ઉલ્લેખ.
બુધવાર, તા. ૧૨મી	(૧) શોકદર્શક ઉલ્લેખ. (૨) સન ૧૯૯૧-૯૨ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત (૩) વટહુકમ નામંજૂર કરતાં પ્રસ્તાવો અને સરકારી વિધેયકો. (અ) સન ૧૯૯૧ના વટહુકમ ક્રમાંક: ૩ સન ૧૯૯૧ના ગુજરાત વેચાણવેરા (સુધારા) વટહુકમ નામંજૂર કરવા બાબતનો સભ્યશ્રી અશોકભટ્ટનો પ્રસ્તાવ. (બ) સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક (૩) સન ૧૯૯૨નું ગુજરાત વેચાણવેરા (સુધારા) વિધેયક
ગુરૂવાર, તા. ૧૩મી	(૧) વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ સન ૧૯૯૧ના વટહુકમ ક્રમાંક ૫ સન ૧૯૯૧ના મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વટહુકમ નામંજૂર કરવા બાબતનો સભ્યશ્રી અશોક ભટ્ટનો પ્રસ્તાવ (ચર્ચા અધૂરી) (૨) બિન-સરકારી વિધેયકો
શુક્રવાર, તા. ૧૪મી	રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)
સોમવાર, તા. ૧૭મી	રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)
મંગળવાર, તા. ૧૮મી	રાજ્યપાલશ્રીના સંબોધન માટે આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)
બુધવાર, તા. ૧૯મી	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)
ગુરૂવાર, તા. ૨૦મી	(૧) પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) (૨) બિન-સરકારી સંકલ્પો.

શુક્રવાર, તા. ૨૧મી	(૧) શોકદર્શક ઉલ્લેખ (૨) સન ૧૯૯૨-૯૩ના વર્ષ માટેનો અંદાજપત્રની રજૂઆત
સોમવાર, તા. ૨૪મી	ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૧૯૮૯-૯૦ના વાર્ષિક વહીવટી અહેવાલને વિચારણામાં લેવા અંગેના વાહન-વ્યવહાર મંત્રીશ્રીનો નિયમ-૯૩ અન્વયેનો પ્રસ્તાવ.
મંગળવાર, તા. ૨૫મી	સરકારી વિધેયક અને વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવ (૧) સન (૫) ૧૯૯૨નું વિધેયક ક્રમાંક-૮ સન ૧૯૯૨નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક. (૨) સન ૧૯૯૧ના વટહુકમ ક્રમાંક-૫ને નામંજૂર કરવા અંગેના પ્રસ્તાવની તા-૧૩-૨-૯૨ના રોજ અધૂરી રહેલી ચર્ચા (ચર્ચા અધૂરી રહી.)
બુધવાર, તા. ૨૬મી	ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૧૯૮૯-૯૦ અને ૧૯૯૦-૯૧ના વાર્ષિક વહીવટી અહેવાલને વિચારણામાં લેવા અંગેનો જળસંપત્તિ મંત્રિશ્રીના નિયમ-૯૩ અંગેનો પ્રસ્તાવ.
ગુરૂવાર, તા. ૨૭મી	(૧) અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) (૨) બિન-સરકારી વિધેયકો.
શુક્રવાર, તા. ૨૮મી	અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)
	માર્ચ—૧૯૯૨,
મંગળવાર, તા. ૩જી	અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)
બુધવાર, તા. ૪થી	અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)
ગુરૂવાર, તા. ૫મી	(૧) માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (૨) બિન-સરકારી સંકલ્પો
શુક્રવાર, તા. ૬ઠ્ઠી	માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)
સોમવાર, તા. ૯મી	માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)
	પ્રથમ બેઠક
મંગળવાર, તા. ૧૦મી	માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

બીજી બેઠક

(૧) વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો સન ૧૯૯૧નો વટહુકમ ક્રમાંક ૫ સન ૧૯૯૧ના મુંબઈ મોટર વાહન-વેરા (ગુજરાત સુધારા) વટહુકમ નામંજૂર કરવા અંગે સભ્યશ્રી અશોકભટ્ટ (શકિતસિંહ ગોહીલ, મગનભાઈ રાણવા અને શ્રી પ્રવિણસિંહ જાડેજા) નો નિયમ ૧૫૨(૨) અન્વયેનો પ્રસ્તાવ.

(૨) સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક-૧ સન ૧૯૯૨નું મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક (ચર્ચા અધુરી રહી.)

બુધવાર, તા. ૧૧મી — માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

ગુરૂવાર, તા ૧૨મી (૧) માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

(૨) બિન-સરકારી વિધેયકો

શુક્રવાર, તા. ૧૩મી — માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

સોમવાર, તા. ૧૬મી — શોકદર્શક ઉલ્લેખ.

પ્રથમ બેઠક

મંગળવાર, તા. ૧૭મી (૧) માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

(૨) બિન-સરકારી સંકલ્પો.

બીજી બેઠક

વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયકો

(૧) સન ૧૯૯૧નો વટહુકમ ક્રમાંક-૫, સન ૧૯૯૧નો મુંબઈ મોટર-વાહનવેરા (ગુજરાત સુધારા) વટહુકમ નામંજૂર કરવા અંગેનો સભ્યશ્રી પ્રવિણસિંહ જાડેજાનો પ્રસ્તાવ અને સન ૧૯૯૨ના વિધેયક ક્રમાંક-૧ સને ૧૯૯૨નું મુંબઈ મોટર વાહનવેરો (ગુજરાત સુધારા) વિધેયક.

(૨) સન ૧૯૯૧નો વટહુકમ ક્રમાંક:-૪-સન ૧૯૯૧નો ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રીબ્યુનલ વટહુકમ નામંજૂર કરવા અંગેનો સભ્યશ્રી પ્રવિણસિંહ જાડેજાનો પ્રસ્તાવ અને સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક-૨ સન ૧૯૯૨નું ગુજરાત જાહેર બાંધકામ સંબંધી તકરાર લવાદી ટ્રીબ્યુનલ વિધેયક.

સોમવાર, તા. ૨૩મી	માગણી ઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

પહેલી બેઠક

મંગળવાર, તા. ૨૪મી	માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

બીજી બેઠક

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

બુધવાર, તા. ૨૫મી	(૧) શોકદર્શક ઉલ્લેખ.
	(૨) માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો દિવસ)

પહેલી બેઠક

ગુરૂવાર, તા. ૨૬મી.	(૧) માંગણીઓ પર ચર્ચા અને મતદાન (તેરમો દિવસ)

બીજી બેઠક

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચૌદમો અને છેલ્લો દિવસ)

શુક્રવાર, તા. ૨૭મી	(૧) સરકારી વિધેયક-સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક-૧૮, સન ૧૯૯૨નું ગુજરાત વિધાનસભા સભ્યો, અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, મંત્રીઓ અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતાં કાયદા (સુધારા વિધેયક)
	(૨) બિન-સરકારી વિધેયકો.
સોમવાર, તા. ૩૦મી	સરકારી વિધેયક સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક-૧૯, સન ૧૯૯૨નું ગુજરાત વિનિયોગ વિધેયક.
મંગળવાર, તા. ૩૧મી	સરકારી વિધેયક-સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક-૨૧, સન ૧૯૯૨નું ગુજરાત મોટર ટ્રાન્સપોર્ટ વાહન નાકાવેરા વિધેયક.

એપ્રિલ, ૧૯૯૨

બુધવાર, તા. ૧લી.	સરકારી વિધેયકો— (૧) સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક-૧૭, સન ૧૯૯૨નું મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક.

(૨) સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક-૨૨, સન ૧૯૯૨નું ગુજરાત વેચાણ વેરા (તૃતિય સુધારા) વિધેયક.

ગુરૂવાર, તા. ૨૭ (૧) શોકદર્શક ઉલ્લેખ.

(૨) સરકારી વિધેયક-સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક ૧૬ સન, ૧૯૯૨નું ગુજરાત વેચાણવેરા (દ્વિતિય સુધારા) વિધેયક

(૩) રાજ્યમાં દુષ્કાળની પરિસ્થિતિની સમીક્ષા કરવા વિરોધપક્ષના નેતાના અધ્યક્ષપદે ગૃહની સમિતિ નિમવા અંગેનો સભ્યશ્રી અશોક ભટ્ટનો નિયમ ૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ.

શુક્રવાર, તા. ૩૭ સભ્યશ્રી વિઠ્ઠલભાઈ શાહનો છેલ્લો દિવસનો પ્રસ્તાવ નિયમ ૧૦૨.

પત્રક ક્રમાંક—૨૮

(જુઓ ફકરા ક્રમાંક—૪૦)

રોજેરોજનાં કામકાજનો સારાંશ

મંગળવાર, તા. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૨

અધ્યક્ષ શ્રી હિમતલાલ મુલાણીના અધ્યક્ષપદે સભાગૃહ મળ્યું.

૧. સચિવશ્રીએ રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

૨. શ્રી માવજીભાઈ ચ. પટેલ શ્રી નાનુભાઈ વિ. વાઘાણીના ટેકાથી નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો કે:—

"રાજ્યપાલશ્રીને નીચે મુજબના સંદેશો પાઠવવો :—

અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

૩. મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલે ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી લલ્લુભાઈ શેઠના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ વિરોધ પક્ષના નેતા, શ્રી કેશુભાઈ સ. પટેલ, તેમજ શ્રી સી. ડી. પટેલ, શ્રી પ્રવિણસિંહજી જાડેજા, શ્રી દલસુખભાઈ જે. ગોંધાણી, શ્રી અશોક ભટ્ટ, શ્રી મધુભાઈ હ. ભુવા, શ્રી શકિતસિંહ હ. ગોહિલ શ્રી બાબુભાઈ જ. પટેલ, શ્રી મહેન્દ્ર ત્રિવેદી, શ્રી નાનુભાઈ વિ. વાઘાણી, શ્રી મહેન્દ્ર લી. મશરુ, શ્રી મધુભાઈ સો. ઠાકોર, શ્રી વીરજીભાઈ કે. ઠુમર, શ્રી મગનલાલ હ. રાણવાએ અંજલિ આપ્યા બાદ અધ્યક્ષશ્રીએ પણ તેમાં સૂર પૂરાવ્યો.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઊભા થઈને થોડીવાર મૌન પાળ્યું.

બુધવાર, તા. ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલે મુંબઈ વિધાન પરિષદના માજી સભ્ય શ્રી રામશંકર જયશંકર ઉપાધ્યાય, મુંબઈ વિધાનસભાના માજી સભ્ય શ્રી ગુલામ રસુલ કુરેશી, શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ, ગુજરાત વિધાનસભાના માજી સભ્ય, શ્રી ભગવાનસિંહ ચૌહાણ અને શ્રી પ્રભાતસિંહ મકવાણાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ વિરોધપક્ષના નેતા, શ્રી કેશુભાઈ સ. પટેલ તેમજ શ્રી સી. ડી. પટેલ, શ્રી પ્રવિણસિંહજી જાડેજા, શ્રી ઈશ્વરસિંહ શિ. ચાવડા, શ્રી અશોક ભટ્ટ, શ્રી જયેન્દ્રકુમાર ભ. ખત્રી, ડો. કરસનદાસ સોનેરી, શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા, શ્રી બાબુભાઈ જ. પટેલ, શ્રી ફકીરભાઈ રા. વાઘેલા, શ્રી હરિશચંદ્ર લ. પટેલ, શ્રી ભરત બારોટ, શ્રી માધુભાઈ સો. ઠાકોર, શ્રી મહેન્દ્ર લી. મશરુ, શ્રી વિઠ્ઠલભાઈ બી. શાહ અને શ્રી હીરાજી વા. ડામોરે અંજલિ આપ્યા બાદ અધ્યક્ષશ્રીએ પણ તેમાં સૂર પુરાવ્યો.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને થોડીવાર મૌન પાળ્યું.

૩. શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમાએ નિયમ--૧૧૬ અન્વયે રાજ્યમાં ચોમાસુ અને રવી પાક નિષ્ફળ ગયેલ છે. તેથી ખેડૂતોમાં વ્યાપેલી નિરાશા અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના કૃષિ મંત્રી, શ્રી મધુભાઈ હ. ભુવાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. તાકીદની જાહેર અગત્યની બાબત પૂરી થયા બાદ તરત જ ભારતીય જનતા પક્ષના માનનીય સભ્યશ્રીઓએ સભાગૃહમાં સુત્રોચ્ચાર કરવાનું શરૂ કરી દીધું. માનનીય સભ્યશ્રીઓને બેસી જવા માટે તથા શાંતિ જાળવવા માટે માનનીય અધ્યક્ષશ્રીએ વિનંતી કરી, છતાં પણ સુત્રોચ્ચાર કરવાનું ચાલુ રહેતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહને બપોરના ૨--૦૪ વાગ્યાથી બપોરના ૩--૧૫ વાગ્યા સુધી મુલતવી રાખ્યું.

૫. સભાગૃહ મુલતવી રહ્યા બાદ સભાગૃહની બેઠક મળી કે તરત જ ભારતીય જનતાપક્ષના માનનીય સભ્યશ્રીઓએ સતત સુત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું. માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભાગૃહમાં જો આ રીતે ચલાવવાનું હોય તો મારે બીજી રીતે વિચાર કરવો પડશે.

ત્યારબાદ ભારતીય જનતાપક્ષના હાજર રહેલા તમામ માનનીય સભ્યશ્રીઓ (શ્રી અશોક ભટ્ટ સિવાય) સભાત્યાગ કરી ગયા.

૬. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા:—

(૧) સન ૧૯૯૧નો વટહુકમ ક્રમાંક:-૩-સન ૧૯૯૧નો ગુજરાત વેચાણવેરા (સુધારા) વટહુકમ તથા વટહુકમ બહાર પાડવાનાં કારણો સમજાવતું નિવેદન.

(૨) સન ૧૯૯૧નો વટહુકમ ક્રમાંક:-૪-સન ૧૯૯૧નો ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ વટહુકમ તથા વટહુકમ બહાર પાડવાનાં કારણો સમજાવતું નિવેદન.

(૩) સન ૧૯૯૧નો વટહુકમ ક્રમાંક:-૫-સન ૧૯૯૧નો મુંબઈ મોટર વાહનવેરા (ગુજરાત સુધારા) વટહુકમ તથા વટહુકમ બહાર પાડવાનાં કારણો સમજાવતું નિવેદન.

(૪) ગુજરાત ફિલ્મ વિકાસ નિગમ લિમિટેડ સન ૧૯૯૦--૯૧નો વાર્ષિક અહેવાલ હિસાબો, ઓડિટ, અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.

(૫) ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિ. નો સન ૧૯૯૦--૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટ ર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.

(૬) ગુજરાત રાજ્ય પોલીસ હાઉસિંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૧૯૯૦--૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.

(૭) ગુજરાત સ્લમ કલીઅરન્સ બોર્ડના સન ૧૯૮૭--૮૮ના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ, સરકારી હુકમો તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

(૮) સન ૧૯૬૦ના ગુજરાત મંત્રી પગાર અને ભથ્થાં અધિનિયમ અન્વયેની:- મંત્રી—મુસાફરી ભથ્થાં નિયમો ૧૯૮૩ને વધુ સુધારતી સામાન્ય વહીવટ વિભાગની તા. ૧--૧૧--૯૧ની અધિસૂચના.

(૯) સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગની ૭--૧૦--૯૧, ૧૦--૧૦--૯૧, ૧૪--૧૧--૯૧, ૨૧--૧૨--૯૧, ૨૪--૧૨ ૧૯૯૧ અને ૨૭--૧૨--૯૧ એમ કુલ છ અધિસૂચનાઓ.

(૧૦) સન ૧૯૭૩ના ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા નાબુદી અને પુનઃવિકાસ) અધિનિયમ અન્વયેની ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર નાબુદી બોર્ડ, અમદાવાદ ની તા. ૨૧--૯--૯૧ની દશ અધિસૂચનાઓ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની તા. ૩૦--૧૨--૯૧ની અધસૂચના એમ કુલ મળીને અગિયાર અધિસૂચનાઓ.

૭. (૧) માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર, સમિતિનો ઓગણીસમો અહેવાલ રજૂ કર્યો.

(૨) બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી નાનાભાઈ રોયલાએ સમિતિનો ચૌદમો અહેવાલ રજૂ કર્યો.

(૩) જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખ, શ્રી છગનભાઈ પટેલે સમિતિનો ચોથો અહેવાલ રજૂ કર્યો

૮. સંસદીય બાબતોના મંત્રી, શ્રી દિનશા પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે :—

"આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ઓગણીસમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૯. બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી નાનાભાઈ રોયલાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે:-

"આ સભાગૃહ, બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના ચૌદમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૦. નાણા મંત્રી, શ્રી છબીલદાસ મહેતાએ સન ૧૯૯૧—૯૨ના વર્ષ માટેનું ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

૧૧. નીચેનું સરકારી વિધેયક સભાગૃહે મંજૂર કર્યું અને પસાર કર્યું.

સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક—૩ સન ૧૯૯૨નું ગુજરાત વેચાણવેરા (સુધારા) વિધેયક.

ગુરુવાર, તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. શ્રી મહેન્દ્ર ત્રિવેદીએ નિયમ ૧૧૬ અન્વયે ભાવનગર જિલ્લાના સણોસરા ખાતે આંબલા નજીક થયેલ બસ દુર્ઘટના અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત પંડ્યાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. સચિવશ્રીએ આઠમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિની અનુમતિ મળી છે તે સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક—૩૫ સન ૧૯૯૧નું મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત સુધારા) સભાગૃહના મેજ ઉપર મૂક્યું.

૪. (૧) (અ) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ—૧૫૨ (૨) અન્વયે સભ્યશ્રી અશોક ભટ્ટે પ્રસ્તાવ રજૂ કર્યો કે :—

"આ સભાગૃહ સન ૧૯૯૧નો વટહુકમ ક્રમાંક—૧ સન ૧૯૯૧નો મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વટહુકમ નામંજૂર કરે."

૫. સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક--૧ સન ૧૯૯૨નું મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક સભાગૃહમાં દાખલ થવાના તબક્કે સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને કેટલાક મુદ્દા ઉપસ્થિત કર્યા. એમણે એમ જણાવ્યું કે આ વિધેયકની સાથે વટહુકમ બહાર પાડવા માટે ફરજ પાડતા સંજોગોનું નિવેદન હોવું જોઈએ, જે નથી. આ વિધેયક સભ્યશ્રીઓને વહેંચવામાં આવેલ છે પરંતુ એ વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલું નથી.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે વિધેયક સાથેના નિવેદનમાં જે કાંઈ શબ્દો છે એની મર્યાદાને કારણે આ બિલને રોકી શકાય તેમ નથી. વિધેયક પરની ચર્ચા દરમિયાન નિવેદન બાબતમાં ધ્યાન દોરી શકાય. ટેકનિકલ મુદ્દા ઉપર આ પોઈન્ટ ઓફ ઓર્ડર વાજબી હોવા છતાં પણ કાંઈ કાર્યવાહી કરવાની જરૂર લાગતી નથી.

ત્યારબાદ સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ બીજો પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે સરકાર અંદાજપત્ર રજૂ કરતી વખતે ખર્ચ અને જાવકની રકમો ધ્યાનમાં લઈને અંદાજપત્ર રજૂ કરે છે. હાલના કિસ્સામાં જે વટહુકમ બહાર પાડવામાં આવ્યો તે તા. ૫મી ડિસેમ્બર, ૧૯૯૧ના રોજ બહાર પાડવામાં આવ્યો અને તે વટહુકમની જોગવાઈઓનો અમલ તા. ૧લી એપ્રિલ, ૧૯૯૧થી કરવાની જોગવાઈ કરી. પરિણામે તા. ૫મી ડિસેમ્બર, ૧૯૯૧ના રોજ તા. ૧ એપ્રિલ, ૧૯૯૧ થી દર ઘટાડવામાં આવ્યો, જે બરાબર નથી. આ વટહુકમનો અમલ તા. ૧લી એપ્રિલ, ૧૯૯૧ થી કરી શકાય નહિ અને તેથી આ વિધેયક દાખલ થઈ શકે નહિ.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું કે નામદાર રાજ્યપાલશ્રીએ બહાર પાડેલ વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને આ વિધેયક ગૃહની વિચારણા હેઠળ છે. આ ગૃહને સત્તા છે કે જો વટહુકમ બહાર પાડવો જરૂરી ન હતો. તેવું ઠરાવીને વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવ પણ પસાર કરી શકે છે અને વટહુકમને પશ્ચાવર્તી અસરથી અમલમાં લાવી શકાય છે. તેમ કરવામાં નિયમની બાધ્યતા કે બંધારણની જોગવાઈ આડે આવતી નથી અને તે કારણે તેઓએ સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાનો પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

ત્યારબાદ સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતાએ ત્રીજો પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને જણાવ્યું કે નાણાં બિલની સાથે નાણાંકીય વિવરણ (ફિનાન્સિયલ મેમોરેન્ડમ) હોવું બંધારણની જોગવાઈ મુજબ કોન્સોલિડેટેડ ફંડમાંથી નાણાંની જાવક રીફંડ આપવાનાં કારણે થશે અને તે કારણે આ વિધેયક સાથે નાણાંકીય વિવરણ હોવું આવશ્યક છે, જે નથી તે કારણે આ વિધેયકની વિચારણા થઈ શકે નહિ.

આ મુદ્દા ઉપર પણ અન્ય સભ્યશ્રીઓએ પોતાનાં મંતવ્યો આપતાં હતાં તે દરમિયાન વિરામનો સમય થવાથી એ બાબત અધૂરી રહી.

૬. બિન સરકારી કામકાજ

(અ) દાખલ થયેલું બિન સરકારી વિધેયક.

(૧) ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમાએ "સન ૧૯૯૧નું ગુજરાત નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોરપોરેશન સેવા કમિશન વિધેયક." સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(બ) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન સરકારી વિધેયકો.

નીચેના બિન સરકારી વિધેયકોના પહેલાં વાંચનનાં પ્રસ્તાવો રજૂ થયા અને ચર્ચાને અંતે સભાગૃહની અનુમતિથી તે વિધેયકો પાછા ખેંચી લેવામાં આવ્યાં.

(૧) સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક—૨૭ સન ૧૯૯૧નું મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક, પ્રભારી સભ્યશ્રી લક્ષ્મણસિંહ પરમાર.

(૨) સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક ૧૪ સન ૧૯૯૦નું ગુજરાત વિધાનસભા સચિવાલય (ભરતી અને સેવાની શરતો બાબત) વિધેયક પ્રભારી સભ્યશ્રી નરેશ રાવલ.

શુક્રવાર, તા. ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. શ્રી ભગુભાઈ પટેલે નિયમ ૧૧૬ અન્વયે ઓલપાડમાં અત્યંત ઝેરી રસાયણો બનાવતા ઔદ્યોગિક એકમમાં કામદારોની સલામતીનાં પૂરતાં પગલાં લેવાં અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર શ્રમ અને રોજગાર મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

શ્રમ અને રોજગાર મંત્રી શ્રી રામસિંહ પરમારે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. શ્રી અશોક ભટ્ટે માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી છેલ્લા ૨—૨॥ મહિનામાં મોટા ઔદ્યોગિક એકમોમાં આગના બનેલ બનાવો અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી શ્રી પ્રબોધકાન્ત દા. પંડ્યાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૪. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા :—

(અ) નાણા વિભાગની સન ૧૯૬૯ના ગુજરાત વેચાણવેરા અધિનિયમ અન્વયેની—

તા. ૯--૧૦--૯૧, તા. ૧૨--૧૧--૯૧, તા. ૨--૧૨--૯૧, તા. ૧૧--૧૨--૯૧, અને તા. ૩૧--૧--૯૨ની એમ કુલ પાંચ અધિસૂચના તથા ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ને વધુ સુધારતી તા. ૨૩--૧૧--૯૧ની અધિસૂચના.

(બ) નાણા વિભાગની સન ૧૯૫૮ના મુંબઈ મોટર સ્પિરિટ વેચાણ કરવેરા અધિનિયમ અન્વયેની—

તા. ૧૭-૯-૯૧ અને તા. ૭-૧૨-૯૧ની એમ બે અધિસૂચના.

૫. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ).

આઠ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૬. સલામતીની વ્યવસ્થા અંગે.

વિરામ બાદ શ્રી અશોક ભટ્ટે સલામતીની વ્યવસ્થા અંગે મુદ્દો ઉપસ્થિત કરતા જણાવ્યું કે વિરામના સમય દરમ્યાન મધ્યાહ્ન ભોજન યોજના અંગે મુખ્ય મંત્રીશ્રીને મળવા આવેલ મુલાકાતી ઉપર બહારની પોલીસે આવીને માર મારેલ છે. મુખ્યમંત્રીશ્રી હાજર ન હતા તેથી આ મુલાકાતીઓ નાણા મંત્રીશ્રીને મળવા માગતા હતા.

નાણા મંત્રીશ્રીએ આ મુલાકાતીઓને મળવાની તૈયારી દર્શાવી.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે મંત્રીશ્રીઓની ચેમ્બર અધ્યક્ષશ્રીના ક્ષેત્રાધિકારમાં (જ્યુરિડિકશનમાં) નથી. આમ છતાં આ બાબતમાં તપાસ કરવામાં આવશે.

સોમવાર, તા. ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. પ્રશ્નોત્તરીના અંત ભાગમાં નાની ઉંમરના પ્રેક્ષકે માનનીય અધ્યક્ષશ્રીની દીર્ઘામાંથી પત્રિકાઓ ફેંકી અને સુત્રોચ્ચાર કર્યા.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે જેમની ધરપકડ કરવામાં આવેલી છે તેની નાની ઉંમરને લક્ષમાં રાખીને ચેતવણી આપીને જવા દેવામાં આવે.

પ્રવેશ-પત્ર કેવી રીતે આપવામાં આવેલ છે. તે બાબતની તપાસની માગણી કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ એ બાબતનો સ્વીકાર કર્યો.

૩. શ્રી સવજીભાઈ કોરાટે નિયમ--૧૧૬ અન્વયે સૌરાષ્ટ્રમાં ચાલુ સાલે અપૂરતા વરસાદને લીધે ખેતીનો મોટાભાગનો પાક નિષ્ફળ ગયા જેવી પરિસ્થિતિ અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મહેસૂલ મંત્રી શ્રી દલસુખભાઈ ગોધાણીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૪. (૧) શ્રી અશોક ભટ્ટે માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી આઈ.પી. સી. એલ. ના. પેટ્રો-કેમિકલ સંકુલના પ્રોજેકટ માટે જમીન સંપાદન કરવાની કાર્યવાહી અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી ઉદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

ઉદ્યોગ મંત્રી, શ્રી શશીકાન્ત લાખાણીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૨) શ્રી પ્રવિણસિંહજી જાડેજાએ માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી કચ્છના સૂરજબારી ગામના અછત રાહત કામોમાં રોકાયેલાં મજૂરના થયેલા અવસાન અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મુખ્ય મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૫. સભ્ય શ્રી ઉદેસિંહ બારીયાએ વિધાનસભાનું ફ્લોરક્રોસ કરીને મુખ્ય મંત્રીશ્રીને અછત રાહત કામ ઉપર મજૂરોને ચૂકવાતી રોજી અંગેની ગેંગબુક આપી.

સભ્યશ્રીએ જે રીતે મુખ્ય મંત્રીશ્રીને ગેંગબુક આપી તેની માનનીય અધ્યક્ષશ્રીએ ગંભીરતાથી નોંધ લીધી અને ભવિષ્યમાં આ રીતે વર્તન ન કરે તે માટે સભ્યશ્રીને ચેતવણી આપી.

૬. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા:—

(૧) ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૧૯૮૭--૮૮ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

(૨) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગની સન ૧૯૬૧ ના પંચાયત અધિનિયમ અન્વયેની—

(૧) ગુજરાત ગ્રામ પંચાયત સેકેટરી (પંચાયત સેવા) ભરતી (સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૧૯૮૭ ને વધુ સુધારતી તા. ૧૦-૧૦-૧૯૯૧ ની અધિસૂચના.

(૨) ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૬૪ ને વધુ સુધારતી તા. ૪-૧-૯૨ ની અધિસૂચના.

(૩) ગુજરાત પંચાયત સેવા (વર્ગીકરણ અને ભરતી) નિયમો ૧૯૬૭ ને વધુ સુધારતી તા. ૨૭-૧-૯૨ ની અધિસૂચના.

(૩) સાતમી ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના નવમા અહેવાલ પરના પગલાંનાં પત્રકો.

૭. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ).

તેર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૮. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા માટેની યાદી પ્રમાણે સભાપતિશ્રી સભ્યશ્રીઓને બોલવા માટે જણાવતા હતા તે દરમિયાન ચર્ચા માટે થયેલ સમજૂતિનો અમલ થતો નથી તેમ જણાવી, તેના વિરોધમાં ભારતીય જના પક્ષના હાજર રહેલા તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

મંગળવાર, તા. ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. વિરોધ પક્ષના નેતા શ્રી કેશુભાઈ પટેલે પ્રશ્નોત્તરીના સમય દરમિયાન મંત્રીશ્રીઓ તરફથી માહિતી નથી એમ જવાબ આપવામાં આવે છે ત્યારે તેઓએ પૂછવામાં આવેલ માહિતી કયારે આપવામાં આવશે તેમ પણ જણવાવવું જોઈએ એવો મુદ્દો ઉપસ્થિત કર્યો.

આ મુદ્દા અંગે અન્ય સભ્યશ્રીઓએ પણ પોતાનાં મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઈ પટેલે જણાવ્યું કે પ્રશ્નોત્તરી દરમ્યાન માગવામાં આવતી પૂરક માહિતી મંત્રીશ્રીઓ પાસે હોવી જોઈએ અને તે બાબતે સભ્યશ્રીઓની લાગણીની ગંભીર નોંધ લીધી.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે અગાઉ પણ આવા પ્રશ્નો ઉભા થયેલ છે. આ બાબતમાં મુખ્ય મંત્રીશ્રીએ ખાતરી આપેલી છે. તેથી એમાં હવે વિશેષ કાંઈ કરવા જેવું રહેતું નથી.

૩. ગઈકાલ તા. ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૨ ના રોજની પ્રશ્નોત્તરીમાં તેમના બે પ્રશ્નોના જવાબોના સંદર્ભો આપી મનોહરસિંહજી જાડેજાએ પ્રશ્નોત્તરી દરમિયાન આપવામાં આવતી માહિતીની ચોકસાઈ અંગે અને તેની ગુપ્તતા અંગેના બે મુદ્દા ઉપસ્થિત કરીને જણાવ્યું કે જયારે આંકડાકીય માહિતી આપવામાં આવે ત્યારે તે ચોક્કસ હોવી જોઈએ. ગુપ્તતાના મુદ્દા અંગે તેમણે જણાવ્યું કે રહેમરાહે નોકરી આપવાની માહિતીમાં ગુપ્ત રાખવા જેવું ન હોઈ શકે તેથી કાંઈ માહિતી ગુપ્ત રાખવામાં આવે એ બરાબર નથી.

આ મુદ્દા સંબંધમાં અન્ય સભ્યશ્રીઓએ પણ પોતાનાં મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય મુખ્ય મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે એ બંન્ને મુદ્દાનો સ્વીકાર કરીને જણાવ્યું કે પ્રશ્નોની માહિતી ચોકસાઈપૂર્વક આપવાની કાળજી લેવામાં આવશે. જે માહિતી ગુપ્ત હોવાનું કહેવામાં આવ્યું છે તે ગુપ્ત રાખવા જેવી લાગતી નથી તેથી તેવી માહિતી હવે પછી આપવામાં આવશે.

૪. (૧) શ્રી અશોક ભટ્ટે માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ગુજરાત રાજ્યની સરહદ ઉપરની સલામતી અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મુખ્ય મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૨) શ્રી જયનારાયણ વ્યાસે નર્મદા યોજનાના વિસ્થાપિતો, અસરગ્રસ્તો અને જમીન સંપાદન અંગેના વળતર બાબતમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટના અહેવાલ બાબતમાં મુદ્દો ઉપસ્થિત કરી નર્મદા વિકાસ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નર્મદા વિકાસ મંત્રી, શ્રી બાબુભાઈ જ. પટેલે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૩) શ્રી કૌશિક પટેલે ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા બંધાતા સોલા રોડ પરના તૂટી પડેલા મકાન અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

શહેરી ગૃહનિર્માણ મંત્રી, શ્રી નરહરિ અમીને ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૫. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂક્યા:—

(૧) ગુજરાત રાજ્ય મૂડી રોકાણ લિમિટેડનો સન ૧૯૯૦–૯૧ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.

(૨) ગુજરાત કોમ્યુનિકેશન એન્ડ ઈલેકટ્રોનિકસ લિમિટેડનો સન ૧૯૯૦—૯૧ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.

(૩) ગુજરાત રાજ્ય વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૯—૯૦ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

(૪) ગુજરાત રાજ્ય પેટ્રોરસાયણ નિગમ લિમિટેડનો સન ૧૯૯૦–૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.

(૫) ગુજરાત આદિજાતિ વિકાસ નિગમનો સન ૧૯૯૦—૯૧ નો વાર્ષિક અહેવાલ, હિસાબો તથા ઓડિટ અહેવાલ.

(૬) શ્રમ અને રોજગાર વિભાગની—

(અ) સન ૧૯૪૬ ની મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેની જે ઉદ્યોગોમાં રાજ્ય સરકારે "સંયુકત સંચાલન પરિષદ" ની રચના સબબે આદેશ કાઢયા ન હોય તેવા ઉદ્યોગોની સૂચિ,

(બ) સન ૧૯૪૭ ના ઔદ્યોગિક તકરાર અધિનિયમ અન્વયેની જે ઉદ્યોગ સંબંધમાં સંયુકત સંચાલન પરિષદ (જોઈન્ટ મેનેજમેન્ટ કાઉન્સિલ) ની રચના માટે સરકારે આદેશ કાઢયા ન હોય તેવા ઉદ્યોગોની સૂચિ.

(૭) શ્રમ અને રોજગાર વિભાગની સન ૧૯૪૮ ના મુંબઈ દુકાનો અને સંસ્થા અધિનિયમ અન્વયેની તા. ૧૫--૨--૯૨ ની અધિસૂચના.

(૮) ગૃહ (વાહનવ્યવહાર) વિભાગની

(અ) સન ૧૯૮૮ ના મોટર વ્હીકલ અધિનિયમ અન્વયેની તા. ૨૨--૮--૯૧ ની અને તા. ૨૭-૧-૯૨ની એમ કુલ બે અધિસૂચના

(બ) સન ૧૯૫૮ ના મુંબઈ મોટર વ્હીકલ અધિનિયમ અન્વયેની:— તા. ૭-૯-૯૧, તા. ૧૧--૧૧--૯૧, તા. ૧૬-૧૧-૯૧ અને તા. ૮-૧-૯૨ની એમ કુલ ચાર અધિસૂચના

(ક) સન ૧૯૬૨ ના ગુજરાત કેરેજ ઓફ ગુડઝ ટેકસેશન અધિનિયમ અન્વયેની:—

તા. ૭-૯-૯૧, અને તા. ૮-૧-૯૨ની એમ કુલ બે અધિસૂચના

(૯) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા વિચરતી અને વિમુકત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના સાતમી ગુજરાત વિધાનસભાના બીજા અહેવાલ ઉપર તેમજ આઠમી ગુજરાત વિધાનસભાના બીજા, ત્રીજા અને પાંચમા અહેવાલ ઉપરના પગલાના પત્રકો.

૬. પંચાયતી રાજ સમિતિના પ્રમુખ, શ્રી બીજલભાઈ ડામોરે સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

૭. ઉદ્યોગ મંત્રી, શ્રી શશીકાન્ત લાખાણીએ સન ૧૯૯૨ નું ગુજરાત ઔદ્યોગિક વિકાસ (સુધારા) વિધેયક સભાગૃહની અનુમતીથી દાખલ કર્યું.

૮. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો અને છેલ્લો દિવસ)

અગિયાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ શ્રી માવજીભાઈ ચ. પટેલે આપ્યો.

ત્યારબાદ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ પરના સુધારા મત માટે મૂકવામાં આવ્યાં અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

બુધવાર, તા. ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યાં અને તેના જવાબો આપવામાં આવ્યાં.

૨. સભ્યશ્રી ભગુભાઈ પટેલે માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે આજે પ્રશ્નોત્તરી દરમિયાન સભ્યશ્રી મદનલાલ કાપડિયાનો પ્રશ્ન આવનાર હતો ત્યારે ગૃહના વિતરણ કેન્દ્ર પર તેમનો ફોન છે તેવો સંદેશો કહેવડાવી તેમને પ્રશ્ન પૂછતા રોકવાનો પ્રયત્ન થયો હતો, જે વાજબી નથી. આ અંગે તેમણે માનનીય મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

ત્યારબાદ ઉકત બાબતે માનનીય મુખ્ય મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે મૌખિક સ્પષ્તા કરી.

૩. શ્રી મહેન્દ્ર ત્રિવેદીએ નિયમ–૧૧૬ અન્વયે ભાવનગર શહેરમાં, તાજેતરમાં આશરે એક કરોડ રૂપિયાની હીરાની લૂંટના બનાવ અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર, મુખ્યમંત્રીશ્રી (ગૃહનું) ધ્યાન દોર્યું.

રાજય કક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત દા. પંડયાએ તેમનું લેખિત નિવેદન રજ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યાં.

૪. શ્રી અશોક ભટ્ટે માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી તા. ૧૭–૨–૯૨ના રોજ ઉપસ્થિત થયેલ મુદ્દા અંગે માનનીય મુખ્ય મંત્રીશ્રી જે વિગતો આજે આપનાર હતા તેનો સંદર્ભ આપી કચ્છના સૂરજબારી ખાતે રાહતકામ પરના મજૂર ભૂરાભાઈ અહેમદનું ભુખમરાથી જ મૃત્યુ થયું છે તે પ્રતિપાદિત કરવા વિગતો આપી માનનીય મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું અને તે બાબતમાં માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીની આગેવાની હેઠળ તપાસ સોંપવાની માંગણી કરી.

ત્યારબાદ સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતા, સભ્યશ્રી તારાચંદ છેડા અને સભ્યશ્રી પુષ્પદાન ગઢવીએ ઉકત બાબતે પોતાનાં દૃષ્ટિબિંદુ રજુ કર્યાં.

ત્યારબાદ માનનીય મુખ્ય મંત્રી શ્રી ચીમનભાઈ પટેલે ઉકત બાબતે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી અને આ મુદ્દા અંગે વિરોધપક્ષના નેતા, શ્રી કેશુભાઈ પટેલ તપાસ કરી અહેવાલ આપે તેવું સ્વીકાર્યું. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ આ કામગીરી સ્વીકારી.

૫. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા:—

(૧) ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનો સન ૧૯૯૦–૯૧નો ઓડિટ અહેવાલ.

(૨) ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૧૯૯૦–૯૧નો વાર્ષિક અહેવાલ તથા આયોગની સલાહનો જે કિસ્સામાં સરકાર દ્વારા અસ્વીકાર કરવામાં આવેલ તેની સ્પષ્ટીકરણાત્મક યાદી.

(૩) ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૧૯૮૬–૮૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલાં વિલંબ અંગેનું નિવેદન.

(૪) ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડનો સન ૧૯૮૯—૯૦ના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

(૫) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૬—૮૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્ટ્રોલર અને ઓડિટર જનરલની, ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

(૬) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની:—સન ૧૯૬૨ના ગુજરાત શિક્ષણ ઉપકર અધિનિયમ અન્વયેની ગુજરાત શિક્ષણ ઉપકર નિયમો, ૧૯૬૨ને વધુ સુધારતી તા. ૪—૧૦—૯૨ની અધિસૂચના.

૬. (૧) માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો વીસમો અહેવાલ રજૂ કર્યો.

(૨) બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી નાનાભાઈ રોયલાએ સમિતિનો પંદરમો અહેવાલ રજૂ કર્યો.

(૩) જાહેર હિસાબ સમિતિના પ્રમુખશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ સમિતિનો પ્રથમ અહેવાલ રજૂ કર્યો.

૭. સંસદીય બાબતોના મંત્રી, શ્રી દિનશા પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે "આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના વીસમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મુકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી નાનાભાઈ રોયલાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે:—

"આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પંદરમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મુકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૯. પૂરક માંગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

પૂરક માંગણીઓ પર ચર્ચા અને મતદાન શરૂ થાય તે પહેલાં સભ્ય શ્રી પ્રવિણસિંહજી જાડેજાએ મુદ્દો ઉપસ્થિત કરીને એમ જણાવ્યું કે નવી સેવા માટે અંદાજ સમિતિની ભલામણ કરતાં વધારે રકમ આપી છે અને વહીવટમાં જરૂર પડે એ રીતની સેવા ઊભી કરીને ખર્ચ કરેલ છે. એ રીતે કરી શકાય કે કેમ ?

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આ બધી માહિતી માનનીય સભ્યશ્રીઓને ૩ દિવસ પહેલાં આપી છે. તેમાં કારણો પણ આપવામાં આવ્યા છે. આથી આ મુદ્દો ટકી શકે તેમ ન હોવાથી તે નામંજૂર કર્યો.

પહેલાં દિવસની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સન ૧૯૯૧-૯૨ના વર્ષ માટેની બધી પૂરક માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની નામદાર રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક : ૧૩ મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઈ પટેલે રજૂ કરી, સામાન્ય વહીવટ વિભાગને લગતી પૂરક માંગણી ક્રમાંક: ૩૫ રાજ્ય કક્ષાના મંત્રી શ્રી પ્રબોધકાન્ત દા. પંડ્યાએ રજૂ કરી, ગૃહ વિભાગને લગતી પૂરક માંગણી ક્રમાંક : ૪૪ રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી શ્રી પ્રબોધકાન્ત દા. પંડ્યાએ રજૂ કરી, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગને લગતી પૂરક માંગણી ક્રમાંક : ૫૫ રાજ્ય કક્ષાના મંત્રી શ્રી મધુભાઈ ભુવાએ રજૂ કરી, માર્ગ અને મકાન વિભાગને લગતી પૂરક માંગણી ક્રમાંક : ૮૩ માનનીય મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઈ પટેલે રજૂ કરી, કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગને લગતી પૂરક માંગણી ક્રમાંક: ૨ કૃષિ, મંત્રી શ્રી શંકરજી ઠાકોરે રજૂ કરી, તેમજ સહકાર મંત્રી શ્રી દલસુખભાઈ ગોધાણીએ પૂરક માંગણી ક્રમાંક : ૬ રજૂ કરી, મહેસૂલ વિભાગને લગતી પૂરક માંગણી ક્રમાંક: ૭૫ મહેસૂલ મંત્રી, શ્રી દલસુખભાઈ ગોધાણીએ રજૂ કરી, શિક્ષણ વિભાગને લગતી પૂરક માંગણી ક્રમાંક : ૯ શિક્ષણ મંત્રી ડો. કરસનદાસ સોનેરીએ રજૂ કરી, ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતી પૂરક માંગણી ક્રમાંક : ૫૦ ઉદ્યોગ મંત્રી શ્રી શશીકાન્ત લાખાણીએ રજૂ કરી, કાયદા વિભાગને લગતી પૂરક માંગણા ક્રમાંક : ૬૧ કાયદા મંત્રી, શ્રી શશીકાન્ત લાખાણીએ રજૂ કરી, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક : ૮૯ આદિજાતિ વિકાસ મંત્રીશ્રી મોહનસિંહ રાઠવાએ પૂરક માગણી ક્રમાંક : ૯૧ રજૂ કરી.

પૂરક માંગણી ક્રમાંક : ૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, પુરક માંગણી ક્રમાંક : ૩૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૨, પૂરક માગણી ક્રમાંક : ૪૪ ઉપરની કાપ દરખાસ્ત: ક્રમાંક : ૪, ૫, ૬, ૭ અને ૮ પૂરક માગણી ક્રમાંક : ૫૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૯ અને ૧૦ પૂરક માંગણી ક્રમાંક : ૨ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧૨, ૧૩, ૧૪, ૧૫, અને ૧૬ પૂરક માગણી ક્રમાંક : ૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાક : ૧૭ અને ૧૮પૂરક માગણી: ક્રમાંક : ૭૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૯, ૨૦ અને ૨૧, પૂરક માગણી ક્રમાંક ૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬, પૂરક માગણી ક્રમાંક : ૫૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૭ અને ૨૮ પૂરક માગણી ક્રમાંક : ૬૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૯, પૂરક માગણી ક્રમાંક : ૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૦, ૩૧ અને ૩૨, પુરક માગણી ક્રમાંક : ૯૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૪ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ પૂરક માંગણીઓની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું. ઉપરોક્ત પુરક માંગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ. અગિયાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો :—

ચર્ચાના જવાબ ઉદ્યોગ મંત્રી, શ્રી શશીકાન્ત લાખાણી અને નાણાં મંત્રી શ્રી છબીલદાસ મહેતાએ આપ્યા :

પ્રથમ ઉપર્યુકત પૂરક માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક : ૧ અને ૨, ૪ થી ૧૦, ૧૨ થી ૩૨ અને ૩૪ મત ઉપર મુકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક : ૧૩, ૩૫, ૪૪, ૫૫, ૮૩, ૨, ૬, ૭૫, ૯, ૫૦, ૬૧, ૮૯ અને ૯૧ મત ઉપર મુકવામાં આવા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ગુરૂવાર, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૨

૧. પ્રશ્નો પુછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. પ્રશ્નોત્તરીના સમય દરમિયાન પ્રેક્ષક દીર્ઘામાંથી કેટલાક પ્રેક્ષકોએ સુત્રોચ્ચાર કર્યા અને પત્રિકા ફેંકી. સલામતી દળના સભ્યોઅ તેમની ધરપકડ કરીને દીર્ઘામાંથી દૂર કર્યા.

ત્યારબાદ સંસદીય બાબતોના મંત્રી શ્રી દિનશા પટેલે વિરોધપક્ષના નેતા, શ્રી કેશુભાઈ પટેલના અનુમાદનથા નાચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :—

"જે વ્યકિતઓએ આજે સભાગૃહની નજર સમક્ષ સુત્રોચ્ચાર કર્યા છે અને પત્રિકા ફેંકી છે તેમણે આ સભાગૃહનું અવમાન કરેલ છે. આથી આ વ્યકિતઓને આજે ગૃહના બેઠક પુરી થાય ત્યાં સુધા અટકાયતમાં રાખવામાં આવે.

પ્રસ્તાવ મત પર મુકવાસાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૩. શ્રી ઉદેસિહ બારિયાએ નિયમ—૧૧૬ અન્વયે પંચમહાલ જિલ્લાના દાહોદ શહેરમાં કમળાના રોગના અસંખ્ય કેસો અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર આરોગ્ય મંત્રી-શ્રીનું ધ્યાન દોર્યું.

આરોગ્ય મંત્રી, શ્રી બાબુભાઈ વાસણવાળાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપ-સ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૪. (૧) શ્રી લેખરાજ બચાણીએ માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી બનાસકાંઠા જિલ્લાના અસરગ્રસ્તોના સત્યાગ્રહને કારણે શિપુ ડેમના અટકી પડેલાં કામ અંગેનો મુદો ઉપસ્થિત કરી જળસંપત્તિ વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

જળસંપત્તિ વિભાગના મંત્રી, શ્રી છબીલદાસ મહેતાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૨) શ્રી હમીરભાઈ ધૂળાએ માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી માધવપુર ખાતે હરિજનોની કરવામાં આવેલી ધરપકડ અંગેનો મુદો ઉપસ્થિત કરી ગૃહ વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી શ્રી પ્રબોધકાન્ત દા. પંડ્યાએ જણાવ્યું કે આ અંગેની વિગતો આવી શકી ન હોવાથી તેઓશ્રી આવતી કાલે વિગતો આપશે.

(૩) શ્રી સવજીભાઈ કોરાટે માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી રાજકોટ જિલ્લાના જેત પુર તાલુકાના મેવાસા ગામ ખાતે છાપરવાડી ડેમની નહેર તૂટી જવાથી વાવેતરને થયેલ નુકશાન અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી જળસંપત્તિ વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના જળસંપત્તિ વિભાગના મંત્રી, શ્રી જશુભાઈ બારડે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૫. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મુકાયા :—

(૧) ગુજરાત રાજ્ય હાથશાળ, વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજર ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

(૨) ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

(૩) તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૯૬૬૨ (અગ્રતાક્રમ--૭) અનુસંધાને વધારાની માહિતી.

૬. **પૂરક માંગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) :**

નાણા વિભાગને લગતી પુરક માગણી ક્રમાંક : ૧૮ નાણા મંત્રી, શ્રી છબીલદાસએ મહેતાઅ રજૂ કરી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક : ૨૨ નાણા મંત્રીશ્રી છબીલદાસ મહેતાએ રજૂ કરી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક : ૪૧ પાણી પુરવઠા મંત્રી, શ્રી છબીલદાસ મહેતાએ રજૂ કરી, તથા પૂરક માગણી ક્રમાંક : ૩૯ આરોગ્ય મંત્રી, શ્રી બાબુભાઈ વાસણવાળાએ રજૂ કરી. ગૃહ વિભાગને લગતી પુરક માગણી ક્રમાંક : ૪૬ પરિવહન મંત્રી, શ્રી રામસિંહ પરમારે રજૂ કરી, શ્રમ અને રોજગાર વિભાગને લગતી પુરક માગણી ક્રમાંક : ૫૯ શ્રમ અને રોજગાર મંત્રી શ્રી રામસિંહ પરમારે રજૂ કરી, નર્મદા અને જળસંપત્તિ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક : ૬૪ નર્મદા વિકાસ મંત્રી, શ્રી બાબુભાઈ જ. પટેલે રજૂ કરી, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક : ૭૧ પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ મંત્રી, શ્રી લીલાધર વાઘેલાએ રજૂ કરી, માર્ગ અને મકાન વિભાગને લગતી પૂરક માગણી ક્રમાંક ૮૨ અને ૮૪ માર્ગ અને મકાન મંત્રી, શ્રી દિનશા પટેલે રજૂ કરી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને લગતી પૂરક માંગણી ક્રમાંક : ૯૫ શહેરી વિકાસ મંત્રી, શ્રી નરહરિ અમીને રજૂ કરી.

પૂરક માગણી ક્રમાંક : ૧૮ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧, ૨ અને ૩, પૂરક માગણી ક્રમાંક : ૨૨ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૪, ૫ ૬ અને ૭ પૂરક માગણી ક્રમાંક : ૪૧ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૯ અને ૧૦, પૂરક માગણી ક્રમાંક : ૩૯ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧૧ અને ૧૨, પૂરક માગણી ક્રમાંક : ૪૬ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧૩, ૧૪ અને ૧૫ પૂરક માગણી ક્રમાંક : ૫૯ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧૬ પૂરક માગણી ક્રમાંક : ૬૪ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧૭ અને ૧૮ પૂરક માગણી ક્રમાંક : ૭૧ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧૯ અને ૨૦, પૂરક માગણી ક્રમાંક : ૯૫ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૨૩ અને ૨૪ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

શરૂઆતમાં માનનીય અધ્યક્ષશ્રીએ ગિલોટીન અંગેની જાહેરાત કરી.

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે, જ્યારે પૂરક માગણી ક્રમાંક : ૬૪ રજૂ કરવા માટે માનનીય નર્મદા વિકાસ મંત્રીશ્રી ઊભા થયા ત્યારે એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે આ માગણીનું શુદ્ધિ-પત્રક આજે જ પૂરું પાડવામાં આવ્યું છે. તેમાં મહત્ત્વના ફેરફારો છે, જે પૂરતા સમય પહેલાં સભ્યશ્રીઓને મળવું જરૂરી હતું. અને તેમ કેમ થયું નથી, તે જાણવા માગ્યું.

ત્યારબાદ માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રીએ આવું નહિ બને તેની કાળજી રાખવામાં આવશે એવી ખાતરી આપી.

ઉપરોકાત માગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા શરૂ થઈ, નવ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ નાણા મંત્રી, શ્રી છબીલદાસ મહેતાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત પૂરક માગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્તો ક્રમાંક : ૧ થી ૭, ૯ થી ૨૦ અને ૨૩ અને ૨૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણીઓ ક્રમાંક : ૧૮, ૨૨, ૪૧, ૩૯, ૪૬, ૫૯, ૬૪, ૭૧, ૮૨, ૮૪ અને ૯૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

બપોરના ૨--૩૦ વાગ્યે ગિલોટીન લાગુ પાડવામાં આવ્યું.

૭. ત્યારબાદ સંબંધિત મંત્રીશ્રીઓએ પૂરક માગણીઓ ક્રમાંક : ૧૪, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૪૩, ૪૫, ૪૭, ૫૩, ૫૪, ૫૬, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૬૩, ૬૫, ૬૬, ૭૨, ૭૩, ૭૪, ૭૬, ૭૭, ૭૮, ૪૮, ૪૯, ૫૧, ૫૨, ૬૦, ૬૨, ૮, ૧૦, ૨૬, ૨૮, ૮૬, ૯૦, ૯૨, ૭૯, ૮૦, ૮૧, ૮૫, ૧, ૩, ૪, ૭, ૮૮, ૩૮, ૪૦, ૪૨, ૯૩, ૯૭, ૯૮, ૯૯, ૧૦૦, ૮૭, ૨૧, ૨૩, ૨૪, ૬૭, ૬૮, ૬૯, ૭૦, ૫૭, અને ૫૮ રજૂ કરી જે મત માટે મૂકવામાં આવતાં તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ ક્રમાંક : ૩૬ અને ૩૭ રજૂ કરી જેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

૮. બિન-સરકારી કામકાજ.

(૧) દાખલ થયેલા બિન-સરકારી વિધેયકો :

(૧) શ્રી જયનારાયણ વ્યાસે સન ૧૯૯૨નું ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) શ્રી ભોળાભાઈ પટેલે સન ૧૯૯૨નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) બિન–સરકારી સંકલ્પો :

(૧) શ્રી લેખરાજ બચાણીએ જીવન જરૂરી ચીજવસ્તુઓની જાહેર વિતરણ વ્યવસ્થા તંત્ર અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો સાત સભ્યશ્રીઓએ અને એક મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ શ્રી લેખરાજ બચાણીએ આપ્યો.

સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

(૨) શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ ૧૦ કિલો અનાજની યોજના ફરીથી દાખલ કરવા અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો.

ત્રણ સભ્યશ્રીઓએ અને મુખ્ય મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો :—

ચર્ચાનો જવાબ શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ આપ્યો.

સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

શુક્રવાર, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. મુખ્ય મંત્રી શ્રી ચીમનભાઈ પટેલે મુંબઈ વિધાનસભાના ભૂતપૂર્વ ધારાસભ્યશ્રી પરસોત્તમદાસ ટી. પટેલ, ગુજરાત વિધાનસભાના માજી ધારાસભ્ય શ્રીમતી ભાનુબેન મનુભાઈ પટેલ અને શ્રી બળવંતસિંહ સુધનસિંહ સોઢાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ શ્રી અશોક ભટ્ટ, શ્રી સી. ડી. પટેલ, શ્રી પ્રવિણસિંહજી જાડેજા, શ્રી દિનશા પટેલ, શ્રી ભીખાલાલ ભી. બાંભણિયા, શ્રી દિલીપસિંહ જ. ઠાકોર, શ્રી શંકરજી ઓ. ઠાકોર,

શ્રી સુભાષચંદ્ર સો. શેલત, શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોરે સ્વર્ગસ્થોને અંજલિ આપ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ તેમાં સૂર પુરાવ્યો.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને થોડીવાર મૌન પાળ્યું.

૩. (૧) શ્રી શકિતસિંહ હ. ગોહિલે, ડાંગ જિલ્લામાં જંગલ ખાતાના અધિકારીઓ તરફથી થયેલ ગોળીબારમાં એક આદિવાસી મહિલાના થયેલ મૃત્યુ અને આદિવાસીઓની ધરપકડ અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત દા. પંડયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

(૨) શ્રી શકિતસિંહ હ. ગોહિલે નિયમ--૧૧૬ અન્વયે ધોળકા તાલુકાના ગાંગડ ગામે હરિજન મહિલાઓની મશ્કરી અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર મુખ્યમંત્રી શ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત પંડયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૪. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા :—

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૧૯૮૭--૮૯ (૧૮ માસ)નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

૫. નાણા મંત્રી શ્રી છબીલદાસ મહેતાએ સન ૧૯૯૨--૯૩ માટેનું અંદાજપત્ર અંગેનું તેમનું પ્રવચન વાંચ્યું અને અંદાજપત્ર રજૂ કર્યું.

સોમવાર, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. શ્રી કનુભાઈ માવાણીએ નિયમ--૧૧૬ અન્વયે રાજકોટ શહેરમાં અતિ ભયાનક મનાતા "એડીસ ઈજિપ્ત" નામના મચ્છરોને કારણે ફેલાતા ચેપી "ડેંગ્યુ ફીવર" રોગના આક્રમણ અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રીશ્રી ડૉ. દિનેશભાઈ પરમારે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. (૧) શ્રી અશોક ભટ્ટે માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી મહેસાણા જિલ્લામાં ગ્રામપંચાયતની ચૂંટણી દરમિયાન વામૈયા ગામે થયેલા હુમલા અંગેનો મુદ્દા ઉપસ્થિત કરી માનનીય મુખ્ય મંત્રીશ્રાનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી શ્રી પ્રબોધકાન્ત દા. પંડ્યાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૨) શ્રી અશોક ભટ્ટે માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી સૌરાષ્ટ્રમાં ડુંગળીના પાકમાં ખેડૂતોને થયેલ ખોટ અને ખેડૂતોને ડુંગળીના પોષણક્ષમ ભાવો મળે તે માટે ખરીદી કરવા અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

કૃષિ મંત્રી, શ્રી શંકરજી ઠાકોરે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૪. ડુંગળીના પોષણક્ષમ ભાવ અંગેના મુદ્દાની ચર્ચા પૂરી થતી હતી તે દરમિયાન ભારતીય જનતા પક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઈને સુત્રોચ્ચાર કરવાનું શરૂ કરી દીધું. સભાગૃહમાં સુત્રોચ્ચારને કારણે ઘોંઘાટનું વાતાવરણ સર્જાઈ ગયું. આથી માનનીય અધ્યક્ષશ્રીએ સુત્રોચ્ચાર કરતાં ભારતીય જનતા પક્ષના સભ્યશ્રીઓને બેસી જવા માટે અને સુત્રોચ્ચાર બંધ કરવા માટે ચેતવણી આપી. આ ચેતવણીની કોઈ અસર ન થવાથી માનનીય અધ્યક્ષશ્રીએ સુત્રોચ્ચાર કરતાં સભ્યશ્રીઓ અને સભ્યશ્રી અશોક ભટ્ટને આજના દિવસ માટે સભાગૃહની બહાર જવા માટેનો આદેશ આપ્યો. આમ છતાં માનનીય સભ્યશ્રીઓએ સુત્રોચ્ચાર ચાલુ રાખ્યા. આથી આ સભ્યશ્રીઓને બહાર કાઢવા માટે સલામતી અધિકારીઓને માનનીય અધ્યક્ષશ્રીએ આદેશ આપ્યો.

દરમિયાન માનનીય મુખ્ય મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે એવું જણાવ્યું કે સભાગૃહને અડધા કલાક માટે મુલતવી રાખવામાં આવે.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહને અડધા કલાક માટે મુલતવી રાખ્યું (બપોરના ૧—૩૨ થી ૨—૦૦)

૫. સભાગૃહ મુલતવી રહ્યાનો સમય પુરો થયા બાદ સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતા, સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજા, સભ્યશ્રી અશોક ભટ્ટ, ઉપાધ્યક્ષશ્રી મનુભાઈ પરમાર, સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે સભાગૃહમાં થયેલા સુત્રોચ્ચાર અંગે તેમજ આ અંગે માનનીય અધ્યક્ષશ્રીએ આપેલા આદેશ બાબતમાં પોતાનાં મંતવ્યો રજૂ કર્યા.

માનનીય મુખ્ય મંત્રી,શ્રી ચીમનભાઈ પટેલે પણ સુત્રોચ્ચાર અંગે પોતાનું મંતવ્ય વ્યકત કર્યું અને ડુંગળીના પોષણક્ષમ ભાવો મળી રહે એ મુદ્દા અંગે સભાગૃહને માહિતી આપી.

પોતાનાં મંતવ્યો રજૂ કરવાની સાથે સભાગૃહમાં જે રીતે સુત્રોચ્ચાર થાય છે તેનો હથિયાર તરીકે ઉપયોગ ન થવો જોઈએ એ બાબતમાં બધા સભ્યશ્રીઓ સંમત થયા.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે છેલ્લા કેટલાક વખતથી સભાગૃહમાં અવારનવાર સુત્રોચ્ચાર કરવામાં આવે છે એ વાજબી નથી. વધુમાં તેમણે એમ પણ જણાવ્યું કે એક વખત સભાગૃહમાં આદેશ આપવામાં આવે ત્યારબાદ તેનો અમલ સભ્યશ્રીઓએ કરવો જોઈએ. અવારનવાર જે સુત્રોચ્ચાર થાય છે એ કોઈ રીતે ચલાવી શકાય નહિ. પરંતુ સભ્યશ્રીઓને બહાર જવા માટે મેં જે આદેશ આપેલ હતો તેની પુર્નવિચારણા

કરવા માટે મને જે વિનંતી કરવામાં આવી છે તે અનુસાર ખેદ સાથે હું મારો એ આદેશ પાછો ખેંચી લઉં છું.

૬. વિરામ બાદ કચ્છના સુરજબારી બાંટે થયેલ ભૂંકમરા અંગે સભાગૃહની નીમાયેલી સમિતિ બાબતનો મુદ્દો સભ્યશ્રી પ્રવિણસિંહજી જાડેજાએ ઉપસ્થિત કરીને જણાવ્યું કે સમિતિની રચના અંગે સભ્યશ્રીઓને માહિતી આપવામાં આવેલ છે પરંતુ આ સમિતિ સભાગૃહની છે એ તેની તપાસ કર્યા પછી સભાગૃહમાં એનો અહેવાલ આપશે કે કેમ તેનો કોઈ ઉલ્લેખ નથી. આથી આ બાબતમાં સ્પષ્ટતા થવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આ બાબતમાં તપાસ કરીને એમાં કાંઈ ઉમેરો કરવા જેવું લાગશે તો તેમ કરવામાં આવશે.

૭. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા:—

(૧) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગની સન ૧૯૬૧ ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની ગુજરાત ગ્રામ નગર પંચાયતોના કર અને ફી બાબતોના નિયમો, ૧૯૬૪ ને વધુ સુધારતી તા. ૩૦—૧૧—૧૯૯૧ ની અધિસૂચના.

(૨) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૧૯૮૯—૯૦ તથા ૧૯૯૦-૯૧ ના વાર્ષિક વહીવટી અહેવાલો તથા સન ૧૯૮૯—૯૦ના અહેવાલને સભા-ગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન.

૮. વાહન વ્યવહાર મંત્રી, શ્રી રામસિંહ પરમારે નિયમ—૯૩ અન્વયેનો નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો:—

"ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૧૯૮૯—૯૦નો વાર્ષિક વહીવટી અહેવાલ વિચારણામાં લેવામાં આવે."

સોળ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો:—

સભ્યશ્રી છગનલાલ ગો. પટેલ જ્યારે ચર્ચામાં ભાગ લેવા માટે ઉપસ્થિત થયા ત્યારે સભ્યશ્રી પ્રવિણસિંહજી જાડેજાએ એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે જે સભ્યશ્રી ચર્ચામાં ભાગ લેવા માટે ઉપસ્થિત થયા છે તેઓ જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખશ્રી પણ છે અને આ અહેવાલો પણ સમિતિની વિચારણા માટે આવતા હોય છે ત્યારે તેઓ ચર્ચામાં ભાગ લઈ શકે નહિ. આ બાબતમાં અગાઉ પણ માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપેલ છે.

માનનીય અધ્યક્ષશ્રીએ એમ જણાવ્યું કે જે અહેવાલની અહીંયા ચર્ચા થઈ રહી છે એ અહેવાલના મુદ્દાની ગુણદોષની ચર્ચા કર્યા સિવાય બીજા કોઈ મુદ્દા અંગે સભ્યશ્રી પોતાનાં મંતવ્યો રજૂ કરી શકશે.

ચર્ચાનો જવાબ વાહન વ્યવહાર મંત્રી, શ્રી રામસિંહ પરમારે આપ્યો.

મંગળવાર, તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. પ્રશ્નોત્તરી અને સભાગૃહની કાર્યવાહી અંગે બે મુદ્દા ઉપસ્થિત કરતાં સભ્યશ્રી શકિતસિંહ હ. ગોહિલે જણાવ્યું કે પ્રશ્નોત્તરી દરમિયાન જો કોઈ સભ્યશ્રી પોતાનો પ્રશ્ન પૂછવા માગતા ન હોય તો પણ મંત્રીશ્રીઓએ જાહેર હિતમાં તેના જવાબો આપવા જોઈએ.

તેમણે બીજો મુદ્દો ઉપસ્થિત કરીને એમ જણાવ્યું કે માનનીય અધ્યક્ષશ્રીની પરવાનગી સિવાય તા. ૨૧–૨–૧૯૯૨ ને શુક્રવારના રોજ સભ્યશ્રી નલિન ભટ્ટ જે કાંઈ બોલ્યા છે એ સભાગૃહની કાર્યવાહીમાંથી રદ થવું જોઈએ. ત્યારબાદ સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજા અને ઉદ્યોગ મંત્રીશ્રી શશીકાન્ત લાખાણીએ એમનાં મંતવ્યો રજૂ કર્યા.

આ બન્ને મુદ્દા અંગે માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતા જણાવ્યું કે પ્રશ્નોત્તરીદરમિયાન માનનીય મંત્રીશ્રીઓએ કેવી રીતે જવાબો આપવા તે બાબતમાં નિયમોમાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે. કોઈ પ્રશ્નનો જવાબ જાહેર હિતમાં આપવાનું યોગ્ય લાગતું હોય તો તે પ્રમાણે તેઓ જવાબ આપી શકે છે.

કાર્યવાહીમાંથી શબ્દો દૂર કરવા અંગે માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે રેકર્ડ જોઈને જો યોગ્ય લાગશે તો તેઓ કાર્યવાહીમાંથી એ ભાગ દૂર કરવા માટેનાં પગલાં લેશે.

ત્યારબાદ આજની પ્રશ્નોત્તરી દરમિયાન ભારતીય જનતા પક્ષના સભ્યશ્રીઓએ તેમણે પૂછેલા પ્રશ્નો પૂછવા માટે શા માટે ઊભા ન થાય અને મૌન રહેવાનું પસંદ કર્યું તે બાબતનો મુદ્દો ઉપસ્થિત કરીને સભ્યશ્રી અશોક ભટ્ટે જણાવ્યું કે મંત્રીશ્રીઓ તરફથી પ્રશ્નોના જે જવાબો આપવામાં આવે છે તેથી એ પક્ષના સભ્યશ્રીઓને સંતોષ થતો નથી.

આ મુદ્દા અંગે ઉદ્યોગ મંત્રી, શ્રી શશીકાન્ત લાખાણી, સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતા, શ્રી મનોહરસિંહજી જાડેજાએ પોતાનાં મંતવ્યો રજૂ કર્યા.

આ મુદ્દા અંગે માનનીય મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઈ પટેલે જણાવ્યું કે પ્રશ્નોત્તરીના સમય અંગેના મુદ્દાને તેઓ ગંભીર ગણે છે અને એની ગંભીરતાપૂર્વક નોંધ લે છે કારણ કે એ સમય ઘણો મહત્ત્વનો છે. આમ છતાં આ સમય દરમિયાન કોઈ વિવાદ ઉભો થાય તો તે બાબતમાં માનનીય અધ્યક્ષશ્રી મોનિટરિંગ કરીને ડિરેકશન પણ આપતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રીએ આ મુદ્દા અંગે જણાવ્યું કે પ્રશ્નોત્તરીનો સમય અગત્યનો છે. મંત્રીશ્રીઓ તરફથી પણ યોગ્ય જવાબો અપાય એ અપેક્ષિત છે. આમ છતાં સભ્યશ્રીઓને જવાબોથી સંતોષ ન થાય તો નિયમો અનુસાર તેનો ઈલાજ પણ કરવામાં આવતો હોય છે. પરંતુ બન્ને પક્ષે એવી અપેક્ષા જરૂર રાખી શકાય કે સભ્યશ્રીઓ પ્રશ્નો પૂછતી વખતે બહુ લાંબી પૂર્વ-ભૂમિકા બાંધીને પ્રશ્નો ન પૂછે અને માનનીય મંત્રીશ્રીઓ પણ બહુ લાંબા જવાબો ન આપે અને ટૂંકમાં વિગતવાર જવાબો આપે.

આ તબક્કે સભ્યશ્રી હરિશચંદ્ર પટેલે એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે આ ચર્ચા દરમિયાન ઉદ્યોગ મંત્રીશ્રી શશીકાન્ત લાખાણીએ ભારતીય જનતા પક્ષના સભ્યશ્રીઓનાં આજનાં ભૂથાં બાબતમાં જે કાંઈ કહ્યું છે તે યોગ્ય નથી.

માનનીય અધ્યક્ષશ્રીએ આ મુદ્દા અંગે એમ જણાવ્યું કે આ અંગે હું તપાસ કરાવીશ અને જે કાંઈ કરવા જેવું હશે તે કરીશ.

૩. શ્રી લેખરાજ બચાણીએ નિયમ—૧૧૬ અન્વયે બનાસકાંઠા જિલ્લાના સાંતલપુર તાલુકાના રોજુ ગામ પાસે થયેલ અકસ્માત અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહમંત્રી, શ્રી પ્રબોધકાન્ત દા. પંડ્યાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૪. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મુકાયા.

(૧) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૧૯૮૯--૯૦ નો વાર્ષિક અહેવાલ તથા સન ૧૯૮૯-૯૦નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન

(૨) ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૧૯૯૦—૯૧ નો વાર્ષિક અહેવાલ હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની:—

તા. ૧૧--૯--૯૧ અને તા. ૨૦--૯--૯૧ ની અધિસૂચના એમ કુલ બે અધિસૂચના

(૪) શ્રમ અને રોજગાર વિભાગની સન ૧૯૪૮ ની મુંબઈ દુકાનો અને સંસ્થા અધિનિયમ અન્વયેની તા. ૩--૨-૯૨ ની અધિસૂચના.

૫. (૧) માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો એકવીસમો અહેવાલ રજુ કર્યો.

(૨) વિશેષાધિકાર સમિતિના પ્રમુખશ્રી સુંદરસિંહ બ. ચૌહાણે સમિતિનો પહેલો અહેવાલ રજુ કર્યો.

(૩) પંચાયતી રાજ સમિતિના પ્રમુખશ્રી બીજલભાઈ ડામોરે સમિતિનો ચોથો અહેવાલ રજુ કર્યો.

૬. સંસદીય બાબતોના મંત્રી, શ્રી દિનશા પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો છે —

"આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના એકવીસમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મુકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭. સરકારી વિધેયકો.

નીચેનું સરકારી વિધેયક સભાગૃહે મંજૂર કર્યું અને પસાર કર્યું.

(૧) સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક--૮ સન ૧૯૯૨નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક.

વિરામ બાદ - ભારતીય જનતા દ્રપક્ષના સભ્યોના ભથ્થાં બાબતમાં ઉદ્યોગ મંત્રી, શ્રી રશીકાન્ત લાખાણીએ પોતાના સવારના વકતવ્યમાં જે ઉલ્લેખ કરેલ હતો તે બદલ દિલગીરી વ્યકત કરી.

(૨) (અ) ગુરવાર, તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨ (૨) અન્વયે સભ્યશ્રી અશોક ભટ્ટના સન ૧૯૯૧ના વટહુકમશેકમાંક-૫ સન ૧૯૯૧ના મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવ બાદ "સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક--૧ સન ૧૯૯૨નું મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક દાખલ થવાના તબક્કે સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો તેનો ફરીથી ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું કે નાણાં બિલની સાથે નાણાકીય વિવરણ હોવું જરૂરી છે. કોન્સોલિટેડ ફંડમાંથી નાણાંની જાવક રીફંડને કારણે થશે અને તે કારણે આ વિવરણ આવશ્યક છે. તેને કારણે આ વિધેયકની વિચારણા થઈ શકે નહિ.

સભ્ય, શ્રી મનોહરસિંહજી જાડેજાએ એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે આ બિલ સરકયુલેટ થયું હતું પણ સમયના અભાવે લઈ શકાયું ન હતું અને પછી એ વટહુકમના રૂપમાં બહાર પાડવામાં આવેલ છે. કન્ઝ્યુમરને એનાથી લાભ થતો નથી. બજેટની દરખાસ્તો પર પણ એની અસર પડે છે. આ મુદ્દા અંગે સભ્યશ્રી તારાચંદ છેડા સભ્યશ્રી પ્રવિણસિંહજી જાડેજા, સભ્યશ્રી અશોક ભટ્ટે પણ પોતાના મંતવ્યો વ્યકત કર્યા.

કાયદા મંત્રી, શ્રી શશીકાન્ત લાખાણીએ આ મુદ્દા અંગે એવું મંતવ્ય વ્યકત કર્યું કે બંધારણની જોગવાઈ પ્રમાણે આમાં કોઈ એકસપેન્ડિચર ન હોવાથી આ નાણાં બિલ સાથે નાણાકીય યાદી આપેલ નથી. આ વિધેયકની એક પણ કલમ એવી નથી કે જેમાં ખર્ચ કરવાનો હોય. આ અંગેનું સર્ટિફિકેટ મંત્રીશ્રી તરફથી આપવામાં આવે તો પણ એની ચર્ચા થઈ શકે છે. આમાં કાયદાનો કે કોઈ નિયમોનો કોઈ ભંગ થયો નથી.

ચર્ચા દરમયાન એકસપેન્ડિચર, એકસપેન્સ, રીફંડ અને રીએમ્બર્સમેન્ટની જે વ્યાખ્યા શબ્દકોશમાં આપવામાં આવેલ છે તેની પણ રજૂઆત કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, પોતાનો નિર્ણય આપતા હતા તે દરમિયાન સભ્ય, શ્રી અશોક ભટ્ટે એડવોકેટ જનરલને બોલાવવાની માગણી કરી તેમજ સભ્ય શ્રી વજુભાઈ વાળા સભ્ય, શ્રી અરવિંદભાઈ પટેલ, સભ્ય શ્રી હરિચંદ્ર પટેલે પોતાનાં મંતવ્ય રજૂ કરીને માનનીય અધ્યક્ષશ્રીને એમનો નિર્ણય મુલતવી રાખવા માટેની વિનંતી કરી.

ચર્ચાને અંતે માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આ મુદ્દા ઉપરની બધી ચર્ચાને આવરી લઈને હું મારો નિર્ણય આવતી કાલે આપીશ..

બુધવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૨

૧. પ્રશ્નો પુછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. શ્રી ઈશ્વરસિંહ શિ. ચાવડાએ નિયમ--૧૧૬ અન્વયે વિસનગર કો-ઓપરેટીવ સ્પિનીંગ મિલ બંધ થવાના ઉભા થયેલા ભય અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર ઉદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું ;

ઉદ્યોગ મંત્રી, શ્રી શશીકાન્ત આ. લાખાણીએ તેમનું લેખિત નિવેદન રજુ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. સભ્ય, શ્રી અશોક ભટ્ટે પીપાવાવ બંદરના ખાનગી રીતે વિકાસ કરવાના વર્તમાનપત્રમાં આવેલા અહેવાલ અંગે ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો.

માનનીય મુખ્ય મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે એમ જણાવ્યું કે ઔચિત્ય ભંગનો જે મુદ્દો ઉપસ્થિત કરવામાં આવેલ છે. એનો વિસ્તૃત ખુલાસો આવતીકાલે કરીશ. જો કે આ કોઈ ખાનગી કંપનીને સોંપી દેવાની વાત નથી. આતો જોઈન્ટ સેક્ટર પ્રોજેક્ટ છે.

૪. (૧) સભ્યશ્રી વજુભાઈ ધાણક તથા સભ્યશ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી અમરેલી જિલ્લામાં ધારીની બાજુમાં ફતેહગઢ ગામે હથિયારધારી માણસોએ કરેલા હુમલા તથા ખૂન, ધાડ, લૂંટ વગેરે અસામાજિક પ્રવૃત્તિઓ અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય મુખ્ય મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૨) સભ્યશ્રી ભગુભાઈ પટેલે માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી સિંચાઈનું પૂરું પાણી મળવા અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી સિંચાઈ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના જળસંપત્તિ મંત્રીશ્રી જશુભાઈ બારડે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૫. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા:—

જાહેર સાહસો માટેની સમિતિના, સાતમી ગુજરાત વિધાનસભાના નવમા, દશમા, ચૌદમા, સોળમાં અને એકવીસમા અહેવાલ તેમજ આઠમી ગુજરાત વિધાનસભાના પહેલા અને બીજા અહેવાલ ઉપરનાં પગલાંનાં પત્રકો.

૬. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નાનાભાઈ રોયલાએ સમિતિનો સોળમો અહેવાલ રજૂ કર્યો.

૭. બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નાનાભાઈ રોયલાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે:-

"આ સભાગૃહ, બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સોળમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૨ તેમજ તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨ (૨) અન્વયે સભ્યશ્રી અશોક

ભટ્ટના સન ૧૯૯૧ના વટહુકમ ક્રમાંક:-૫-સન ૧૯૯૧ના મુંબઈ મોટર વાહનવેરા (ગુજરાત સુધારા) વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવ બાદ" સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક ૧-સન ૧૯૯૨ નું મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક દાખલ થવાના તબકકે સભ્યશ્રી– સુરેશચંદ્ર રૂ. મહેતાએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો તે નામંજૂર કરતો નિર્ણય માનનીય અધ્યક્ષશ્રીઅ વાંચી સંભળાવ્યો.

૯. જળસંપત્તિ મંત્રી, શ્રી છબીલદાસ મહેતાએ નિયમ--૯૩ અન્વયેનો નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૧૯૮૯--૯૦ અને ૧૯૯૦--૯૧ ના વાર્ષિક વહીવટી અહેવાલો વિચારણામાં લેવામાં આવે."

એકવીસ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો:-

ચર્ચાનો જવાબ જળસંપત્તિ મંત્રી, શ્રી છબીલદાસ મહેતાએ આપ્યો.

ગુરૂવાર, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. પ્રશ્નોત્તરીના સમય દરમિયાન સભ્યશ્રી ઉદેસિંહ બારિયાએ પૂરક પ્રશ્ન પૂછવાનો સતત આગ્રહ રાખ્યો પરતુ એમને તક મળી નહિ તેથી નારાજ થઈ તેઓ સભાત્યાગ કરી ગયા.

૩. શ્રી સવજીભાઈ કોરાટે નિયમ--૧૧૬ અન્વયે એગ્રીકલ્ચર યુનિવર્સિટીના એન્જિનિયરોના બેકારીના પ્રશ્નના ઉકેલ માટે તાકીદની જાહેર અગત્યની બાબત પર કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

કૃષિ મંત્રી, શ્રી શંકરજી ઠાકોરે તેમનું નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૪. સભ્ય, શ્રી અશોક ભટ્ટે પીપવાવ બંદરનો ખાનગી રાહે વિકાસ કરવાના વર્તમાનપત્રમાં આવેલા અહેવાલ અંગે તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ જે મુદ્દો ઉપસ્થિત કર્યો હતો તે બાબતમાં માનનીય મખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલે ખુલાસો આપતા જણાવ્યું કે આ અગાઉ સભાગૃહમાં ચર્ચા દરમિયાન આ માહિતી સભાગૃહને એમણે આપેલી છે. આથી આમાં કોઈ નવી નીતિવિષયક નીતી સંકળાયેલી નથી.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આ અંગેનો નિર્ણય તેઓ વિરામ બાદ ૩-૧૫ વાગ્યે આપશે.

૫. પ્રશ્નોત્તરી દરમિયાન મંત્રીશ્રીઓ તરફથી જે જવાબો આપવામાં આવે છે તે બાબતમાં સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે મુદ્દા ઉપસ્થિત કરતા જણાવ્યું કે એક જ પ્રશ્નના જુદા જુદા પૂરક પ્રશ્નો દરમિયાન મંત્રીશ્રીઓ જુદા જુદા જવાબો આપતા હોય છે. તો એમાંથી કયા જવાબને માન્ય ગણવો તેમજ જે પૂરક પ્રશ્નો પૂછવામાં આવે છે એની ચોકકસ માહિતી મંત્રીશ્રીઓએ આપવી જોઈએ.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભાગૃહમાં આ બાબત અવારનવાર ઉપસ્થિત થાય છે. આ બાબતમાં સરકારના દરેક મંત્રીશ્રીએ ધ્યાન રાખવું જોઈએ. એમ આપણે ઈચ્છીએ અને સાથોસાથ સભ્યશ્રીઓ જે પ્રશ્નો પૂછે છે એ પણ તેની સાથે રેલેવન્ટ હોવા જોઈએ. મંત્રીશ્રીઓ હોમવર્ક કરીને આવે તેમજ કાલ્પનિક પ્રશ્નો અંગેની પણ તૈયારી રાખે અને વિભાગ તરફથી જે જવાબો તૈયાર કરીને રજૂ થતા હોય છે. તેની પણ ચકાસણી કરીને જો જવાબો આપવામાં આવે તો સભ્યશ્રીઓને પૂરતો સંતોષ આપી શકાશે.

૬. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા:-

(૧) ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૧૯૯૦--૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમ ની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત ટ્રેકટર નિગમ લિમિટેડનો સન ૧૯૯૦--૯૧ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારી સમીક્ષા.

(૩) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૧૯૮૭--૮૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો ઓડિટ અહેવાલ તેમજ અને અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન.

૭. સચિવશ્રીએ, ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે. તે સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક:-૩-સન ૧૯૯૨નું ગુજરાત વેચાણવેરા (સુધારો) વિધેયકને સભાગૃહના મેજ ઉપર મૂકયું.

૮. શિક્ષણ મંત્રી, શ્રી ડો. ક્રરસનદાસ સોનેરીએ સન ૧૯૯૨નું ગુજરાત પરીક્ષાઓમાં ગેર-રીતિઓ અટકાવવા બાબતનું વિધેયક સભાગૃહની અનુમતીથી દાખલ કર્યું.

૯. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દીવસ)

પોઈન્ટ ઑફ ઓર્ડર.

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલાં સભ્યશ્રી શકિસિંહ ગોહિલે એવો મુદો ઉપસ્થિત કર્યો કે કામગીરી અંદાજપત્રની નકલો એમને હમણાં જ મળી છે. જો આ નકલો વેળાસર મળે તો તેનો અભ્યાસ કરીને ચર્ચા કરવામાં અનુકૂળતા થાય.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભ્યશ્રીઓ જાણે છે. તે પ્રમાણે કામગીરી અંદાજપત્રની નકલ માગણીની ચર્ચા વખતે અપાય છે.

તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ ગૃહમાં રજૂ થયેલું સન ૧૯૯૨--૯૩ માટેના અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલાં માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની ચર્ચાના અવકાશ અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

એક સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો:-

૧૦. સભ્યશ્રી અશોક ભટ્ટે પીપાવાવ બંદરનો ખાનગી રાહે વિકાસ કરવાના વર્તનમાનપત્રમાં આવેલા અહેવાલ અંગે તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ જે ઔચિત્ય ભંગનો મુદો ઉપસ્થિત કર્યો હતો. અને તે બાબતમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખુલાસો આપતા જણાવ્યું હતું કે અગાઉ સભાગૃહમાં ચર્ચા દરમિયાન આ માહિતી એમણે સભાગૃહને આપેલી છે. અને એમાં કોઈ નવી નીતિવિષયક બાબત સંકળાયેલી નથી. તે બાબતમાં માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતા જણાવ્યું કે, સમગ્ર રીતે જોતાં સભ્યશ્રી અશોક ભટ્ટનો ઔચત્ય ભંગનો આ મુદો ટકી શકે તેમ નથી અને તેથી તે નામંજૂર કરવામાં આવે છે.

૧૧. બિન-સરકારી વિધેયકો

(૧) દાખલ થયેલા બિન-સરકારી વિધેયકો

૧. સભ્યશ્રી ભોળાભાઈ પટેલે સન ૧૯૯૨નું ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૨. સભ્યશ્રી જયનારાયણ વ્યાસે સન ૧૯૯૨નું મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૩. સભ્યશ્રી જયનારાયણ વ્યાસે સન ૧૯૯૨નું ગુજરાત (રાજય સેવક દ્વારા) લોક તિરસ્કાર અટકાવવા બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૪. સભ્યશ્રી ડો. ચંદ્રિકાબહેન ચુડાસમાએ સન ૧૯૯૨નું ગુજરાત મહિલા રક્ષક દળ વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૫. સભ્યશ્રી ડો. ચંદ્રિકાબહેન ચુડાસમાએ સન ૧૯૯૨નું ગુજરાત સ્ત્રી છેડતી પ્રતિબંધ વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન-સરકારી વિધેયકો

આ તબક્કે સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે એક કરતાં વધારે બિન-સરકારી વિધેયકો ચર્ચા માટે હોય ત્યારે તેનું બેલેટ કરીને ક્રમ નક્કી કરવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રીએ આ મુદ્દાનો સ્વીકાર કરતાં જણાવ્યું કે બેલેટ કરીને ક્રમ નક્કી કરવો જોઈએ. પરંતુ આજે ત્રણેય બિન-સરકારી વિધેયકો ચર્ચા માટે આવે છે.

નીચેનાં બિન-સરકારી વિધેયકોનાં પહેલા વાંચનના પ્રસ્તાવો રજૂ થયા અને ચર્ચાને અંતે સભાગૃહની અનુમતિથી તે વિધેયકો પાછાં ખેંચી લેવામાં આવ્યાં.

(૧) સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક-૪ સન ૧૯૯૧નું ગુજરાત નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોરપોરેશનો સેવા કમિશન વિધેયક.

પ્રભારી સભ્ય, શ્રી ડો. ચંદ્રિકાબહેન ચુડાસ્મા.

(૨) સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક-૬ સન ૧૯૯૨નું ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક.

પ્રભારી સભ્યશ્રી જયનારાયણ વ્યાસ.

૧૨. આ તબક્કે પ્રેક્ષક દીર્ઘામાંથી કેટલીક મહિલા પ્રેક્ષકોએ સુત્રોચ્ચાર કર્યા અને પત્રિકા ફેંકી સલામતી દળના સભ્યોએ તેમની ધરપકડ કરીને દીર્ઘામાંથી દૂર કર્યા.

ત્યારબાદ માનનીય કાયદા મંત્રી, શ્રી શશીકાન્ત લાખાણી સભ્યશ્રી વજુભાઇ વાળાના અનુમોદનથી નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

જે પ્રેક્ષકોએ આજે સભાગૃહની નજર સમક્ષ સુત્રોચ્ચાર કર્યા છે અને પત્રિકા ફેંકી છે તેમણે આ સભાગૃહનું અવમાન કરેલ છે. આથી આ વ્યક્તિઓને આજે ગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધી અટકાયતમાં રાખવામાં આવે.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

બિન-સરકારી વિધેયકો : ક્રમશ :

(૩) સન ૧૯૯૨નું વિધેયક-૭ સન ૧૯૯૨નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક.

પ્રભારી સભ્યશ્રી ભોળાભાઇ પટેલ.

શુક્રવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. સભ્યશ્રી જયેન્દ્રકુમાર ખત્રીએ નિયમ-૧૧૬ અન્વયે ખંભાતના રૂરલ વિભાગના પી.એસ. આઈ.એ. ઓકટ્રોય નાકાના કારકુનોને નશો કરેલી હાલતમાં આવીને તેમની સાથે ગાળાગાળી કરીને મરણતોલ માર મારવા અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) નું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત દા. પંડયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. (૫) સભ્યશ્રી પોપટલાલ વિ. પટેલે માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી ગાંધીનગર-ચીલોડા માર્ગ પર મળી આવેલ લાશ અને તેના થયેલા શંકાશીલ ખૂન અંગેનો મુદો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત દા. પંડયાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૨) સભ્યશ્રી અશોક ભટ્ટ તથા સભ્યશ્રી જનાર્દ ભાઈ મ. પરમારે માનનીય અધ્યક્ષશ્રીનીપૂર્વ-મંજૂરીથી ખંભાત તાલુકાના નભોઈ ગામ ખાતે હરિજનો ઉપર થયેલા હુમલા અંગેનો મુદો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજકક્ષાના ગૃહ મંત્રી શ્રી પ્રબોધકાન્ત દા. પંડયાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૪. રાજ્યમાં અછતની પરિસ્થિતિ જાહેર કરતું મહેસુલ મંત્રીશ્રી દલસુખભાઈ જે. ગોધાણીએ નિયમ-૪૪ હેઠળનું નિવેદન કર્યું.

૫. અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા બીજા દિવસે ચાલુ રહી વધુ અગિયાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૬. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

ગ. વા. માવલંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરોના વ્યાખ્યાનમાં માનનીય સભ્યશ્રીઓ હાજરી આપી શકે એ માટેની વ્યવસ્થા અંગે માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીઓને માહિતી આપી.

મંગળવાર, તા. ૩જી માર્ચ, ૧૯૯૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. આજની પ્રશ્નોત્તરી દરમિયાન અપાયેલા જવાબો અંગેનો મુદ્દો ઉઠાવતા સભ્યશ્રી અશોક ભટ્ટે જણાવ્યું કે મંત્રીશ્રીઓ તરફથી જે જવાબો આપવામાં આવે છે એમાં સુધારા હોય છે. આવા સુધારા અગાઉથી સભ્યશ્રીઓને આપી દેવા જોઈએ. માહિતીના અભાવે અમુક પ્રશ્નો મુલતવી પણ રાખવા પડતા હોય છે.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી અશોક ભટ્ટના મુદ્દાનો સ્વીકાર કર્યો અને જણાવ્યું કે મંત્રીશ્રીઓ તરફથી આપવામાં આવતા જવાબોના સુધારાની માહિતી સભ્યશ્રીઓને આગોતરી મળી જવી જોઈએ. જે કોઈ માહિતી પાછળથી આપવાની થતી હોય એ સભાગૃહના મેજ ઉપર મૂકવી જોઈએ. આમ કરવાથી આવી પરિસ્થિતિ ઊભી થતી ટાળી શકાશે.

૩. સભ્યશ્રી મદનલાલ કાપડિયાએ નિયમ-૧૧૬ અન્વયે સુરત ખાતે રૂદરપુરા પોલીસે લાઈસન્સ માં રહેતા ૬૦ જેટલા પોલીસ કર્મચારી તેમજ ૪૦૦ થી વધુ પછાત જાતિનાં કુટુંબોની મહિલાઓ તેમજ બાળકો ઉપર અસામાજિક તત્વો દ્વારા થતા હુમલા અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત દા. પંડ્યાએ તેમનું લેખિત નિવેદન રજુ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૪ (૧) સભ્યશ્રી કાનજીભાઈ મ. પટેલે માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી સુરત જિલ્લાના મહુવા ખાતે આદિવાસી સ્ત્રી ઉપર થયેલ બળાત્કાર અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહમંત્રી, શ્રી પ્રબોધકાન્ત દા. પંડ્યાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૨) સભ્યશ્રી ભરત બારોટે રાજ્યની અંદર ફરતા થયેલા રૂપિયાના બનાવટી સિક્કા અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી શ્રી પ્રબોધકાન્ત દા. પંડ્યાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૫. નીચેનો કાગળો સભાગૃહના મેજ ઉપર મુકાયા :

(૧) ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું સન ૧૯૯૧-૯૨ના વર્ષ માટેનું અંદાજપત્ર તથા ૧૯૯૦-૯૧ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા આ અંદાજપત્રને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

(૨) મહેસુલ વિભાગની સન ૧૯૯૧ના ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને પાછી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબતના અધિનિયમ અન્વયેની તા. ૩-૧-૯૨ની અધિસૂચના.

૬. માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ પર સભ્યશ્રીઓની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો.

૭. માનનીય અધ્યક્ષશ્રીએ તા. ૧૭-૨-૯૨ના રોજ અધ્યક્ષશ્રીની દીર્ઘા માટે સગીર બાળકને આપવામાં આવેલ પ્રવેશપત્ર અંગેની માહિતી સભાગૃહને આપી.

આ ઉપરાંત જુદી જુદી દીર્ઘાઓમાંથી પ્રેક્ષકો દ્વારા થતા સુત્રોચ્ચાર અને પત્રિકાના બનાવો અંગે ચિંતાની લાગણી વ્યકત કરી અને માનનીય સભ્યશ્રીઓને પ્રવેશપત્રોની ભલામણો કરતાં પહેલાં સંયમ અને તકેદારી જાળવવા વિનંતી કરી.

૮. અંદાજ સમિતિના સભ્યશ્રી મદનલાલ કાપડિયાએ સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

૯. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ત્રીજા દિવસે ચાલુ રહી. વધુ બાર સભ્યોશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૧૦. સભ્યશ્રી અશોક ભટ્ટના પ્રવચન દરમિયાન સરકાર ઉપર થતા આક્ષેપો અંગે કાયદા મંત્રી, શ્રી શશીકાન્ત લાખાણીએ વાંધો ઉઠાવ્યો.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે જનરલ ટોનમાં થતા આક્ષેપોમાં પરવાનગી જરૂરી હોતી નથી. પરંતુ વ્યકિતગત રીતે આક્ષેપો કરાય તો પરવાનગી લેવી પડે. આમ છતાં આક્ષેપો સાથે સંસ્થાઓના નામને સાંકળવામાં સંયમ રાખવા જણાવ્યું.

બુધવાર, તા. ૪થી માર્ચ, ૧૯૯૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાએ પ્રશ્નોત્તરી દરમિયાન મંત્રીશ્રીઓ તરફથી આપવામાં આવતા જવાબો અંગે મુદ્દો ઉપસ્થિત કરીને એમ જણાવ્યું કે જે જવાબો આપવામાં આવે છે એ વિગતવાળા અને માહિતીપ્રદ હોવા જોઈએ. પરંતુ જે જવાબો આપવામાં આવે છે એ પ્રશ્નોને સુસંગત હોતા નથી. આથી સભ્યશ્રીઓને મુશ્કેલી થાય છે.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ સભ્યશ્રીઓનાઆ મુદ્દા સાથે સંમત થતા માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે એક યા બીજી રીતે આવા મુદા ઉપસ્થિત થાય છે. જે પ્રશ્નો પૂછવામાં આવે છે એના સુસંગત જવાબો માનનીય મંત્રીશ્રીઓ તરફથી આપવામાં આવે તો સમયનો પણ બચાવ થઈ શકે અને સભ્યશ્રીઓને પણ મુશ્કેલી ન પડે અને માનનીય મંત્રીશ્રીઓ જવાબો આપતી વખતે આ બાબતમાં વિશેષ કાળજી રાખશે તેમ પણ જણાવ્યું.

૩. શ્રી શકિતસિંહ હ. ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતાં જણાવ્યું કે જ્યારે માનનીય અધ્યક્ષશ્રી સભાગૃહમાં પોતાનો નિર્ણય આપતા હોય ત્યારે અધિકારી દીર્ઘામાં અવરજવર થતી હોય છે એ બરાબર નથી.

માનનીય અધ્યક્ષશ્રીએ ફરીથી આવું ન બને એ માટે તકેદારી રાખવા જણાવ્યું.

૪.(૧) શ્રી અશોક ભટ્ટે નિયમ-૧૧૬ અન્વયે અમદાવાદમાં એન.ટી.સી. સંચાલિત ન્યુ. ટેક્સ ટાઈલ મિલના કામદારોને તેમના સન ૧૯૯૧ના પગારનાં બાકી નીકળતા લહેણાં ચુકવવામ. થતી અનિયમિતતા અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર શ્રમ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

ઉદ્યોગ મંત્રીશ્રી શશીકાન્ત આ. લાખાણીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

(૨) શ્રી કાન્તિભાઈ ધ. કથોરિયાએ નિયમ-૧૧૬ અન્વયે ઉત્તર ગુજરાતમાં ચાલુ વર્ષે રાયડા નો પુષ્કળ પાક થતાં હવે ભાવ નીચે ઉતરતાં ખેડૂતોમાં ફેલાયેલી રોષની લાગણી અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

કૃષિ મંત્રીશ્રી શંકરજી ઓ. ઠાકોરે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નો-ના જવાબો આપ્યા.

૫. નીચેનો કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા.

(૧) ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૯-૯૦નો વાર્ષિક અહેવાલ હિસાબો. આડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

(૨) ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૧૯૯૦—૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટ જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.

૬. બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નાનાભાઈ રોયલાએ સમિતિનો સત્તરમો અહેવાલ રજૂ કર્યો.

૭. બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રી નાનાભાઈ રોયલાએ પ્રસ્તાવ કર્યો કે :—

"આ સભાગૃહ બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સત્તરમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ચોથા અને છેલ્લા દિવસે ચાલુ રહી. વધુ પંદર સભ્યશ્રી-ઓએ ચર્ચામાં ભાગ લીધો.

પોઈન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રી કાનજીભાઈ મ. પટેલના પ્રવચન દરમિયાન પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં સભ્ય શ્રી શકિતસિંહ હ. ગાહિલે જણાવ્યું કે સભ્યશ્રી એમના પ્રવચન દરમિયાન અંદાજપત્ર પર સામાન્યચર્ચા કરવાને બદલે જુદા જુદા વિભાગના પ્રશ્નોની રજૂઆત કરે છે તે બરાબર નથી

માનનીય અધ્યક્ષશ્રીએ આ મુદ્દાનો સ્વીકાર કર્યો. પરંતુ સાથે એમ પણ જણાવ્યું કે દરેક માનનીય સભ્યશ્રી આ રીતે ચર્ચા કરતા આવ્યા છે. જો કે આવા પ્રશ્નોની ચર્ચા માગણીઓ પરની ચર્ચા દરમિયાન થવી જોઈએ.

ચર્ચાનો જવાબ નાણા મંત્રીશ્રી છબીલદાસ મહેતાએ આપ્યો. અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા પૂરી થઈ.

૯. સભ્યશ્રી ગોપાલદાસ ભોજવાણીએ તા. ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૦૨૭૭ (અગ્રતાક્રમ ૧૭) "રાજયમાં ગેંગવોરના બનાવો" સંબંધમાં માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) એ આપેલા જવાબ ઉપરથી જાહેર અગત્યની બાબત પર અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરી અને તેમનાં મંતવ્યો રજૂ કર્યા.

રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રબોધકાન્ત દા. પંડયાએ ચર્ચાનો જવાબ આપ્યો.

ચર્ચા પૂરી થઈ.

ગુરુવાર, તા. ૫મી માર્ચ, ૧૯૯૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. (૧) સભ્યશ્રી તેરસિંહ ડામોરે નિયમ-૧૧૬ અન્વયે પાટાડુંગરી જળાશય યોજનાનું પાણી પીયત માટે ન મળતાં પાકો સૂકાઈ જવાની પરિસ્થિતિ અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર સિંચાઈ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજય કક્ષાના જળસંપતિ મંત્રીશ્રી જશુભાઈ બારડે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

(૨) વડોદરા શહેરમાં સસ્તા અનાજની દુકાનો પર નાગરિક પુરવઠા વિભાગ દ્વારા રેડ પાડવાને કારણે કાર્ડ-હોલ્ડરોને માલ મેળવવામાં પડતી મુશ્કેલી અંગેની, તાકીદના જાહેર અગત્યની બાબત માનનીય નાણા મંત્રીશ્રી છબીલદાસ મહેતાએ આવતીકાલ પર મુલતવી રાખવા અંગેની વિનંતી કરતાં, એ મુલતવી રાખવામાં આવી.

૩. (૧) સભ્યશ્રી અશોક ભટ્ટે માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી મેરી ટાઈમ બોર્ડના અધ્યક્ષશ્રીને ત્યાં આવકવેરા ખાતાના અધિકારીઓએ પાડેલા દરોડા અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઈ પટેલે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૨) સભ્યશ્રી પ્રવિણસિંહજી જાડેજાએ માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી અમદાવાદમાં અગાઉ થયેલ ચોરીના ગુના અંગે શકમંદોને પકડયા પછી મંત્રી મંડળના એક સભ્યના કહેવાથી કેસ મુલતવી રાખવા અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઈ પટેલે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૩) સભ્યશ્રી જયનારાયણ વ્યાસે માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી વડગામમાંથી નર્મદા યોજનાના અસરગ્રસ્તોને ખસેડવાની પ્રવૃત્તિ અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી નર્મદા વિકાસ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નર્મદા વિકાસ મંત્રીશ્રી બાબુભાઈ જ. પટેલ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૪) સભ્યશ્રી જયેન્દ્રકુમાર ભ. અત્રીએ માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી બોરસદ તાલુકાના ભાદરણ ખાતે પડેલ ધાડ અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રબોધકાન્ત દા. પંડયાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૫) સભ્યશ્રી શકિતસિંહ હ. ગોહિલે માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી અમરેલીમાં વેચાતી બિન-આરોગ્યપ્રદ ગુલ્ફીના વેચાણ અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

આરોગ્ય મંત્રીશ્રી બાબુભાઈ વાસણવાળાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૬) સભ્યશ્રી પ્રવિણસિંહજી જાડેજાએ માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી મેઘરજમાં ૮ થી ૧૦ ધોરણના છાત્રાલયમાં ચાલતી અસામાજિક પ્રવૃત્તિઓ અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી સમાજ કલ્યાણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

સમાજ કલ્યાણ મંત્રીશ્રી મોહનસિંહ રાઠવાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૪. (૧) સૂત્રાપાડામાં બનેલા લઠ્ઠાકાંડ સંબંધમાં તપાસ કરવા નિમાયેલી સમિતિના પ્રમુખશ્રી ચી. ડી. પટેલે સમિતિનો અહેવાલ રજૂ કર્યો.

(૨) સરકારે આપેલી આતરીઓ માટેની સમિતિના પ્રમુખશ્રી નિરંજન પટેલે સમિતિનો બીજો અહેવાલ (ભાગ-૧) રજૂ કર્યો.

૫. શૂન્યકાળ અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતાં સભ્યશ્રી ઉદેસિંહ બારિયાએ જણાવ્યું કે જે બાબતમાં નિયમ-૧૧૬ની નોટિસ દાખલ થઈ ગઈ હોય તે બાબતમાં પણ શૂન્યકાળ દરમિયાન મુદ્દો ઉઠાવવામાં આવે તો તે બરાબર નથી.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આ એક અગત્યનો મુદ્દો ઉપસ્થિત થયો છે. નોટિસ દાખલ થયા પછી શૂન્યકાળમાં આવા મુદ્દા આવતા હશે તે બાબતમાં મારું ધ્યાન દોરવામાં આવશે તો એની ગંભીરતાથી નોંધ લેવાશે. નિયમ-૧૧૬ની નોટિસ રજૂ કરવી અને દાખવ થવી એ અલગ બાબત છે. આ અંગેની વિગતોની ચકાસણી કરીને પછી નિર્ણય જાહેર કરવામાં આવશે.

૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શરુઆતમાં માનનીય મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઈ પટેલે સન ૧૯૯૨-૯૩ના વર્ષ માટેની માગણીઓની વિચારણા કરવા માટેની માનનીય રાજ્યપાલશ્રીની શિફારીશ વાંચી સંભળાવી.

ત્યારબાદ વન અને પર્યાવરણ વિભાગને લગતી માગણી ક્રમાંક ૨૭, સામાન્ય વહીવટ વિભાગને લગતી માગણી ક્રમાંક ૩૦, ૩૩, અને ૩૫ માર્ગ અને મકાન વિભાગ (બંદરો)ને લગતી માગણી ક્રમાંક ૮૩ માનનીય મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઈ પટેલે રજૂ કરી.

ત્યારબાદ માગણી ક્રમાંક ૩૦ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧ અને ૨, માગણી ક્રમાંક ૩૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩, માગણી ક્રમાંક ૩૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરુ થઈ.

આઠ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય મુખ્ય મંત્રી શ્રી ચીમનભાઈ પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૨૭, ૩૦, ૩૩, ૩૫ અને ૮૩ મત ઉપર મૂકમાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭. બિન-સરકારી સંકલ્પો.

(૧) સભ્યશ્રી ઈશ્વરસિંહ શિ. ચાવડાએ "અનિયમિત અને અપૂરતા વરસાદને કારણે ઉત્તર ગુજરાતમાં સિંચાઈ યોજનાઓ દ્વારા પાણીની સુવિધા મળે તેવું આયોજન કરવા" અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો.

ચર્ચામાં છ સભ્યશ્રીઓ તથા એક મંત્રીશ્રીએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સભ્યશ્રી ઈશ્વરાસહ શિ. ચાવડાએ આપ્યા બાદ સભાગૃહની અનુમતિથી ઉક્ત સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

(૨) સભ્યશ્રી ધીરસિંહ ક. બારડે "સૌરાષ્ટ્ર વિસ્તારમાં અપૂરતી વીજળી મળે છે તેથી આ પ્રાણ પ્રશ્ન માટે કેન્દ્ર સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરવા સર્વપક્ષીય પ્રતિનિધિ મંડળ રચવા" અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો. સાત સભ્યશ્રીઓએ અને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ચર્ચા માં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સભ્યશ્રી ધીરસિંહ ક. બારડે આપ્યા બાદ સભાગૃહની અનુમતિથી ઉક્ત સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

શુક્રવાર, તા. ૬ઠી માર્ચ, ૧૯૯૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. (૧) સભ્યશ્રી યોગેશ પટેલે નિયમ--૧૧૬ અન્વયે વડોદરા શહેરમાં સસ્તા અનાજની દુકાનો પર નાગરિક પુરવઠા વિભાગ દ્વારા રેડ પાડવાને કારણે કાર્ડ--હોલ્ડરોને માલ મેળવવામાં પડતી મુશ્કેલી અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર નાગરિક પુરવઠા મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નાણાં મંત્રીશ્રી છબીલદાસ મહેતાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

(૨) સભ્યશ્રી મગનલાલ રાણવા નિયમ--૧૧૬ અન્વયે જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના માધવપુર ગામે સરકારી જમીન ખેડવા બાબતે હરિજનોની ધરપકડ કરી જેલમાં મોકલવા અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રબોધકાન્ત દા. પંડ્યાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

(૩) સભ્યશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ નિયમ--૧૧૬ અન્વયે જામનગર જિલ્લામાં તેમજ સૌરાષ્ટ્રના અન્ય જિલ્લામાં લસણનું વાવેતર કરતાં ખેડૂતોનું લસણ બજારમાં આવતા ૬૦ કિલોનો ભાવ માત્ર રૂા. ૨૦૦ થઈ જવા અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

કૃષિ મંત્રીશ્રી શંકરજી ઠાકોરે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

સભ્ય શ્રી નલિન ભટ્ટે પ્રશ્નોત્તરી દરમિયાન ડોકટરની જગ્યા બાબતમાં સભ્યશ્રીએ પૂછેલા પ્રશ્નોના જવાબ એમના જ શબ્દોને પકડીને આપવામાં આવેલ તે બરાબર નથી એમ જણાવ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે માનનીય મંત્રીશ્રીઓ શબ્દોને પકડીને નહિ પણ પ્રશ્નના હાર્દને પકડીને જવાબ આપે. પ્રશ્ન પૂછતી વખતે માનનીય સભ્યશ્રીઓએ પણ એ વાત ધ્યાનમાં રાખવા જણાવ્યું.

૪. માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ મહેસૂલ મંત્રીશ્રીએ કોંગ્રેસ પક્ષ સાથે મિટિંગ કરી હતી તે દરમિયાન રાજ્યમાં ઢોરવાડા શરૂ કરવા અંગે નીતિ વિષયક નિવેદન વર્તમાનપત્રમાં આપવામાં આવેલ હતું અને તેથી ઔચિત્યનો ભંગ થયો છે તેવો મુદો સભ્યશ્રી અશોક ભટ્ટે ઉઠાવ્યો.

માનનીય મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલ તેમજ અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે એક અખબારમાં જે કાંઈ સમાચાર પ્રસિધ્ધ થયા છે એ સમાચારને મુદ્દો બનાવીને ગૃહના અવમાનનો જે મુદ્દો ઉભો કર્યો છે એ બાબતમાં સભાગૃહમાં ઠીક ઠીક મંતવ્યો રજૂ થયાં છે. બધાં પાસાંનો વિચાર કરીને આ અંગેનો નિર્ણય સોમવાર કે મંગળવારે જાહેર કરવામાં આવશે.

૫. સભ્યશ્રી અશોક ભટ્ટે માનનીય અધ્યક્ષશ્રીની પૂવ મંજૂરીથી અમદાવાદ--વડોદરા એકસપ્રેસ હાઈ-વેના બાંધકામમાં વિશ્વ બેન્કની સહાય અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી માર્ગ અને મકાન મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માર્ગ અને મકાન મંત્રીશ્રી દિનશા પટેલે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૬. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા: -

(૧) ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૪--૮૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ. નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

૭. સચિવશ્રીએ, ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તે સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક --૮--સન ૧૯૯૨નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક સભાગૃહના મેજ ઉપર ઉપર મૂક્યું.

૮. માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક સભ્યશ્રીની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

૯. માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો બાવીસમો અહેવાલ રજૂ કર્યો.

૧૦. સંસદીય બાબતોના મંત્રીશ્રી દિનશા પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે :—

" આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના બાવીસમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન બીજા દિવસે ચાલુ રહ્યું.

કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૬, તથા મહેસૂલ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૭૪, ૭૫ અને ૭૭ મહેસૂલ અને સહકાર મંત્રીશ્રી દલસુખભાઈ જે. ગોધાણીએ રજૂ કરી.

માગણી ક્રમાંક : ૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૨, ૩, ૪ અને ૫ તથા માગણી ક્રમાંક : ૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૬ તથા માંગણી ક્રમાંક : ૭૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૭, તથા માંગણી ક્રમાંક : ૭૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માગણીઓ અને તેના ઉપરની રજૂ થયેલી કાપ દરખાસ્ત પર ભેગી ચર્ચા શરૂ થઈ. સત્તર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૧૨. સભ્યશ્રી શકિતસિંહ હ. ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતાં જણાવ્યું કે મંત્રીશ્રી જ્યારે સભાગૃહમાં જવાબ આપવા માટે ઉભા થતા હોય ત્યારે કાપ દરખાસ્ત મૂકનારા સભ્યશ્રીઓ અને ચર્ચામાં ભાગ લેનારા સભ્યશ્રીઓએ, જવાબ સાંભળવા માટે સભાગૃહમાં ઉપસ્થિત રહેવું જોઈએ.

એમણે બીજો મુદો ઉપસ્થિત કરતાં એમ જણાવ્યું કે સભાગૃહની બેઠક ચાલુ હોય તે દરમિયાન માનનીય મંત્રીશ્રીઓ સભાગૃહને લગતા કામકાજ સિવાયની ફાઈલો અને કાગળો તપાસતા હોય છે એ બરાબર નથી.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે અગાઉ પણ અનેક વખત આવા મુદ્દા ઉપસ્થિત થયા છે. કાપ દરખાસ્તો મૂકનારા અને ચર્ચામાં ભાગ લેનારા સભ્યશ્રીઓએ સંબંધકર્તા મંત્રીશ્રીનો જવાબ સાંભળવા માટે હાજર રહેવું જોઈએ એ એક જાતનો વિવેક અને નૈતિક ફરજ છે. ભવિષ્યમાં આવું ન થાય એ માટે અપેક્ષા રાખી.

બીજા મુદ્દા અંગે જણાવ્યું કે બહુ આગત્યનું કામ હોય એ સિવાયનું કામ સભાગૃહમાં મંત્રીશ્રીઓ જોવાનું ઓછું રાખે. સભાગૃહમાં માત્ર શારીરિક હાજરીની જ જરૂર હોતી નથી. પરંતુ શારીરિક અને માનસિક બન્ને પ્રકારની હાજરીની જરૂર હોય છે એ બાબતની કાળજી બન્ને પક્ષના માનનીય સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓ રાખે એ જરૂરી છે.

ત્યારબાદ માગણીઓ પરની ચર્ચાનો જવાબ મહેસૂલ અને સહકાર મંત્રીશ્રી દલસુખભાઈ જે ગોધાણીએ આપ્યો.

૧૩. મહેસૂલ અને સહકાર મંત્રીશ્રીએ જવાબની શરૂઆત કરતી વખતે કોર્પોરેશનના નામનો ઉલ્લેખ કરીને કેટલીક વાતો કરી તે બાબતમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને સભ્યશ્રી અશોક ભટ્ટે એમ જણાવ્યું કે આવી વાતો રેકર્ડ ઉપર ન રહેવી જોઈએ.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે માંગણીઓની બાબતમાં જે કાંઈ ચર્ચા થઈ હોય અને સૂચનો થયા હોય એને લક્ષમાં રાખીને જ મહેસૂલ મંત્રીશ્રી જવાબ આપે એ જરૂરી છે. ચર્ચા દરમિયાન જે આક્ષેપો થયા હોય એને બહુ આગળ લઈ જવાની જરૂર નથી. આમ છતાં આક્ષેપોની બાબતમાં રેકર્ડ જોઈને જે કાંઈ કરવાનું હશે એ બાબતમાં વિચારણા કરીશ.

ત્યારબાદ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૬, ૭૪ ૭૫ અને ૭૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સોમવાર, તા. ૯મી માર્ચ, ૧૯૯૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. આજની પ્રશ્નોત્તરી અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતા સભ્યશ્રી નલિન ભટ્ટે જણાવ્યું કે પાણી પુરવઠા અને નાગરિક પુરવઠા અંગે જે પ્રશ્નો પૂછવામાં આવ્યા છે અના જવાબોથી પ્રશ્નોની સમસ્યાનું સમાધાન થઈ શકતું નથી.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભ્યશ્રીઓ દ્વારા જે પ્રશ્નો પૂછવામાં આવે છે એના જે જવાબો માનનીય મંત્રીશ્રીઓ દ્વારા આપવામાં આવે છે એમાં કેટલીક વખત ટેકનિકલ વિગતો હોય છે. આમ છતાં એની સાથેસાથે વાસ્તવિકતા સ્વીકારીને જવાબો આપવા જોઈએ.

૩. શૂન્યકાળ અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતાં સભ્યશ્રી અશોક ભટ્ટે જણાવ્યું કે રાજયમાં ચાલતી એસ. એસ. સી. પરીક્ષાના શિક્ષકો દ્વારા થયેલ બહિષ્કાર અંગે માનનીય શિક્ષણ મંત્રીશ્રીને ૩-૪ દિવસથી શૂન્યકાળમાં મુદ્દો ઉઠાવવા દેવાની સંમતિ આપવા વિનંતી કરી હતી. પરંતુ શિક્ષણ મંત્રીશ્રીએ આવી સંમતિ આપવાને બદલે પત્રકારોને માહિતી આપી હતી.

શૂન્યકાળમાં પ્રશ્નો પૂછવા દેવાની પરવાનગી સભ્યશ્રીને શા માટે આપવામાં આવી ન હતી એ બાબતમાં શિક્ષણ મંત્રી, શ્રી ડો. કરસનદાસ સોનેરીએ ખુલાસો કર્યો.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે જાહેર અગત્યની બાબત પર કોઈ સભ્યશ્રીને શૂન્યકાળ દરમ્યાન પ્રશ્ન પૂછવા અંગે મંત્રીશ્રીનું ઓશિયાળાપણું ન દાખવવું પડે એ વાત વાજબી છે. શૂન્યકાળ દરમિયાન પ્રશ્ન ઉઠાવવામાં આવે તેનો ગુણવત્તા પ્રમાણે જવાબ આપી શકાય અને આ બાબતમાં મંત્રીશ્રીઓ થોડું ઉદાર વલણ દાખવે તેમ જણાવ્યું.

૪. નિયમ-૧૧૬ અન્વયે રજૂ કરવામાં આવતી તાકીદની જાહેર અગત્યની બાબત તેમજ સભાગૃહમાં શૂન્યકાળ દરમિયાન ઉઠાવવામાં આવતા મુદ્દા અંગે માનનીય અધ્યક્ષશ્રીએ એમનો નિર્ણય સભાગૃહમાં વાંચીને આપ્યો.

૫. (૧) સભ્યશ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમાએ નિયમ--૧૧૬ અન્વયે ગાંધીનગરમાં સરકારે કર્મચારીઓને રાહતદરે સેકટર ૨ થી ૫ માં ફાળવેલ જમીનના પ્લોટોમાં ઈલેકિટ્રક લાઈટની અને ગટરની વ્યવસ્થા ન હોવા અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર માર્ગ અને મકાન મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માર્ગ અને મકાન મંત્રીશ્રી દિનશા પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

(૨) સભ્યશ્રી હેમંતભાઈ ચં. ચપટવાલાએ નિયમ--૧૧૬ અન્વયે દક્ષિણ ગુજરાતમાંથી આંતરરાજ્ય વાહનચોરોની ટોળકી પરપ્રાંતમાંથી મોટા પ્રમાણમાં વાહનો ચોરી લાવી વેચાણ કરતી પકડાઈ છે તે અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત દા. પંડયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૬. (૧) સભ્યશ્રી રણજિતસિંહ જી. ઝાલાએ માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી સુરેન્દ્રનગરની મુખ્ય બજારમાં અસામાજિક તત્વોની રંજાડ અને પોલીસ રક્ષણ અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત દા. પંડયાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૨) સભ્યશ્રી અશોક ભટ્ટે માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી રાજ્યમાં થતા પ્રાણઘાતક માર્ગ અકસ્માતો અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રી શ્રી પ્રબોધકાન્ત દા. પંડયાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૭. માર્ગ અકસ્માતો અંગે તપાસ કરવા માટે તજજ્ઞોની સમિતિની નિમણૂક બાબતમાં નાણા મંત્રીશ્રી છબીલદાસ મહેતાએ નિયમ--૪૪ હેઠળનું નિવેદન વાંચીને રજૂ કર્યું.

૮. ગુજરાત બાળ વિકાસ અકાદમીની સ્થાપના અંગે યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રીશ્રી નરહરિ અમીને નિયમ--૪૪ હેઠળનું નિવેદન વાંચીને રજૂ કર્યું.

સોમવાર, તા. ૯મી માર્ચ, ૧૯૯૨ના રોજ કોમનવેલ્થ દિન હોવાથી આ પ્રસંગને અનુરૂપ માનનીય અધ્યક્ષશ્રીએ નિવેદન વાંચીને રજૂ કર્યું. સાંજે રાખવામાં આવેલ વાર્ષિક સામાન્ય સભામાં સૌ માનનીય સભ્યશ્રીઓને હાજર રહેવા જણાવ્યું.

(૧૦) વિશેષાધિકાર સમિતિના પ્રમુખ, શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણે સમિતિનો બીજો અહેવાલ કર્યો.

૧૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન ત્રીજા દિવસે ચાલુ રહ્યું.

ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતી માગણી ક્રમાંક :૪૯, ૫૦ અને ૫૧ તથા કાયદા વિભાગને લગતી માગણી ક્રમાંક : ૬૧ ઉદ્યોગ, કાયદો અને ન્યાય મંત્રીશ્રી શશીકાન્ત આ. લાખાણીએ રજૂ કરી.

માગણી ક્રમાંક : ૪૯ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧, ૨, ૩ માગણી ક્રમાંક : ૫૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૪, ૫ માગણી ક્રમાંક: ૫૧ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક: ૬, ૭ માગણી ક્રમાંક : ૬૧ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૮, ૧૦ અને ૧૧ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ પર ચર્ચા કરતી વખતે સમય મર્યાદા લક્ષમાં રાખવા માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીઓને જણાવ્યું.

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપદરખાસ્તો પરભેગી ચર્ચા શરૂ થઈ.

તેર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ ઉદ્યોગ, કાયદો અને ન્યાય મંત્રીશ્રી શશીકાન્ત આ. લાખાણીએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્તો ક્રમાંક : ૧ થી ૮ અને ૧૦ અને ૧૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૪૯, ૫૦, ૫૧ અને ૬૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૨. સભ્યશ્રી લેખરાજ બચાણીની અરધા કલાકની ચર્ચાની સૂચના માનનીય સભ્યશ્રીઓની વિનંતીથી મુલતવી રાખવામાં આવી.

મંગળવાર, તા. ૧૦મી માર્ચ, ૧૯૯૨

પહેલી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. મુલતવી રહેલા પ્રશ્નો અંગે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતાં સભ્યશ્રી ગોપાલદાસ ભોજવાણીએ જણાવ્યું કે પ્રશ્નોત્તરી દરમિયાન પૂછાતા પ્રશ્નોના જવાબો માનનીય મંત્રીશ્રીઓ તરફથી અપૂરતા અને અસંતોષકારક અપાતા હોવાને કારણે પ્રશ્નો મુલતવી રાખવા પડે છે અને એને કારણે આગળના ક્રમમાં આવતા પ્રશ્નો પૂછવાની તક સભ્યશ્રીઓને મળતી નથી.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભ્યશ્રીઓ દ્વારા જે પ્રશ્નો પૂછાતા હોય છે એ ઘણી વખત વિસ્તૃત માહિતી માગી લેતા હોય છે અને એને કારણે માનનીય મંત્રીશ્રીઓના જવાબ દરમિયાન કોઈ વખત માનનીય મુખ્ય મંત્રીશ્રીએ પણ દરમ્યાનગીરી કરવી પડતી હોય અને એને કારણે કોઈ વખત પ્રશ્નો મુલતવી પણ રહેતા હોય છે. આમ છતાં માનનીય સભ્યશ્રીનો મુદ્દો સાચો છે.

૩. આજની પ્રશ્નોત્તરીના સમય દરમિયાન મુલતવી રહેલા પ્રશ્નો અંગે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતાં સભ્યશ્રી શકિતસિંહ હ. ગોહિલે જણાવ્યું કે આજે પહેલો પ્રશ્ન જે મુલતવી રહેલો હતો તેમાં બે સભ્યશ્રીઓનાં નામો હતાં. આમ છતાં પહેલાં સભ્યશ્રીને પ્રશ્ન પૂછવાની તક મળી જ્યારે બીજા સભ્યશ્રીને તક મળી શકી નથી.

સભ્યશ્રી તારાચંદ જ. છેડાએ પોતાનું મંતવ્ય વ્યકત કરતાં જણાવ્યું કે મુલતવી રહેલા પ્રશ્નનો જવાબ આપતી વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ધમકી ભરેલી ભાષામાં સભાગૃહમાં વાત કરી છે એ વાજબી છે કે કેમ ?

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે એમાં ધમકીની ભાષા નથી પરંતુ પ્રશ્નોત્તરી દરમિયાન ઉશ્કેરાટમાં આવી જઈને સામસામા જે આઘાત અને પ્રત્યાઘાત વ્યકત કરવામાં આવતા હોય છે એનું એ ભાષામાં પ્રતિબિંબ પડે છે. આમ છતાં સભાગૃહની લાગણીને બધા જ પક્ષોના માનનીય સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓ સહિત ખ્યાલમાં રાખે એ જરૂરી છે.

મુલતવી રહેલો પ્રશ્ન બે માનનીય સભ્યશ્રીઓનો સંયુકત હતો પરંતુ એક માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછી લીધા બાદ બીજા માનનીય સભ્યશ્રી પ્રશ્ન પૂછવા માટે ઉભા થયા ન હતા આથી એમને તક મળી નથી. આમ છતાં વખતે બન્ને સભ્યશ્રીઓને તક મળવી જોઈતી હતી એ વાત સાચી છે.

મુલતવી રહેલા પ્રશ્નોની બાબતમાં માનનીય મંત્રીશ્રી તરફથી યોગ્ય અને પૂરતી સ્પષ્ટતા કરી દેવામાં આવી હોત તો એમાં જે ગરમાગરમી થઈ એ પણ ટાળી શકાઈ હોત. આ બાબતમાં નોંધ લેવામાં આવે અને ભવિષ્યમાં કાળજી રાખવામાં આવે એમ પણ જણાવ્યું.

૪. આજની પ્રશ્નોત્તરી દરમિયાન સભ્યશ્રીઓ તરફથી જે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા તે અંગે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતાં સભ્યશ્રી નાનુભાઈ વિ. વાઘાણીએ જણાવ્યું કે આ રીતે સૂત્રોચ્ચારનો ઉપયોગ હથિયાર તરીકે ન કરવાનું અગાઉ નક્કી થયું હતું તેમ છતાં આ રીતે કરવામાં આવે છે એ બરાબર નથી.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે માનનીય મંત્રીશ્રીઓના જવાબથી બધાં માનનીય સભ્યશ્રીઓને સંતોષ થાય એવું નથી હોતું. પરંતુ તેવે વખતે સૂત્રોચ્ચારનો આશરો લેવામાં આવે એ બરાબર નથી. આથી માનનીય સભ્યશ્રીઓને સૂત્રોચ્ચાર કરવાથી દૂર રહેવું જોઈએ. બન્ને પક્ષના નેતાશ્રીઓએ સભાગૃહમાં થતા આવા સૂત્રોચ્ચારની પરિસ્થિતિ ટાળવા માટેના પ્રયત્નો કરવા જોઈએ.

૫. (૧) સભ્યશ્રી ઉપેન્દ્ર ત્રિવેદીએ નિયમ--૧૬ અન્વયે સાબરકાંઠા જિલ્લાના ગામોમાં ઘઉં, રાયડો, દિવેલા વગેરેનો પાક તૈયાર કરવા માટે થ્રેશર મશીનનો ઉપયોગ કરવા અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

કૃષિ મંત્રી, શ્રી શંકરજી ઓ. ઠાકોરે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

(૨) સભ્યશ્રી ભગુભાઈ ગો. પટેલે નિયમ-૧૧૬ અન્વયે મંગદલ્લામાં આવેલ નર્મદા સિમેન્ટના પ્લાન્ટમાં હડતાલનું એલાન આપવામાં આવતાં તા. ૨૬--૨--૯૨થી સંપૂર્ણ પ્લાન્ટ બંધ પડેલ છે ; અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર શ્રમ અને રોજગાર મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી રામસિંહ પરમારે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૬. **માગણીઓ પર ચર્ચા અને મતદાન ચોથા દિવસે ચાલુ રહ્યું.**

શિક્ષણ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૯ અને ૧૦ શિક્ષણ મંત્રીશ્રી ડૉ. કરસનદાસ સોનેરીએ રજૂ કરી.

સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૮૭ નશાબંધી અને આબકારી મંત્રીશ્રી કરમશીભાઈ કા. મકવાણાએ રજૂ કરી.

માગણી ક્રમાંક : ૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક : ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ માગણી ક્રમાંક : ૧૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૮ માગણી ક્રમાંક : ૮૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૯, ૧૦, ૧૧ અને ૧૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ. બાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૭. ચર્ચામાં ભાગ લેવાની તક ન મળતાં નારાજ થઈને માનનીય સભ્યશ્રી લક્ષ્મણસિંહ મો. પરમાર તથા સભ્યશ્રી મહેન્દ્ર લી. મશરૂ સભાત્યાગ કરી ગયા.

ત્યારબાદ ચર્ચાનો જવાબ શિક્ષણ મંત્રીશ્રી ડો. કરસનદાસ સોનેરી તથા નશાબંધી અને આબકારી મંત્રીશ્રી કરમશીભાઈ કા. મકવાણાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માંગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક: ૧ થી ૧૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૯, ૧૦ અને ૮૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

બીજી બેઠક

૧. વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો (ચર્ચા ચાલુ)

પોઈન્ટ ઓફ ઓર્ડર.

(૧) (અ) સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક--૧ સન ૧૯૯૨નું મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક સભાગૃહમાં દાખલ થવાના તબક્કે સભ્યશ્રી સુરેશચંદ્ર રુ. મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને કેટલાક મુદ્દા ઉપસ્થિત કર્યા.

નિયમોના નિયમ ૧૨૫ નીચે એમણે એમ જણાવ્યું કે સરકારે એક વખત કાયદો કર્યો છે ત્યારે તેને સુધારતા વિધેયકથી પાછલી અસર આપી શકાય નહિ અને ઉમેર્યું કે વચ્ચેના સમયમાં સભાગૃહની બેઠક પણ મળી હતી.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભાગૃહના - ક્ષેત્રાધિકાર બહારનું હોય તો બિલને રોકી શકાય. પરંતુ આમાં આ રીતે બિલને અટકાવવાનો સવાલ નથી. નિયમ—૧૨૫ અંગેનો મુદ્દો એક રીતે યોગ્ય છે. આ બિલને રોકવાનાં કારણો સ્પષ્ટપણે દેખાતાં નથી. આમ છતાં એક વખત ગૃહે પસાર કરેલા વિધેયકમાં સંશોધન કરવા માટે તાકીદનું તત્ત્વ ન હોય એવી કાર્યવાહી પણ કરવામાં ન આવે એવી લાગણી વ્યકત કરી.

એમણે બીજો મુદ્દો ઉપસ્થિત કરીને એમ જણાવ્યું કે સમયના અભાવે આ વિધેયક લાવી શકાયું ન હતું એમ કહેવું એ વાજબી નથી.

આ મુદ્દા અંગે પણ માનનીય અધ્યક્ષશ્રીએ કાયદા મંત્રીશ્રી અને અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ જણાવ્યું કે આ વિધેયક લાવવા માટે વજૂદવાળાં કારણો હતાં કે કેમ એ બાબતમાં વિવાદ હોઈ શકે. પરંતુ એમાં પ્રસ્તાવ લાવવા માટેનો કોઈ સવાલ રહેતો નથી. અને એને દાખલ થતું રોકી શકાય તેમ નથી. એની અસર પાછલી તારીખથી આપવી હોય

તો પણ આપી શકાય છે. એનાં માટેનાં કારણો તાકાદનાં હતાં કે કેમ એ પણ ચર્ચાનો સવાલ છે અને સભ્યશ્રી સુરેશચંદ્ર રુ. મહેતાનો પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

ત્યારબાદ વાહનવ્યવહાર મંત્રીશ્રી રામસિંહ પરમારે ઉક્ત વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

છ સભ્યશ્રીઓએ આ વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવ અને વિધેયકના પહેલા વાચનની ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચા અધૂરી રહી.

૨. માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર સભ્યશ્રીઓની ચૂંટણીનો ફેરફાર કરાયલો કાર્યક્રમ જાહેર કર્યો.

૩. માનનીય મુખ્ય મંત્રીશ્રી તેમજ મહેસૂલ મંત્રીશ્રીએ કોંગ્રેસ પક્ષ સાથે મિટિંગ કરી હતી તે દરમિયાન રાજ્યમાં ઢોરવાડા શરૂ કરવા અંગે નીતિ વિષયક નિવેદન વર્તમાનપત્રમાં આપવામાં આવેલ હતું અને તેથી ઔચિત્ય ભંગનો મુદ્દો સભ્યશ્રી અશોક ભટ્ટે તા. ૬ ઠ્ઠી માર્ચ, ૧૯૯૨ ના રોજ ઉઠાવ્યો હતો તે નામંજૂર કરતો નિર્ણય માનનીય અધ્યક્ષશ્રીએ વાંચીને આપ્યો.

બુધવાર, તા. ૧૧મી માર્ચ, ૧૯૯૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. સભ્યશ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી જણાવ્યું કે વિધાનસભાગૃહના બારણાની બહાર જે રીતે લોકોનાં ટોળાં ભેગાં થાય છે અને સૂત્રોચ્ચાર કરવામાં આવે છે તેને કારણે સભ્યશ્રીઓને સભાગૃહની અંદર દાખલ થવામાં તકલીફ પડે છે. અને ગૃહની કાર્યવાહીમાં પણ વિક્ષેપ પડે છે તેથી આ બાબતમાં તાત્કાલિક વિચારણા થાય અને કોઈક ઉકેલ શોધાય તે જરૂરી છે.

સભ્યશ્રી સવજીભાઈ કોરાટે આ મુદ્દાને સમર્થન કર્યું.

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે એમ જણાવ્યું કે આ મુદ્દાને હળવાશથી લેવાની જરૂર નથી. માનનીય અધ્યક્ષશ્રીના ક્ષેત્રાધિકારમાં ટોળું ઘૂસી જાવે અને સૂત્રોચ્ચાર કરવામાં આવે એ વાત બરાબર નથી.

સભ્યશ્રી જયનારાયણ વ્યાસે જણાવ્યું કે માનનીય અધ્યક્ષશ્રીના હકૂમત હેઠળનો જે વિસ્તાર છે એમાં આ રીતે કોઈ ભંગ થવો ન જોઈએ.

માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે આવા બનાવો બન્યા કરે છે તેનું નિયમન કરવું જોઈએ. લોકસભામાં પણ કડક નિયંત્રણ હોય છે એમ તેમણે જણાવ્યું. એમણે એનું સૂચન કર્યું કે આ બાબતમાં વિરોધ પક્ષના નેતાશ્રી કોંગ્રેસ પક્ષના નેતાશ્રી, અપક્ષ તેમજ અન્ય જુથના નેતાશ્રીઓને બોલાવીને એમની સાથે ચર્ચા-વિચારણા કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આ રીતે સભ્યોને અડચણો ઊભી ન થવી જોઈએ એ બાબતમાં સભાગૃહના તમામ સભ્યશ્રીઓ સંમત છે. આ બાબતમાં સિક્યુરિટીની વ્યવસ્થા વધુ નક્કર બનાવવામાં આવશે. આ ઉપરાંત માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કરેલ સૂચન પ્રમાણે વિવિધ જુથના નેતાશ્રીઓ સાથે ચર્ચા વિચારણા કરીને એને માટેનું આયોજન કરવામાં આવશે અને એનો અમલ બરાબર થાય એ બાબતમાં કાળજી રખાશે.

૩. સભ્યશ્રી ઉદેસિંહ બારિયાએ નિયમ—૧૧૬ અન્વયે છોટા-ઉદેપુર ખાતે એક આદિવાસી મહિલા ઉપર પોલીસ કોન્સ્ટેબલે કરેલા બળાત્કાર અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રબોધકાન્ત દા. પંડ્યાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૪. તાકીદની જાહેર અગત્યની બાબત પરના માનનીય મંત્રીશ્રીના જવાબથી અસંતોષ થવાને કારણે માનનીય સભ્યશ્રી નલિનભાઈ ભટ્ટ સિવાયના હાજર રહેલા ભારતીય જનતા પક્ષના તમામ માનનીય સભ્યશ્રીઓ અને સભ્યશ્રી પ્રવિણસિંહજી જાડેજા સભાત્યાગ કરી ગયા.

૫. સભ્યશ્રી શકિતસિંહ હ. ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતાં જણાવ્યું કે આજની તાકીદની જાહેર અગત્યની એક બાબતના નિવેદનમાં ઠરેલ પોલીસ મુજબની વિગતો આવરી લેવામાં આવેલ નથી.

એમણે બીજો મુદ્દો ઉઠાવતા જણાવ્યું કે સભ્યશ્રીઓ પ્રશ્ન પૂછતી વખતે તહોમતદારની જ્ઞાતિની વિગત માગી શકે કે કેમ?

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે નિવેદનમાં વિગતો નથી એમાં ક્ષતિ રહી ગઈ છે. અને ઉમેર્યું કે તહોમતદાર કઈ જ્ઞાતિના હતા. તેવું ન પૂછવું જોઈએ.

૬. સભ્યશ્રી નલિન ભટ્ટે નિયમ-૧૧૬ અન્વયે સરદાર સરોવર યોજનાને કારણે ડુબાણમાં જતાં ગામોને, અસરગ્રસ્તોને સરકાર દ્વારા પુનઃ વસવાટ આપ્યા બાદ હેતુલક્ષી થયેલ ઉગ્ર રજૂઆતો અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર નર્મદા વિકાસ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નર્મદા વિકાસ મંત્રીશ્રી બાબુભાઈ જ. પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૭. સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાએ માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી ધોરાજી વિસ્તારના અજાણ્યા સખ્સોએ આવીને કંડોરણા વિસ્તારના એક નાગરિક ઉપર ગોળીબાર કર્યો તે અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

માનનીય મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઈ પટેલે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૮. સભ્યશ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમાએ શૂન્યકાળ દરમિયાન એક મુદ્દો ઉઠાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ માનનીય મુખ્ય મંત્રીશ્રીની જરૂરી સંમતિ એમણે મેળવી ન હતી તેથી એ મુદ્દો ઉપસ્થિત કરીને પ્રશ્નો પૂછી શકાય એમ ન હતા. આમ છતાં એમણે સતત મુદ્દો ઉઠાવવાનો પ્રયત્ન કર્યો અને અંતે નારાજ થઈને સભાત્યાગ કરી ગયા.

૯. સભ્યશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના સભાત્યાગ અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને સભ્યશ્રી સુરેશચંદ્ર ર. મહેતાએ જણાવ્યું કે સભ્યશ્રીને મુદ્દો ઉઠાવવાની તક આપવી જોઈએ અને જો એ મુદ્દાનો જરાક મોડો આપવાનો હોય તો તેને માટેની સમયમર્યાદા માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આપવી જોઈએ.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમ જણાવ્યું કે સભ્યશ્રી જે મુદ્દો ઉઠાવવા માગતા હતા એ પકડાયેલી ચાંદી અંગેનો હતો અને એ બાબત કેન્દ્ર સરકારના કસ્ટમ વિભાગ સાથે સંકળાયેલ છે, એટલે એમાં વિગત કયારે મળી શકે તે ચોક્કસ ન હોઈ સંમતિ માટેની સમય મર્યાદા આપી શકાય નહિ અને એટલા માટે જ સભ્યશ્રીને મુદ્દો ઉઠાવવાની સંમતિ આપવાની ના પાડી હતી. તેથી માનનીય સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતાએ આ મુદ્દામાં "કૂદી પડવાની" જરૂર ન હતી.

મુખ્યમંત્રીશ્રીના આ શબ્દપ્રયોગ સામે સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતાએ સખત વાંધો ઉઠાવ્યો અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ શબ્દો પાછા ખેંચવા જોઈએ તેવી માગણી કરી ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ તે શબ્દો અસંસદીય નથી તેથી તેઓ તે પાછા નહિ ખેંચે તેવું જણાવ્યું એટલે સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતાએ માનનીય અધ્યક્ષશ્રીને આ બાબતમાં નિર્ણય આપવો જ જોઈએ એમ જણાવી સભાત્યાગ કરી ગયા.

૧૦. શૂન્યકાળ અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરવાં સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે જણાવ્યું કે શૂન્યકાળમાં મુદ્દા ઉઠાવવા અંગે નિયમોમાં કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. આથી કયા મુદ્દા ઉપસ્થિત કરી શકાય એ બાબતમાં નિર્ણય કરવો જોઈએ અને ઉમેર્યું કે "કુદી પડવું" શબ્દ પાછા ખેંચવા માંગે છે કે નહિ તે અંગે માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય લેવા જોઈએ. સમજૂતિથી સભ્યશ્રીઓ અંદરોઅંદર સમજી લે એ બરાબર નથી અને વધુમાં ઉમેર્યું કે માનનીય અધ્યક્ષશ્રી જ્યારે કોઈ નિર્ણય આપવાના હોય ત્યારે અથવા તો આપતા હોય ત્યારે કોઈ સભ્યશ્રી સભાત્યાગ કરે તો એ સભાગૃહના અવમાન બરાબર છે. જ્યારે સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતા માનનીય અધ્યક્ષશ્રી નિર્ણય આપવાના હતા એટલું જ નહિ પરંતુ તેઓ ઊભા હતા ત્યારે સભાત્યાગ કરી ગયા તે બરાબર નથી.

ત્યારબાદ માનનીય મુખ્યમંત્રીશ્રીએ સભ્યશ્રી સુરેશભાઈને કૂદી પડવાની જરૂર નહોતી તેવું હળવાશથી કહ્યું હતું તેમ કહી તે કયા સંદર્ભમાં કહ્યું હતું તે સમજાવ્યું.

ત્યારબાદ માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી કેશુભાઈ પટેલે જણાવ્યું કે માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણય સામે સભ્યશ્રીએ સભાત્યાગ કરેલ છે કે કેમ એ પણ તપાસવું જોઈએ.

સભ્યશ્રી શૂન્યકાળ દરમિયાન જે માહિતી મેળવવા ઈચ્છતા હતા એ થોડા સમય પછી આપવામાં આવશે એમ જણાવ્યું હોત તો પણ બરાબર હતું. પરંતુ હવે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે સ્પષ્ટતા કરી છે તે વાજબી છે. તેથી માનનીય મુખ્યમંત્રીશ્રી જે શબ્દો બોલ્યા હતા તે પાછા ખેંચી લે તેવું સૂચવ્યું ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે તેઓ અને શ્રી સુરેશભાઈ સમજી લેશે.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે "કૂદી પડવું" શબ્દની બાબતમાં અંદરોઅંદર સમજૂતિ થઈ જશે એમ સભાગૃહમાં જણાવવામાં આવેલ છે. પરંતુ તેમાં તો માનનીય મુખ્યમંત્રીશ્રી અને સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતા વચ્ચેની વાતનો અંત આવે પરંતુ તેમાં શ્રી સુરેશ મહેતાએ મને નિર્ણય આપવાનું કહ્યું છે તેનો અંત આવતો નથી. તેથી તે બાબતમાં મારે નિર્ણય આપવનો થાય અને ઉમેર્યું કે શૂન્યકાળમાં મુદ્દા ઉઠાવવાની બાબતમાં આ સભાગૃહમાં જ પ્રશ્ન ઉપસ્થિત થાય છે એવું નથી. પરંતુ અન્ય વિધાનસભાગૃહોમાં અને લોકસભામાં પણ આવા પ્રશ્નો ઊભા થાય છે. એને વૈધાનિક સ્વરૂપ આપીને કે અન્ય રીતે એનો કઈ રીતે ઉકેલ કરવો એ પણ પ્રશ્ન છે. આ બાબતમાં ગઈ કાલે પણ નિર્ણય આપવામાં આવેલો છે.

૧૧. માનનીય અધ્યક્ષશ્રી પોતાનો નિર્ણય આપતા હતા તે દરમિયાન સભ્યશ્રી અશોક ભટ્ટ સહિત ભારતીય જનતાપક્ષના સભ્યશ્રીઓ અધ્યક્ષશ્રીના નિર્ણય સામે સભાત્યાગ કરી ગયા.

૧૨. તા. ૬-૩-૯૨ના રોજ મહેસૂલ અને સહકાર મંત્રીશ્રીએ જવાબ આપવાની શરૂઆત કરતી વખતે કોરપોરેશનના નામનો ઉલ્લેખ કરીને કેટલીક વાતો કરી તે બાબતમાં પોઈન્ટ ઓફ ઓડર ઉઠાવીને સભ્યશ્રી અશોક ભટ્ટ એમ જણાવ્યું હતું કે આવી વાતો રેકર્ડ ઉપર રહેવી ન જોઈએ. માનનીય અધ્યક્ષશ્રીએ એમનો નિર્ણય વાંચીને આપતા જણાવ્યું કે આ શબ્દો રેકડ ઉપરથી દૂર કરવામાં આવ્યા છે.

૧૩. નાણા મંત્રીશ્રી છબીલદાસ મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે માનનીય અધ્યક્ષશ્રી જ્યારે કોઈ મુદા અંગે નિર્ણય આપવાના હોય અથવા તો આપતા હોય તે દરમિયાન કોઈ સભ્યશ્રી સભાત્યાગ કરે તો એ બાબત ગંભીર ગણવી જોઈએ કારણ કે એ રીતે સભાગૃહનું અવમાન થાય છે. આમ કરીને સભ્યશ્રી અશોક ભટ્ટ જે સભાત્યાગ કરેલ છે એ બરાબર લાગતું નથી.

આ ઉપરાંત શૂન્યકાળ સાથે તો દરેક વિભાગના મુદ્દા સંકળાયેલા હોય છે. એ બધા લેવા જઈએ તો એનો અંત આવતો નથી.

સભ્યશ્રી પ્રવિણસિંહ જાડેજાએ જણાવ્યું કે માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણય સામે સભાત્યાગ ન કરી શકાય એ વાત બરાબર છે. સભ્યશ્રીનો વાંધો "કૂદી પડવા" શબ્દ સામે હતો.

ઉપાધ્યક્ષશ્રી મનુભાઈ પરમારે જણાવ્યું કે નિર્ણય આપવા માટે માનનીય અધ્યક્ષશ્રીને ફરજ પાડી શકાય નહિ. અધ્યક્ષશ્રીના નિર્ણયની સતત અવગણના થાય છે ત્યારે અધ્યક્ષશ્રીના સ્થાનનું અવમૂલ્યન થાય છે એ કોઈ રીતે વાજબી નથી.

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે જણાવ્યું કે સભાગૃહની અંદર જ્યારે પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા અંગે ચર્ચા ચાલતી હોય ત્યારે સભ્યશ્રીઓએ તે અંગે જ પોતાના મુદ્દા વ્યકત કરવા જોઈએ. એ સિવાયની ચર્ચા કરવી જોઈએ નહિ.

વધુમાં એમણે એમ પણ જણાવ્યું કે માનનીય અધ્યક્ષશ્રી જ્યારે સભાગૃહમાં પોતાનો નિર્ણય આપતા હોય ત્યારે કોઈએ સભાત્યાગ કરવો જોઈએ નહિ. એમ કરવાથી માનનીય અધ્યક્ષશ્રીનું ગૌરવ જળવાતું નથી.

સભ્યશ્રી જેઠાલાલ જોરાએ જણાવ્યું કે શૂન્યકાળમાં સમય વધારે જાય છે અને એને કારણે સભ્યશ્રીઓ ચર્ચામાં ભાગ લેવા માટે વધારે સમય મેળવી શકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે શ્રી મનુભાઈ પરમારની વાત સાચી છે. નાણા મંત્રીશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડર પણ સાચો છે કે આ રીતે સભાત્યાગ ન થવો જોઈએ. રોજેરોજ એક જ જાતના મુદ્દા આવતા જાય છે. અને એના ઉપર એક જ જાતની ચર્ચા થતી હોય છે અને એના ઉપર એક સરખા નિર્ણયો આપવામાં આવતા હોય છે. તેથી કરીને આનો કોઈ અંત આવતો નથી. અધ્યક્ષશ્રીના નિર્ણય સામે જો આ રીતનું વર્તન થતું હોય અને અવગણના થતી હોય તો તેનાથી આ સભાગૃહનું ઘોર અપમાન થાય છે. નિયમો અનુસાર એના ઈલાજો કરવા માટે કોઈકે આગળ આવવું જોઈએ. વિશેષાધિકાર ભંગના મુદ્દા પણ ઉપસ્થિત થઈ શકે. સભાગૃહનું સંચાલન કરતી વખતે એવું પણ જણાય છે કે સભ્યશ્રીઓ પોતાનો કક્કો ખરો કરાવવા માટે વારંવાર પ્રયત્નો કરતા હોય છે એ વાત વાજબી નથી. આમાં સભાગૃહનો સમય વ્યતીત થાય છે. કોઈ વખત સભાગૃહ મોકૂફ રાખીને કે સમજૂતિ કરીને આગળ ચાલવું પડે છે. બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. આમ છતાં તેને માટેની નિયમોમાં તો વિશાળ જોગવાઈઓ કરવામાં આવેલી જ છે. આ સભાગૃહના સાથ અને સહકારથી, સભાગૃહનું કામ સરળતાથી ચલાવી શકાય એ માટે એના ઈલાજો સાથે પ્રયત્નો કરવા જોઈએ અને એ અખત્યાર કરવાની ખાસ જરૂર છે.

૧૪. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા :—

તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ. માનનીય સભ્યશ્રી ભોળાભાઈ પટેલના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૦૫૨૮ (અગ્રતાક્રમ-૧૩) સમાજ કલ્યાણ વિભાગ દ્વારા શિષ્યવૃત્તિઓ ચૂકવવામાં નાણાકીય ગેરરીતિઓના અનુસંધાને વધારાની માહિતી.

૧૫. (૧) બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી ચમનજી ઠાકોરે સમિતિનો અઢારમો અહેવાલ રજૂ કર્યો.

(૨) અંદાજ સમિતિના પ્રમુખશ્રી ભોળાભાઈ પટેલે સમિતિનો ત્રીજો અને ચોથો અહેવાલ રજૂ કર્યો.

(૩) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી, ચંદુભાઈ ડાભીએ સમિતિનો અગિયારમો અને બારમો અહેવાલ રજૂ કર્યો.

૧૬. બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી ચમનજી ઠાકોરે પ્રસ્તાવ રજૂ કર્યો કે :--

"આ સભાગૃહ, બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના અઢારમા અહેવાલ સાથે સંમત થાય ."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૭. માંગણીઓ પર ચર્ચા અને મતદાન પાંચમા દિવસે ચાલુ રહયું.

કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૫ તથા વન અને પર્યાવરણ વિભાગને લગતી માગણી ક્રમાંક: ૨૬ તથા સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગને લગતી માંગણ ક્રમાંક: ૮૯, ૯૧ અને ૯૨ વન, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી મોહનસિંહ રાઠવાએ રજૂ કરી.

માંગણી ક્રમાંક : ૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૩ માગણી ક્રમાંક : ૨૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ અને ૭, માગણી ક્રમાંક : ૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ અને ૧૪, માંગણી ક્રમાંક: ૯૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ અને માગણી ક્રમાંક: ૯૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માંગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ. બાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ વન, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી મોહનસિંહ રાઠવાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો: ક્રમાંક. ૧, ૩, ૬, ૭, ૧૦, ૧૪, ૧૫, અને ૨૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૫, ૨૬, ૮૯, ૯૧ અને ૯૨ મત ઉપર મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ગુરૂવાર, તારીખ. ૧૨મી માર્ચ, ૧૯૯૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. (૧) શ્રી અશોક ભટ્ટે નિયમ--૧૧૬ અન્વયે શ્રેણી--૧૦ અને ૧૨ની તારીખ ૯મી માર્ચ, ૧૯૯૨ તથા ૧૨મી માર્ચ, ૧૯૯૨થી શરૂ થતી પરીક્ષાના સમયે શિક્ષકોના વિવિધ સંઘોએ પરીક્ષા કામના બહિષ્કારના આપેલ એલાન અંગે ઉભી થયેલ પરિસ્થિતિ અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

શિક્ષણ મંત્રીશ્રી ડો. કરસનદાસ સોનેરીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

(૨) શ્રી સવજીભાઈ કોરાટે નિયમ--૧૧૬ અન્વયે મોરબીમાં અઢી લાખ રૂપિયાની કિંમતનું ૪૨ બેરલ કેરોસીન પકડાયું છે તેથી સાચા વપરાશકારોને કાળાબજારમાંથી કેરોસીન ખરીદીને પોતાનો નિભાવ કરવો પડે છે. તેથી કેરોસીનના કાળાબજાર થતાં અટકે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવા અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર નાગરિક પૂરવઠા મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નાગરિક પૂરવઠા મંત્રીશ્રી છબીલદાસ મહેતાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. માનનીય મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલે ગઈકાલે જે બનાવ બન્યો તે અંગે જણાવ્યું કે વિરોધપક્ષના નેતાશ્રીએ સભ્યશ્રી સુરેશભાઈ મહેતાને ઉતારી પાડવાની વાત કરી છે તેમાં મારે એટલી જ સ્પષ્ટતા કરવાની કે જે કાંઈ ગઈકાલે બન્યું હતું તે ખરેખર દુ:ખદ છે અને તેનું મને ઊંડુ દુ:ખ છે. આ સભાગૃહમાં કોઈપણ સભ્યને કયારેય પણ ઉતારી પાડવાનો સવાલ ઉભો ન થાય માનનીય સુરેશભાઈએ તો વિરોધપક્ષના ડેપ્યુટી લીડર છે ત્યારે તેમને ઉતારી પાડવાનો કોઈ સવાલ મારા મનમાં હોઈ શકે નહીં. સભાગૃહના કોઈપણ સભ્યની માનમર્યાદા જળવાય તેની સવિશેષ જવાબદારી મારી છે અને તે અંગે હું કાળજી લઈશ.

વિરોધપક્ષના નેતાશ્રી કેશુભાઈએ જણાવ્યું કે મુખ્યમંત્રીશ્રીએ જે સ્પષ્ટતા કરી તેનાથી આ પ્રશ્નનો અહીં અંત આવે છે અને સભ્યશ્રી અશોક ભટ્ટના ગઈકાલના સભાત્યાગના કિસ્સા સંબંધે ઉમેર્યું કે આ સભાગૃહનું ગૌરવ જળવાઈ રહે તે જોવાની આપણા સૌની જવાબદારી છે. તેથી સભાગૃહનું ગૌરવ જળવાય તેના વિરુદ્ધમાં કોઈ કૃત્ય થયું હોય તો તે અંગે માનનીય સભ્યશ્રી અશોક ભટ્ટના પક્ષે સ્પષ્ટતા કરવા સૂચવ્યું હતું.

ત્યારબાદ માનનીય નાણામંત્રીશ્રી છબીલદાસ મહેતા અને માનનીય ઉપાધ્યક્ષશ્રી મનુભાઈ પરમારે પણ ઉકત બાબતે પોતાના દ્રષ્ટિબિંદુ રજૂ કર્યા.

ત્યારબાદ માન. સભ્યશ્રી અશોક ભટ્ટે સ્પષ્ટતા કરી અને જે કાંઈ બન્યું તે અંગે ક્ષમા માંગી. અંતમાં માન. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે ગૃહનું સંચાલન સરળ રીતે થાય તે વસ્તુ નજર સમક્ષ રાખીને હું મારી અધ્યક્ષ તરીકેની જવાબદારી અદા કરું તેવી મારી સ્વાભાવિક ઈચ્છા અને પ્રયત્નો છે અને જે ખેલદિલીપૂર્વક વાત થઈ તેનો સ્વીકાર કર્યો અને ઉમેર્યું કે આ મુદ્દો અહીં પૂરો થાય છે.

૪. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા :—

(૧) ગુજરાત ગૃહનિર્માણ બોર્ડનો સન ૧૯૯૦--૯૧નો વાર્ષિક વહીવટી અહેવાલ.

(૨) સામાન્ય વહીવટ વિભાગની સન ૧૯૮૬ના ગુજરાત લોકાયુકત અધિનિયમ અન્વયેની તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૨ની અધિસૂચના.

(૩) માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગની સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અંગેની તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૨ની અધિસૂચના.

૫. અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ, શ્રી બાબરભાઈ તડવીએ સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

૬. માંગણીઓ પર ચર્ચા અને મતદાન છઠ્ઠા દિવસે ચાલુ રહયું.

ગૃહ વિભાગની પરિવહનને લગતી માંગણી ક્રમાંક : ૪૬ તથા શ્રમ અને રોજગાર વિભાગની શ્રમ અને રોજગારને લગતી માગણી ક્રમાંક : ૫૮ માનનીય શ્રમ રોજગાર અને પરિવહન-મંત્રી શ્રી રામસિંહ પરમારે રજૂ કરી.

માંગણી ક્રમાંક : ૪૬ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૧, ૨, ૩, ૪, ૫ અને માંગણી ક્રમાંક : ૫૮ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૬, ૭, ૮, ૯, ૧૦ અને ૧૧ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, ચાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો—

ત્યારબાદ ચર્ચાનો જવાબ શ્રમ રોજગાર અને પરિવહન મંત્રીશ્રી રામસિંહ પરમારે આપ્યો.

૭. પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપદરખાસ્ત ક્રમાંક : ૧ થી ૧૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૪૬ અને ૫૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. **બિન-સરકારી વિધેયકો :**

નીચેનાં બિન--સરકારી વિધેયકોના પહેલાં, વાંચનના પ્રસ્તાવો રજૂ થયા, તેના પર ચર્ચા થઈ. ચર્ચાને અંતે સભાગૃહની અનુમતિથી તે વિધેયકો પાછાં ખેંચી લેવામાં આવ્યાં.

(૧) સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક--૧૧ સન ૧૯૯૨ના મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક પ્રભારી સભ્યશ્રી જયનારાયણ વ્યાસ.

(૨) સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક--૧૩ સન ૧૯૯૨નું ગુજરાત મહિલા રક્ષક દળ વિધેયક પ્રભારી સભ્યશ્રી ડો. ચંદ્રિકાબહેન ચુડાસમા.

(૩) સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક—૧૨—સન ૧૯૯૨નું ગુજરાત (રાજ્ય સેવક દ્વારા) લોક તિરસ્કાર થતો અટકાવવા બાબત વિધેયક, પ્રભારી સભ્યશ્રી જયનારાયણ વ્યાસ.

શુક્રવાર, તા. ૧૩મી માર્ચ, ૧૯૯૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. સભ્ય શ્રી મદનલાલ કાપડીયાએ નિયમ--૧૧૬ અન્વયે "ડાંગ જિલ્લાના જંગલમાં મહારાષ્ટ્રના અસામાજિક તત્વોને પડકારતા ચાર બીટગાર્ડો ઉપર ઘાતક હુમલો કરી રાઈફલ ઝૂંટવી લઈ જવાના અતિ ગંભીર બનાવ" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર વન મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

વન મંત્રીશ્રી મોહનસિંહ રાઠવાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબા આપ્યા.

૩. ઉપાધ્યક્ષશ્રી મનુભાઈ પરમારે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી જણાવ્યું કે સભ્ય શ્રી ફકીરભાઈ વાઘેલાએ સમાજ કલ્યાણ મંત્રીશ્રીને ,અગ્રતાક્રમ--૬નો પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી ગેરહાજર હોવા છતાં જવાબ આપવા વિનંતી કરી ત્યારે મંત્રીશ્રી રામસિંહ પરમાર ઉશ્કેરાઈ ગયા અને વાતાવરણ કલુષિત થયું તેમજ સભ્યશ્રી કાંતિભાઈ કચોરીયા અને હરજીવનદાસ પટેલને પોતાના વિસ્તારના પ્રશ્ન અંગે સંતોષ ન થતાં સભાગૃહ છોડી ચાલ્યા ગયા તે ઉચિત થયું નહિ.

અન્ય સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે ધાનેરા અંગે માનનીય મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નોના પર્યાપ્ત જવાબ આપ્યા હતા તેમ મને લાગ્યું હતું અને તે પ્રશ્ન પૂરો થઈ ગયા બાદ અને તે પછીના પ્રશ્ન પર સભ્યશ્રી ઉદેસિંહ બારીયાએ પૂરક પ્રશ્ન પૂછયો અને તેનો માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યા પછી સભ્યશ્રી કાન્તિભાઈ કચોરિયા ઉભા થયા હતા. માનનીય હરજીવનદાસ અને અરવિંદભાઈ પણ તેમાં જોડાયા હતા. સભ્યશ્રી કાંતિભાઈ અને હરજીવનદાસ નારાજ થઈને ગૃહ છોડી ચાલ્યા ગયા હતા. સભ્યશ્રી જયનારાયણ વ્યાસે જુનિયર સભ્યોના પ્રતિનિધિ તરીકે વાત કરી પરંતુ પૂરક પ્રશ્નો પૂછવાની તક મળે તે હું બરાબર જોઉં છું તેમ છતાં, તેમાં કોઈ ક્ષતિ રહેતી હોય તો સુધારો કરવાની મારી તૈયારી છે અને ઉમેર્યું કે બેઠા બેઠા અહીંયા જે કોઈ વાત થાય તેમાં મારું કોઈ રેકર્ડ ઉપલબ્ધ હોતું નથી, તેમાં જે વાત થાય તેના વર્ડીંગ મારા પાસે હોતા નથી. આથી માનનીય શ્રમ મંત્રીશ્રી અને સભ્યશ્રી ફકીરભાઈ વાઘેલા વચ્ચે થયેલ વિવાદ અંગે પરિસ્થિતિનો પૂરો અભ્યાસ કરીને પાછળથી નિર્ણય જાહેર કરીશ.

૪. સભ્યશ્રી માનસિંહ ઠાકોરે જણાવ્યું કે બાલાસિનોરના પાંડવા ગામે એસ. એસ. સી. પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓ ઉપર પોલીસે ગોળીબાર કર્યો છે તેની મને કોઈ સ્પષ્ટતા મળી નથી. ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે મેં આની માહિતી ગઈ કાલે આપી દીધી છે.

વિરોધપક્ષના નેતા શ્રી કેશુભાઈ પટેલે એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે બીજી કોઈ બાબતના રેફરન્સમાં માનનીય મુખ્યમંત્રીશ્રી જવાબ આપી દે તે વાજબી નથી. આ પ્રશ્નના સંદર્ભમાં જ તેઓ જવાબ આપે તે ઉચિત થશે.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી કે સભ્યશ્રી અશોક ભટ્ટ તરફથી પ્રશ્ન ઉભો કરવામાં આવતા બાલાસિનોરના ગોળીબારનો સ્પષ્ટ ઉલ્લેખ થયો હતો અને જે માહિતી ઉપલબ્ધ હતી તે આપી હતી તેમ છતાં સભ્યશ્રી પ્રશ્ન પૂછશે તો માહિતી આપીશ.

ચર્ચામાં દરમિયાનગીરી કરતાં શ્રી શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે માત્ર મંત્રીશ્રીની મંજૂરી લે અને માનનીય અધ્યક્ષશ્રીને કોઈ જાણ ન હોય તે સંજોગોમાં કોઈ મુદ્દો ઉપસ્થિત ન કરી શકાય. મંત્રીશ્રીની મંજૂરી લેવાની સાથે માનનીય અધ્યક્ષશ્રીની પણ મંજૂરી લેવી આવશ્યક છે.

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી શકિતસિંહના મુદ્દાને યોગ્ય ઠરાવતા જણાવ્યું કે ઝીરો અવરમાં જે મુદ્દો ઉપસ્થિત કરવામાં આવે છે તે પોતાની મંજૂરી લઈને જ કરવામાં આવે છે., જો કે આ કિસ્સા પૂરતો મને ખ્યાલ નથી એટલે હુ ચોક્કસ સ્વીકારુ છુ અને ઉમેર્યું કે તે સિવાય કયારેય કોઈ મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો હોય તેમાં મને પૂછવામાં આવ્યું ન હોય તેવું બન્યું નથી.

ત્યારબાદ સભ્યશ્રી માનસિંહ ઠાકોરે પાંડવા ગામે એસ. એસ. સી. પરીક્ષા કેન્દ્ર પર થયેલ ગોળીબારથી વિદ્યાર્થીઓમાં ગભરાટ ફેલાયો છે તેવો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

ત્યારબાદ ઉકત બાબતે રાજયકક્ષાના માનનીય ગૃહમંત્રીશ્રી પ્રબોધકાન્ત પંડયાએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૫. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા :—

(૧) ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૮--૮૯નો વાર્ષિક અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

(૨) ગુજરાત કૃષિ વિશ્વ વિદ્યાલયનો સન ૧૯૮૯-૯૦નો વાર્ષિક અહેવાલ, કૃષિ વિશ્વ વિદ્યાલયની કામગીરી અંગેની તેની સમીક્ષા તેમજ સન ૧૯૮૧-૮૨, ૧૯૮૨-૮૩ અને

૧૯૮૩-૮૪ના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ, પગલાનાં નિવેદનો તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં નિવેદનો.

(૩) ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૯૦-૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.

૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન, સાતમા દિવસે ચાલુ રહયું.

માર્ગ અને મકાન વિભાગને લગતી માગણી ક્રમાંક: ૮૦, ૮૨, ૮૪, ૮૫, માર્ગ, મકાન અને સંસદીય બાબતોના મંત્રીશ્રી દિનશા પટેલે રજૂ કરી.

માગણી ક્રમાંક: ૮૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૨, માગણી ક્રમાંક: ૮૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૩, ૪, ૫, ૬, ૭, માગણી ક્રમાંક: ૮૪, ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક: ૮, ૯, ૧૦ તથા માગણી ક્રમાંક: ૮૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ અને ૧૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માંગણીઓ અને તેની ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, ઓગણીસ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માર્ગ, મકાન અને સંસદીય બાબતોના મંત્રી શ્રી દિનશા પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ થી ૧૨ મત ઉપર મૂકવામાં આવી અને તેની અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક: ૮૦, ૮૨, ૮૪ અને ૮૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સોમવાર, તા. ૧૬મી માર્ચ, ૧૯૯૨.

૧. નાણામંત્રી, શ્રી છબીલદાસ મહેતાએ ગુજરાત વિધાનસભાના ચાલુ સભ્ય અને માજી મંત્રી શ્રી વીરજીભાઈ લીંબાભાઈ મુનિયાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ વિરોધ પક્ષના નેતા, શ્રી કેશુભાઈ પટેલે તેમજ સભ્ય શ્રી નવીનભાઈ શાસ્ત્રી, શ્રી પ્રવીણસિંહજી જાડેજા, શ્રી મોહનસિંહ રાઠવા, શ્રી મનોહરસિંહજી જાડેજા, શ્રી ઉદેસિંહ બાંગીયા, શ્રી ભીખાભાઈ બાંભણીયા, શ્રી કાનજીભાઈ પટેલ, શ્રી બરજુલભાઈ પટેલ, શ્રી નાનાભાઈ રોયલા, શ્રી મનુભાઈ પરમાર, શ્રી દોલતભાઈ દેસાઈ, શ્રી મનુભાઈ પીઠવડીવાળા, શ્રી હરજીવનભાઈ પટેલ અને શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીએ સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ માનનીય સભ્યશ્રીએ પણ તેમાં સૂર પૂરાવ્યો.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને થોડીવાર મૌન પાળ્યું.

૨. સભ્યશ્રીઓએ થોડીવાર મૌન પાળ્યા બાદ નાણા મંત્રી, શ્રી છબીલદાસ મહેતાએ પ્રસ્તાવ રજુ કર્યા કે સ્વ. શ્રી વીરજીભાઈ મુનિયાને આ સભાગૃહે શ્રધ્ધાંજલિ અર્પણ કરી છે અને તેમના માનમાં આજની બેઠકનું કામકાજ, મુલતવી રાખવામાં આવે. તેને વિરોધપક્ષના નેતા, શ્રી કેશુભાઈ પટેલે અનુમોદન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની સર્વસંમતિથી ગૃહની બેઠક મુલતવી રાખી.

મંગળવાર, તા. ૧૭મી માર્ચ, ૧૯૯૨

પહેલી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. શ્રી જયનારાયણ વ્યાસે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને જણાવ્યું કે કામકાજ સલાહકાર સમિતિનો ત્રેવીસમો અહેવાલ અમને આજે મળ્યો છે જે ગૃહમાં હવે પછી રજુ થનાર છે. છતાં દિવસના કામકાજની યાદીમાં તેમાં દર્શાવ્યા પ્રમાણેનું કામકાજ બતાવવામાં આવ્યું છે અને જાણવા માંગ્યું કે આવું કેવી રીતે બની શકે.

શ્રી શકિતસિંહે શ્રી જયનારાયણ વ્યાસના મુદ્દાને વાજબી ઠેરવતા જણાવ્યું હતું કે છેલ્લા દિવસે, છેલ્લી ઘડીએ અમારી પાસે માહિતી આવે કે ગૃહમાં શું બિઝનેસ છે તે બાબતમાં આપના તરફથી સ્પષ્ટ આદેશો આપવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રીએ શ્રી જયનારાયણ વ્યાસના મુદ્દાને સાચો ઠેરવતા જણાવ્યું હતું કે ગઈકાલે સ્વર્ગસ્થ શ્રી મુનિયાના અવસાન નિમિતે શોકદર્શક ઠરાવ લીધો અને સભાગૃહનું કામકાજ મોકફ રાખ્યું તેના કારણે આવું બન્યું છે. ફરીથી આવું ન થાય તે માટે કાળજી લેવામાં આવશે.

૩. શ્રી મનોહરસિંહજી જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને જણાવ્યું કે વારંવાર અમારે મૌખિક અને લેખિત જવાબ બાબતની વિસંગતતાઓ સભાગૃહના ધ્યાન પર લાવવી પડે છે જે અમને ગમતું નથી. તેના કારણે પેટા પ્રશ્નોની બાબતમાં મુશ્કેલી સર્જાય છે. તેમાં આપને પણ કહેવું પડે છે કે આ બરાબર નથી છતાં આ પ્રણાલિકામાં ફેરફાર થતો નથી. હું આપના મારફત આ બાબત મુખ્યમંત્રીશ્રીને કહેવા માગું છુ કે આમાં સુધારાને અવકાશ હોય તો કયારે થઈ શકશે તેની ચોક્કસ બાંયધરી તેઓ આપે.

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી મનોહરસિંહજીના મુદ્દાને વાજબી ઠરાવી જણાવ્યું કે બે-ત્રણ વખત આ પ્રશ્ન ઉપસ્થિત થયો છે. પૂરક પ્રશ્નના જવાબની માહિતી આપવી જોઈએ અને તે ઉપલબ્ધ ન હોય તો ટેબલ ઉપર મૂકતા હોય છે, કોઈ વખત પ્રશ્ન મુલતવી રાખવાની પ્રથા આપણા નિયમોમાં છે. આવા કિસ્સા જયારે મારા ધ્યાન ઉપર આવે છે ત્યારે હું મંત્રીશ્રીનું ધ્યાન દોરુ છું, તાકીદ આપું છુ તેમાં સુધારો ન થતો હોય તો હુ નાઈલાજ છુ. મંત્રીશ્રીઓ અને સરકાર આ બાબતમાં કાળજી રાખે એટલું હુ આ તકે કહી શકુ.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે અધ્યક્ષશ્રીએ જે સૂચન કર્યું છે તેને પૂરી ગંભીરતાથી હું સ્વીકારું છું અને સભ્યશ્રીઓની આવી ફરિયાદ ન રહે તેની કાળજી રાખીશું, સભ્ય શ્રી મનોહરસિંહજી જાડેજાએ જે મુદ્દો ઉઠાવ્યો છે તેમાં જવાબ અપાયા બાદ કોઈ વિગત રહી ગઈ હોય તો જવાબ સુધારીને આપવો જોઈએ તે પણ હું સ્વીકારું છું.

૪. શ્રી હરદત્તસિંહ જાડેજાએ નિયમ--૧૧૬ અન્વયે "વિરમગામ મુકામે સિનિયર ડિવિઝનના કોર્ટના મકાનની વ્યવસ્થા હોવા છતાં કોર્ટ શરૂ ન થતાં, સંખ્યાબંધ કેસો માટે અમદાવાદ નારોલ આવવું પડતું હોઈ, વકીલોએ પાડેલ હડતાલ નિવારવા" અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય કાયદા મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

કાયદા મંત્રીશ્રી, શશીકાંત લાખાણીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૫. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા :—

(૧) ઈન્ડિયન ઓઈલ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૯૦--૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ, અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.

(૨) સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ અધિનિયમ, ૧૯૬૨ અન્વયેની ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની—

(અ) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, કર્મચારીના કોન્ટ્રીબ્યુટરી પ્રોવિડંટ ફંડ નિયમો, ૧૯૭૦ને વધુ સુધારતી તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૨ની અધિસૂચના.

(બ) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ કર્મચારીઓના (તબીબી ખર્ચ ભરપાઈ) વિનિયમો ૧૯૭૨ને વધુ સુધારતી તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૨ની અધિસૂચના.

(૩) સમિતિના પ્રમુખશ્રી સુરેશચન્દ્ર મહેતાએ જાહેર હિસાબ સમિતિના સાતમી ગુજરાત વિધાનસભાના સાતમાં, નવમા અગિયારમા, તેરમા તથા ચૌદમા અહેવાલો ઉપરનાં પગલાંના પત્રકો સભાગૃહના મેજ ઉપર મૂક્યાં.

૬. (૧) માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ત્રેવીસમો અહેવાલ રજુ કર્યો.

(૨) બિન--સરકારી કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી નાનાભાઈ રોયલાએ સમિતિનો ઓગણીસમો અહેવાલ રજુ કર્યો.

(૩) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ, શ્રી ચંદુભાઈ ડાભીએ સમિતિનો તેરમો અને ચૌદમો અહેવાલ રજૂ કર્યો.

૭. સંસદીય બાબતોના મંત્રી શ્રી દિનશા પટેલે પ્રસ્તાવ રજુ કર્યો કે,

"આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ત્રેવીસમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. બિન-સરકારી સભ્યોના કામકાજની સમિતિના પ્રમુખ, શ્રી નાનાભાઈ રોયલાએ પ્રસ્તાવ રજુ કર્યો કે—

"આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ઓગણીસમા અહેવાલ સાથે સંમત થાય"..

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આ યો.

૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન, આઠમા દિવસે ચાલુ રહયું :—

કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગને લગતી માગણી ક્રમાંક :—૨, ૩, ૪ કૃષિ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી શંકરજી ઓ. ઠાકોરે રજુ કરી.

નર્મદા અને જળસંપત્તિ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૬૪ નર્મદા વિકાસ મંત્રીશ્રી શ્રી બાબુભાઈ જ. પટેલે રજુ કરી.

માગણી ક્રમાંક : ૨ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૨, ૩, ૪, ૫ તથા
માગણી ક્રમાંક : ૩ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક : ૬, ૭, ૯ તથા

માગણી ક્રમાંક : ૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૧, ૧૨, ૧૩ તથા

માગણી ક્રમાંક : ૬૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪ સંબંધિત સભ્યશ્રીઓએ રજુ કરી.

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજુ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, પાંચ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ કૃષિ અને ગ્રામ વિકાસ મંત્રી શ્રી શંકરજી ઓ. ઠાકોરે તથા નર્મદા વિકાસ મંત્રીશ્રી બાબુભાઈ જ. પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજુ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨ થી ૭, ૯, ૧૧ થી ૧૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૨, ૩, ૪ અને ૬૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૦. દાખલ થયેલું બિન-સરકારી વિધેયક :

સભ્ય શ્રી દિલીપભાઈ પરીખે સન ૧૯૯૨નું ગુજરાત ઘોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૧૧. બિન-સરકારી સંકલ્પો.

(૧) શ્રી જયેન્દ્રભાઈ ખત્રીએ ખેડૂતોને તેમની માંગ પ્રમાણે આગામી બે વર્ષમાં વીજ-જોડાણો આપીને સો ટકા લક્ષ્યાંક પૂરો કરવા અંગેનો સંકલ્પ રજુ કર્યો.

ચર્ચામાં આઠ સભ્યશ્રીઓએ અને મુખ્ય મંત્રીશ્રીએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ શ્રી જયેન્દ્રભાઈ ખત્રીએ આપ્યો.

સંકલ્પ મત ઉપર મૂકવામાં આવતાં, વિરોધ પક્ષના ઉપનેતા શ્રી સુરેશચંદ્ર રુ. મહેતાએ વિભાજનની માગણી કરતાં તેના સ્વીકાર થયો અને સભ્યોને પોતાની જગ્યાએ ઊભા કરીને વિભાજન કરતાં સંકલ્પની તરફેણમાં ૬૩ અને વિરુદ્ધમાં ૭૮ મત પડયા, તેથી સંકલ્પનો અસ્વીકાર કરવામાં આવ્યો.

(૨) સભ્યશ્રી, જયનારાયણ વ્યાસે બાનગીકરણની દિશા, માર્ગદર્શક સિદ્ધાંતો, કાર્યરીતિ નક્કી કરવા સભાગૃહના સભ્યોની સમિતિની રચના કરવા અંગેનો સંકલ્પ રજુ કર્યો.

ચર્ચામાં બે સભ્યશ્રીઓએ અને મુખ્ય મંત્રીશ્રીએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ શ્રી જયનારાયણ વ્યાસે આપ્યા બાદ સભાગૃહની અનુમતિથી ઉક્ત સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

બીજી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. શ્રી અશોક ભટ્ટે ઔચિત્ય ભંગનો મુદ્દો ઉઠાવતા જણાવ્યું કે શિક્ષકોના પ્રશ્ને સમાધાન થયું છે અને તેમાં જે નિર્ણયો લેવાયા તે ૧૪મી તારીખના છાપામાં જાહેર થયા છે. સભાગૃહ ચાલુ હોવા છતાં તે અંગેની કોઈ જાહેરાત સભાગૃહમાં કરવામાં આવી નથી. આ સભાગૃહની બહાર માહિતી ખાતાની પ્રેસનોટ દ્વારા જાહેરાત થાય ત્યારે અમને બહુ જ દુઃખ થાય છે અને જાણવા માગ્યું કે સરકાર કેટલી હદ સુધી આ સભાગૃહનું અવમાન કરવા માંગે છે.

શિક્ષણ મંત્રી, ડૉ. કરસનદાસ સોનેરીએ જણાવ્યું હતું કે આ કોઈ ઔચિત્ય ભંગનો મુદ્દો છે જ નહિ. શિક્ષકોના સંઘોને—સંગઠનોને અમે કહ્યું છે કે તમારા જે પ્રશ્નો હશે તે સમજીશું અત્યારે તમે હડતાલ પાછી ખેંચી લો અને જે લોકોએ આંદોલન પાછું ખેંચી

લીધું છે. નાણા વિભાગ, શિક્ષણ વિભાગ અને સલાહકાર (મુખ્યમંત્રીશ્રીના) સાથે સંગઠનો બેસે અને કેવી રીતે પ્રશ્નોનો ઉકેલ લાવી શકાય તેના આધાર ઉપર તેમની જે રજુઆત થઈ તેની નાણાં વિભાગ ચકાસણી કરે છે ત્યાર પછી તેના અંગે નિર્ણય થશે.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે ઔચિત્ય ભંગનો જે મુદ્દો છે સમાધાન જે કાંઈ કર્યું હોય તે સંબંધમાં પ્રેસ નોટ દ્વારા કે બીજી કોઈ રીતે પબ્લિસિટી થઈ હોય તેવા પ્રકારનું કાંઈ કરવામાં આવ્યું છે કે કેમ, સરકાર દ્વારા કે ખાતા દ્વારા છાપામાં કોઈ પ્રસિદ્ધિ થઈ છે ?

શિક્ષણ મંત્રી, ડૉ. કરસનદાસ સોનેરીએ જણાવ્યું કે સરકાર તરફથી કોઈપણ મુદ્દો ક્યારેય જાહેરાતમાં આપવામાં આવ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે હું છાપાં જોઈશ, તેની પાછળ જાહેરાતનો હેતુ છે કે નહિ તે ચોક્કસ કરીને સોમવારે મારો નિર્ણય જાહેર કરીશ.

૩. (૧) શ્રી નલિન ભટ્ટે નિયમ-૧૧૬ અન્વયે—"વડોદરા ખાતેના ન્યાયમાંદિર સંકુલના લોક-અપમાં કાચાકામના કેદીઓ પર ફરજ પરના પોલીસ કર્મચારીએ ગોળીબાર કરતા કોર્ટના કર્મચારીઓ અને જનતામાં ફેલાયેલ ભયને દુર કરવા" અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) નું ધ્યાન દોર્યું ;

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત પંડયાએ તેમનું લેખિત નિવેદન રજુ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

(૨) શ્રી સવજીભાઈ કોરાટે નિયમ--૧૧૬ અન્વયે "તાજેતરમાં લેવાઈ રહેલી એસ. એસ. સી. ની પરીક્ષા માટે શિક્ષણ જગતના કર્મચારીઓઓએ કરેલા બહિષ્કારને કારણે, રાજ્યનાં જુદાં જુદાં કેન્દ્રો ઉપર પેપર મોડાં પહોંચતાં, ધૂમ ચોરીઓ થવાથી વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડાં કરનારી પરિસ્થિતિના નિવારણ" અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું ;

શિક્ષણ મંત્રી, ડૉ. કરસનદાસ સોનેરીએ લેખિત નિવેદન રજુ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યો.

૪. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા :—

નાણા વિભાગના સન ૧૯૬૯ ના ગુજરાત વેચાણવેરા અધિનિયમ અન્વયેની તા. ૫-૩-૯૨ ની અધિસૂચના.

૫. સરકારી વિધેયકો :

નીચેનું સરકારી વિધેયક સભાગૃહે મંજૂર કર્યું અને પસાર કર્યું.

(૧) સન ૧૯૯૨ નું વિધેયક ક્રમાંક--૧-સન ૧૯૯૨નું મુંબઈ મોટર વાહન વ્યવહાર વેરા (ગુજરાત સુધારા) વિધેયક.

૬. માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ચોવીસમો અહેવાલ રજૂ કર્યો.

૭. સંસદીય બાબતોના મંત્રી, શ્રી દિનશા પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે "આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ચોવીસમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મુકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

(૨) નીચેનું સરકારી વિધેયક સભાગૃહે મંજૂર કર્યું અને પસાર કર્યું.

સન ૧૯૯૨નું વિધેયક ક્રમાંક--૨ સન ૧૯૯૨નું ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી છે તકરાર લવાદી ટ્રિબ્યુનલ વિધેયક.

૮. સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ :

સંસદીય બાબતોના મંત્રીશ્રી દિનશા પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ વિધેયક પસાર થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવતા શ્રી સુરેશચંદ્ર મહેતાએ વિભાજનની માગણી કરતા પ્રસ્તાવની તરફેણમાં ૭૪ મત અને વિરૂદ્ધમાં ૬૦ મત પડતા પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો.

સોમવાર, તા. ૨૩મી માર્ચ, ૧૯૯૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. સભ્યશ્રી પરમાનંદભાઈ ખટ્ટરે નિયમ--૧૧૬ અન્વયે જામનગર શહેરની નજીક દિગ્જામ ગુલન મીલની પાસે આવેલા ૧૩૫ જેટલાં કાચાં અને પાકાં મકાનો વગર નોટિસે રાજ્ય સરકારે તાત્કાલિક તોડી પાડવા અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મહેસૂલ મંત્રી, શ્રી દલસુખભાઈ જે. ગોધાણીએ તેમનું લેખિત નિવેદન રજુ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. પંચમહાલ જિલ્લામાં થયેલ લઠ્ઠાકાંડ અંગે રજુ થયેલી તાકીદની જાહેર અગત્યની બાબત અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતા સભ્યશ્રી ઉદેસિંહ બારિયાએ જણાવ્યું કે આ અંગેનું નિવેદન એમને બહું મોડું મળ્યું હોવાથી મુશ્કેલી પડી છે.

માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કરેલ ખુલાસા બાદ તેમજ અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબત આવતી કાલે રાખવા ઠરાવ્યું.

૪. સભ્યશ્રી અશોક ભટ્ટ માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજુરીથી ઉભરાટના દરિયાકિનારે રજા માણવા ગયેલા આઠ લોકોના ડૂબી જવાથી થયેલા મૃત્યુ અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય મુખ્ય મંત્રી શ્રી ચીમનભાઈ પટેલ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૫. નાણાં મંત્રીશ્રી છબીલદાસ મહેતાએ સન ૧૯૯૨નું ગુજરાત વેચાણવેરા (દ્વિતીય સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન :

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૯૪, ૯૫ અને ૯૬ તથા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગને લગતી માંગણી ક્રમાંક ૯૯ શહેરી વિકાસ અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી નરહરિ અમીને રજુ કરી.

માગણી ક્રમાંક ૯૪ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક : ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ માગણી ક્રમાંક ૯૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૭, ૮ અને ૯ માગણી ક્રમાંક ૯૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૦, ૧૧ અને ૧૨ માંગણી ક્રમાંક ૯૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૩ અને ૧૪ સંબંધિત સભ્યશ્રીઓએ રજુ કરી.

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, સોળ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો :—

ચર્ચાનો જવાબ શહેરી વિકાસ યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રી શ્રી નરહરિ અમીને આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૧૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણીઓ ક્રમાંક ૯૪, ૯૫, ૯૬ અને ૯૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

મંગળવાર, તા. ૨૪મી માર્ચ, ૧૯૯૨

પહેલી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. પ્રશ્નોત્તરી દરમિયાન રાજ્યકક્ષાના જળસંપતિ મંત્રીશ્રી જશુભાઈ ધા. બારડ તરફથી આપવામાં આવેલ જવાબો અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં સભ્યશ્રી જયનારાયણ વ્યાસે જણાવ્યું કે આ જવાબો ગોળગોળ છે અને એમાં અમુક શબ્દ પ્રયોગ તો સરકારી કર્મચારીની મશ્કરી સમાન છે.

રાજ્યકક્ષાના જળસંપતિ મંત્રી શ્રી જશુભાઈ ધા. બારડે આ બાબતમાં ખુલાસો કર્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આ મુદ્દો યોગ્ય છે. ગોળ ગોળ જવાબો આપવામાં આવે એ બરાબર નથી. જવાબ દરમ્યાન જે શબ્દપ્રયોગો કરવામાં આવેલ છે એ ન થયા હોત તો સારું હતું.

૩. પ્રશ્નોત્તરી દરમ્યાન સભ્યશ્રી અશોક ભટ્ટે સરકાર સામે કરેલા આક્ષેપો અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતાં સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાએ જણાવ્યું કે આ રીતે સરકાર સામે આક્ષેપો કરવામાં આવે એ બરાબર નથી. એને માટેના નિયમો પણ છે.

નાણા મંત્રી શ્રી છબીલદાસ મહેતાએ આ બાબતમાં ખુલાસો કર્યો.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે પોઈન્ટ ઓફ ઓર્ડરની ચર્ચા દરમ્યાન એકની એક વાતની ડિબેટ થયા કરે છે એ બાબત બરાબર નથી. આક્ષેપ દરમ્યાન થયેલાં વિધાનો ન કર્યા હોત તો સારું હતું. આમ છતાં ભૂતકાળનાં થયેલાં નિર્ણયો પ્રમાણે અને નિયમો પ્રમાણે આક્ષેપો કરતાં પહેલાં પરવાનગી લેવી જરૂરી છે. અને એ રીતનું વર્તન સભ્યશ્રીઓએ કરવું જોઈએ.

૪(૧) સભ્યશ્રી સવજીભાઈ કોરાટે નિયમ--૧૧૬ અન્વયે લીમખેડા પોલીસ મથકના ફૂલપરી અને છલિયા ગામે લઠ્ઠો પીવાથી થયેલા મૃત્યુ અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી શ્રી પ્રબોધકાન્ત દા. પંડયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૫. તાકીદની જાહેર અગત્યની બાબત પર થયેલ પ્રશ્નોત્તરી દરમ્યાન ભારતીય જનતા પક્ષના સભ્યશ્રીઓ તરફથી કરવામાં આવેલા સુત્રોચ્ચાર અંગે સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતાં જણાવ્યું કે મંત્રીશ્રીના જવાબથી સભ્યશ્રીઓને સંતોષ ન થાય એ સમજી શકાય એવી વાત છે પરંતુ તેના પ્રતિકાર રૂપે આ રીતે સુત્રોચ્ચાર કરીને સભાગૃહમાં ધોંધાટનું વાતાવરણ પેદા થાય છે એ ઉચિત નથી. આમ કરવાથી અન્ય સભ્યશ્રીઓના અધિકારો ઉપર તરાપ પડે છે.

માનનીય મુખ્ય મંત્રી શ્રી ચીમનભાઈ પટેલે આ બાબતમાં ખુલાસો કર્યો.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે જે સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો હતો એમણે જે વાત કરી હતી એ ગંભીરતાથી કરી હતી. ભૂતકાળના નિર્ણયો પ્રમાણે જે હકીકત રજૂ કરી હોય એને પ્રમાણભૂત ગણીને સરકારે આગળ પગલાં લેવાં જોઈએ.

સભાગૃહની અંદર સુત્રોચ્ચાર કરવાથી સભાગૃહની સેવા થઈ શકતી નથી. આ પ્રકારનું વર્તન ન થાય એની કાળજી લેવામાં આવે. હવે જો આ પ્રકારનું વર્તન થશે તો એને અશોભનીય ગણવામાં આવશે અને એને માટે કડક પગલાં લઈને ઈલાજો કરવા પડશે.

૬(૨) સભ્યશ્રી શકિતસિંહ હ. ગોહિલે નિયમ--૧૧૬ અન્વયે ગોધરાની સબજેલમાં ડી.આઈ.જી.પી. જેલ તથા જેલર ઈન્ચાર્જ અને બે કોન્સ્ટેબલોએ સાતેક કેદીઓને ઢોર માર મારવાથી અતિશય મારના કારણે એક યુવાનના થયેલા મૃત્યુ અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી ગૃહનું ધ્યાન દોર્યું.

શહેરી વિકાસ મંત્રી, શ્રી નરહરિ અમીને તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

(૩) સભ્યશ્રી બચુભાઈ કિશોરીએ નિયમ--૧૧૬ અન્વયે ઝાલોદ તાલુકામાં આવેલ સુકી તળાવ સિંચાઈ કમાન્ડ વિસ્તારના ચોસાલા તથા કાળીગામના ખેડૂતોને આ સિંચાઈ તળાવનું પાણી પિયત માટે ન મળતાં થયેલ રોષ અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર નાની સિંચાઈ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના જળસંપતિ મંત્રી, શ્રી જશુભાઈ બારડે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૭. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા :—

તા. ૯મી માર્ચ, ૧૯૯૨ના સભાગૃહમાં રજૂ થયેલા તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૨૫૮૮ (અગ્રતાક્રમ--૪ના) અનુસંધાને વધારાની માહિતી.

૮. અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી ચંદુભાઈ ડાભીએ સમિતિનો પંદરમો અહેવાલ રજુ કર્યો.

૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન :

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતી માગણી ક્રમાંક ૩૯ અને ૪૦ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી, શ્રી બાબુભાઈ વાસણવાળાએ રજુ કરી.

માગણી ક્રમાંક : ૩૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૩ અને ૪ માગણી ક્રમાંક :૪૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૫, ૬, ૭ અને ૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજુ કરી.

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજુ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, નવ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૧૦. વિરામ બાદ સભ્યશ્રી અશોક ભટ્ટે એક મુદ્દો ઉપસ્થિત કરતાં જણાયું કે એમ. એલ. એ. હોસ્ટેલમાં એક યુવાને આણછાજતું વર્તન કરેલ છે તો આ બાબતની તપાસ કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે હું તપાસ કરાવીશ.

૧૧. માગણીઓ પરની ચર્ચાનો જવાબ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી બાબુભાઈ વાસણવાળાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજુ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ અને ૩ થી ૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૩૯ અને ૪૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

બીજી બેઠક

૧. ત્રીજી અને ચોથી અતારાંકિત પ્રશ્નોત્તરીની યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. શિક્ષકોની હડતાલના સમાધાનના પ્રશ્ન અંગે તા. ૧૭--૩--૯૨ના રોજ સભ્યશ્રી અશોક ભટ્ટે ઉપસ્થિત કરેલ ઔચિત્ય ભંગનો મુદ્દો નામંજુર કરતો નિર્ણય માનનીય અધ્યક્ષશ્રીએ વાંચીને આપ્યો.

૩. તા. ૧૩મી માર્ચ, ૧૯૯૨ના રોજ માનનીય સભ્યશ્રી મનુભાઈ પરમારે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરેલ હતો અને તેમાં માનનીય સભ્યશ્રીઓની સભાત્યાગની બાબત અને એક સભ્યશ્રી તથા મંત્રીશ્રી વચ્ચે બેઠા બેઠા થયેલ ઉગ્ર બોલાચાલીની બાબત હતી.

આ અંગેનો નિર્ણય વાંચીને આપતા માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે ઉશ્કેરાટના

પ્રસંગોએ માનનીય સભ્યશ્રીઓ અને માનનીય મંત્રીશ્રીઓ પણ સંયમ જાળવી એક બીજાના વિચારો પ્રત્યે સહિષ્ણુ બને તથા પોતાના સ્થાન પર બેઠા બેઠા અનુચિત ભાષા પ્રયોગ કરવામાં સંયમ દાખવે તેવી ગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી કરી.

૪. (૧) સભ્યશ્રી શકિતસિંહ હ. ગોહિલે નિયમ--૧૧૬ અન્વયે ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના રાતોલ ગામે એક માથાભારે સ્ત્રીની સાથે જઈને ગામની નિર્દોષ વ્યકિતઓને પોલીસ ઈન્સ્પેકટરે માર મારેલ તે અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

રાજયકક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત દા. પંડયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

તાકીદની જાહેર અગત્યની બાબત અંગે આપવામાં આવેલ લેખિત જવાબમાં કરવામાં આવેલ સુધારા અંગે મુદ્દો ઉપસ્થિત કરતાં સભ્યશ્રી શકિતસિંહ હ. ગોહિલે જણાવ્યું કે આ સુધારો અગાઉથી અપાયો હોત તો મદદરૂપ થાત.

રાજયકક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત પંડયાએ જણાવ્યું કે નિવેદન આપ્યા પછી નિર્ણય કર્યો છે તેથી આમ બન્યું છે .

(૨) શ્રી સવજીભાઈ કોરાટે નિયમ--૧૧૬ અન્વયે પાલિતાણામાં તાજેતરમાં હરિજનોના રક્ષણ માટે ફરજ પર મુકાયેલા એસ. આર. પી. પોલીસની ફરજમાં રુકાવટ કરી તેમની રાઈફલો ઝૂંટવી, ગડદા પાટુઓનો માર ત્યાંના સ્થાનિક અસામાજિક તત્વો દ્વારા મારવામાં આવ્યો છે તે અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

રાજય કક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત દા. પંડયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોનાં જવાબો આપ્યા.

૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન.

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગને લગતી માગણીઓ ક્રમાંક : ૨૨ અને ૨૩ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૪૧ નાગરિક પુરવઠા અને પાણી પુરવઠા મંત્રીશ્રી છબીલદાસ મહેતાએ રજૂ કરી.

માગણી ક્રમાંક : ૨૨ ઉપરની કાપદરખાસ્તો ક્રમાંક : ૧, ૨, ૩, ૪, અને ૫, માગણી ક્રમાંક : ૨૩ ઉપરની કાપદરખાસ્તો ક્રમાંક : ૬, ૮, ૯ અને ૧૦, માગણી ક્રમાંક ૪૧ ઉપરની કાપદરખાસ્તો ક્રમાંક ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજુ કરી.

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજુ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, ઓગણીસ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૬. માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર સભ્યની ચૂંટણી માટેના ફેરફાર કરાયેલા કાર્યક્રમની જાહેરાત કરી.

૭. માગણીઓ પરની ચર્ચાનો જવાબ નાગરિક પુરવઠા અને પાણી પુરવઠા મંત્રીશ્રી છબીલદાસ મહેતાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુક્ત માગણીઓ પર રજુ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક : ૧ થી ૬, ૮ થી ૧૦ અને ૧૩ થી ૧૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૨૨, ૨૩ અને ૪૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

બુધવાર, તા. ૨૫મી માર્ચ, ૧૯૯૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા

૨. મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલે મુંબઈ વિધાનસભાના ભૂતપૂર્વ ધારાસભ્યશ્રી મકનજી પુરૂષોતમદાસ પટેલ અને ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ ધારાસભ્યશ્રી શંકરભાઈ દેવજીભાઈ પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ શ્રી અશોક ભટ્ટ, શ્રી નવીનભાઈ શાસ્ત્રી, શ્રી પ્રવીણસિંહજી જાડેજા, શ્રી ભગવાનદાસ હ. પટેલ, ડો. કરસનદાસ સોનેરી અને શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલાએ અંજલિ આપ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ તેમાં સૂર પૂરાવ્યો

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઊભા થઈને થોડીવાર મૌન પાળ્યું.

૩. સભ્યશ્રી શકિતસિંહ હ. ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતા જણાવ્યું કે સભાગૃહમાં જ્યારે શોકદર્શક ઉલ્લેખ ચાલતો હોય ત્યારે સભ્યશ્રીએ બહાર ન જવું જોઈએ અને શિષ્ટાચાર જાળવવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે જ્યારે શોકદર્શક ઉલ્લેખ ચાલતો હોય ત્યારે કોઈ સભ્યશ્રી સભાગૃહની બહાર જાય તો એ વાજબી નથી. સભ્યશ્રીઓએ સદગત પ્રત્યે પૂરે પૂરું માન જાળવવું જોઈએ. બહારથી આવતા સભ્યશ્રીઓ પણ અદબપૂર્વકની કાળજી રાખે એ પણ જરૂરી છે.

૪(૧) સભ્યશ્રી હરજીવનભાઈ પટેલે નિયમ-૧૧૬ અન્વયે પાલનપુર શહેરમાં દારૂવાળાના અડ્ડામાં આકસ્મિક દંગલ થતાં કેટલીક વ્યકિતઓ દ્વારા છરાબાજીના બનાવો બનતાં આ વિસ્તારમાં ઊભી થયેલ ભય અને ગભરાટની લાગણી અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર મુખ્યમંત્રીશ્રીએ ગૃહનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત દા. પંડયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

(૨) સભ્યશ્રી ડો. ચંદ્રીકાબહેન કા. ચુડાસમાએ નિયમ-૧૧૬ અન્વયે પંચમહાલ જિલ્લાના અડાદરા છાત્રાલયમાં અભ્યાસ કરતી આદિવાસી સગીર બાળાઓની લાજ લૂંટવા માટે તે જ છાત્રાલયના સંચાલક તરફથી પ્રયત્ન થતાં છાત્રાલયમાં અભ્યાસ કરતી બાળાઓમાં અને તેમના વાલીઓમાં ફેલાયેલ ભયની લાગણી અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર સમાજ કલ્યાણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

સમાજ કલ્યાણ મંત્રીશ્રી મોહનસિંહ રાઠવાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

તાકીદની જાહેર અગત્યની બાબત પર પ્રશ્નોત્તરી ચાલતી હતી તે દરમ્યાન સભ્યશ્રી સુરેશચંદ્ર ફ. મહેતાએ એવી માગણી કરી કે આ બાબત અંગે સભાગૃહમાં એક કલાકની ચર્ચા થવી જોઈએ.

ત્યારબાદ સભ્યશ્રી અશોક ભટ્ટ, શ્રી મનુભાઈ પરમાર, શ્રી નવીનભાઈ શાસ્ત્રી, વિરોધપક્ષના નેતાશ્રી કેશુભાઈ પટેલે ઉકત બાબતે પોતપોતાના દ્રષ્ટિબિંદુ રજૂ કર્યા, માનનીય મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલે આ બાબતે એક કલાકની ચર્ચા કરવાના સૂચનાનો સ્વીકાર કર્યા અને ત્યારબાદ એવું નકકી થયું કે આ એક કલાકનો સમય કામકાજ સલાહકાર સમિતિમાં ચર્ચા કરીને ગોઠવવામાં આવે.

૫. સભ્યશ્રી મહેન્દ્ર ત્રિવેદી તથા સભ્યશ્રી અશોક ભટ્ટે માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી બારમા ધોરણની પરીક્ષાનું ભૌતિકશાસ્ત્રનું પ્રશ્નપત્ર ફુટી જવા અંગેનો મુદો ઉપસ્થિત કરી શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

શિક્ષણ મંત્રી, શ્રી ડો. કરસનદાસ સોનેરીએ ખુલાસા મૌખિક સ્પષ્ટતા કરી.

૬. મહેસુલ મંત્રીશ્રી દલસુખભાઈ જે. ગોધાણીએ તા. ૩જી માર્ચ, ૧૯૯૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૨૬૯૯, ૧૨૬૬૮, ૧૨૧૨૧, ૧૨૮૧૬ અને ૧૨૬૩૧ના જવાબમાં સુધારો કરતું નિવેદન કર્યું.

૭. માંગણીઓ પર ચર્ચા અને મતદાન.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૬૮,૬૯ અને ૭૦ પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી લીલાધરભાઈ ખો. વાઘેલાએ રજૂ કરી.

માગણી ક્રમાંક ૬૮ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૩, ૪ અને ૫ માગણી ક્રમાંક ૬૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૬ અને માગણી ક્રમાંક ૭૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૮, ૯ અને ૧૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, તેર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૮. માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે વિરામના સમયમાં મળેલી કામકાજ સલાહકાર સમિતિમાં નિર્ણય થયો છે તે મુજબ આજની નિયમ-૧૧૬ અન્વયેની પંચમહાલ જિલ્લાના અડાદરા છાત્રાલયમાં અભ્યાસ કરતી આદિવાસી સગીર બાળાઓની લાજ લુંટવા માટે તે જ છાત્રાલયના સંચાલક તરફથી પ્રયત્ન થતાં છાત્રાલયમાં અભ્યાસ કરતી બાળાઓમાં અને તેમના વાલીઓમાં ફેલાયેલી ભયની લાગણી અંગે જે તાકીદની બાબત રજૂ થઈ હતી તેના ઉપર એક કલાકની ચર્ચા કરવાનું નકકી થયેલ છે, એટલે એ ચર્ચા શરૂ કરવામાં આવે છે.

આ બાબત રજૂ કરવાથી સભ્યશ્રી લક્ષ્મણસિંહ મો. પરમારે એમને જે ધમકી મળી હતી તે બાબતમાં અને ત્યારપછી શું બન્યું તે અંગેની હકીકતો સભાગૃહ સમક્ષ રજૂ કરી.

ત્યારબાદ સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે "આ સભાગૃહ સભ્યશ્રી લક્ષ્મણ સિંહ પરમારને તેઓએ આપેલ નિયમ-૧૧૬ની સૂચના સંબંધમાં મળેલી ધમકીમાંથી ઉભા થતા પ્રશ્નો ઉપર વિચારણા કરે."

ત્યારબાદ આઠ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય મુખ્યમંત્રીશ્રી ચીમનભાઇ પટેલે આપ્યો. ચર્ચા પૂરી થઇ.

૯. માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરતાં જણાવ્યું કે સભ્યશ્રી લક્ષ્મણસિંહ મો. પરમારે જે પત્ર લખ્યો હતો તેના અનુસંધાનમાં ગૃહ વિભાગને રક્ષણ આપવા માટે જણાવવામાં આવેલ છે અને એમને જે ધમકી આપવામાં આવેલ છે એ બાબત વિશેષાધિકાર સમિતિને તપાસ માટે સોંપવામાં આવે છે.

૧૦. માગણીઓ પરની ચર્ચાનો જવાબ પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ મંત્રી શ્રી લીલાધરભાઈ વાઘેલાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુંકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૬ અને ૮ થી ૧૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૬૮, ૬૯ અને ૭૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૧. સભ્યશ્રી લે.અરાજ બચાણીએ તા. ૨૪-૨-૯૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી હરજીવનભાઇ પટેલના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૧૧૦૦ (અગ્રતાક્રમ-૧૦) તેમજ પોતાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૧૫૩૨ (અગ્રતાક્રમ -૪૯) "ગુજરાતમાં ૧૯૮૬ થી ૧૯૮૮ના વર્ષોમાં દુષ્કાળમાં થયેલ ગેરરીતિઓ બાબત"ના સંબંધમાં માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ આપેલ જવાબ ઉપરથી જાહેર અગત્યની બાબત પર અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરી અને તેમનાં મંતવ્યો રજૂ કર્યા.

મહેસૂલ મંત્રીશ્રી દલસુખભાઇ જે. ગોધાણીએ ચર્ચાનો જવાબ આપ્યો. ચર્ચા પૂરી થઇ.

ગુરવાર તા. ૨૬મી માર્ચ, ૧૯૯૨
પહેલી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨.(૧) સભ્યશ્રી સવજીભાઇ કોરાટે નિયમ-૧૧૬ અન્વયે તા. ૧૭-૩-૧૯૯૨ના રોજ રાત્રિના ગાંધીનગરના સેકટર નં. ૭માં થયેલ ખાનગી ગોળીબાર અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) નું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રબોધકાન્ત દા. પંડ્યાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

(૨) સભ્યશ્રી ભગુભાઇ પટેલે નિયમ-૧૧૬ અન્વયે સુરત નજીક આવેલ ગાર્ડન સીલ્ક મિલ્સમાં કામદાર અગ્રણીની ગેરકાયદેસર છટણીના વિરોધમાં આશરે ચાર હજાર જેટલા કામદારોની હડતાલ અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર શ્રમ અને રોજગાર મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી રામસિંહ પરમારે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. સભ્યશ્રી જયનારાયણ વ્યાસ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે પ્રશ્નોત્તરી દરમ્યાન સભ્યશ્રીઓ તરફથી જે માહિતી આપવામાં આવતી હોય છે એને પ્રમાણભૂત માહિતી માનીને માનનીય મંત્રીશ્રીઓ જવાબો આપવા જોઈએ અને એની તપાસ કરવાની થતી હોય તો તપાસ પણ કરાવવી જોઈએ. આ ઉપરાંત પ્રશ્નોના સ્પષ્ટ જવાબો આપવામાં આવે જેથી કરીને સભ્યશ્રીઓને પેટાપ્રશ્નો પૂછવાની બાબતમાં અનુકૂળતા રહે.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આ મુદ્દાની ચર્ચા અવારનવાર થાય છે અને એ બાબતમાં નિર્ણયો પણ આપવામાં આવેલા છે. આમ છતાં માનનીય સભ્યશ્રીઓ તરફથી જે કાંઈ હકીકતો અને માહિતી રજૂ કરવામાં આવે એના યોગ્ય જવાબો અપાવવા જોઈએ અને તપાસ કરવાની હોય તો એની ખાતરી પણ આપવામાં આવે તે ઈચ્છનીય છે. આ ઉપરાંત સભ્યશ્રીઓ તરફથી જે પ્રશ્નો પૂછવામાં આવે તેના ચોક્કસ જવાબો અપાવા જોઈએ અને ઉમેર્યું કે આ બાબતમાં સૌ કાળજી રાખે.

૪. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા :—

(૧) ૧ ગુજરાત સરકારના સન ૧૯૮૯--૯૦ના વર્ષના નાણાંકીય હિસાબો.

૨ ગુજરાત સરકારના સન ૧૯૮૯--૯૦ના વર્ષના વિનિયોગ હિસાબો.

૩ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૧૯૮૯--૯૦ના વર્ષનો ઓડિટ અહેવાલ (મુલકી).

૪ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૧૯૮૯--૯૦ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસૂલી આવક).

૫ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૧૯૮૯--૯૦ના વર્ષનો ઓડિટ અહેવાલ (વાણિજ્યક)

(૨) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૧૯૯૦--૯૧નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ સન ૧૯૯૦--૯૧ના સુધારેલા અંદાજો તથા સન ૧૯૯૧--૯૨ના અંદાજો તથા આ અંદાજોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન.

(૩) ગુજરાત મત્સ્યોદ્યોગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૯૦--૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.

(૪) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૯૦--૯૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા.

૩. (૪) અ. ગુજરાત વિદ્યુત બોર્ડનો સન ૧૯૮૯--૯૦નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૧૯૮૯--૯૦ના વાર્ષિક હિસાબી પત્રક તથા તે સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના નિવેદનો તથા સન ૧૯૯૨--૯૩નું વાર્ષિક નાણાંકીય વિવરણ પત્રક.

(૫) તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૦૬૯૫ (અગ્રતાક્રમ--૧૦) ના અનુસંધાને વધારાની માહિતી.

(૬) તા. ૪થી માર્ચ, ૧૯૯૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક--૧૨૯૫૪ (અગ્રતાક્રમ--૮) ના અનુસંધાને વધારાની માહિતી.

(૭) તા. ૧૧મી માર્ચ, ૧૯૯૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૩૫૦૪ (અગ્રતાક્રમ--૭) ના અનુસંધાને વધારાની માહિતી.

(૮) તા. ૧૧મી માર્ચ, ૧૯૯૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક - ૧૩૩૯૬ (અગ્રતાક્રમ--૯) ના અનુસંધાને કચ્છ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં સ્પ્રીંગ બોર્ડ ઔદ્યોગિક વસાહતો સ્થાપવા માટેનો ટેકનો ઈકોનોમિક ફીઝિબિલિટી અહેવાલ.

(૯) તા. ૧૭મી માર્ચ, ૧૯૯૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક--૧૪૪૮૬ (અગ્રતાક્રમ--૧૦) ના અનુસધાને વધારાની માહિતી.

૫. (૧) બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રી નાનાભાઈ રોયલાએ સમિતિનો વીસમો અહેવાલ રજૂ કર્યો.

(૨) અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી બાબરભાઈ તડવીએ સમિતિના ચોથા અહેવાલ રજૂ કર્યો.

૬. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નાનાભાઈ રોયલાએ પ્રસ્તાવ રજૂ કર્યો છે :—

"આ સભાગૃહ, બિન--સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના વીસમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન.

નાણા વિભાગને લગતી માગણી ક્રમાંક : ૧૬, ૧૭ અને ૧૯ તથા નર્મદા અને જળસંપત્તિ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૬૫, નાણાં અને જળસંપત્તિ મંત્રીશ્રી છબીલદાસ મહેતાએ રજૂ કરી.

માગણી ક્રમાંક : ૧૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક : ૧, ૨ અને ૩ તથા માગણી ક્રમાંક: ૧૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક : ૪ અને ૫ તથા માગણી ક્રમાંક : ૬૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક : ૬, ૭, ૮, ૯ ૧૦, ૧૧ અને ૧૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ઉપરોક્ત માગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, ચૌદ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.
ચર્ચાનો જવાબ નાણા અને જળસંપત્તિ મંત્રી શ્રી છબિલદાસ મહેતાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુંકત માંગણીઓ પર રજુ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક : ૧ થી ૧૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૧૬, ૧૭, ૧૯ અને ૬૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો પચ્ચીસમો અહેવાલ રજૂ કર્યો.

૯. સંસદીય બાબતોના મંત્રી શ્રી દિનશા પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે :—

"આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના પચ્ચીસમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

બીજી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન પ્રેક્ષક દીર્ઘામાંથી કેટલાક પ્રેક્ષકોએ સૂત્રોચ્ચાર કર્યા અને પત્રિકા ફેંકી. સલામતી દળના સભ્યોએ તેમની ધરપકડ કરીને પ્રેક્ષક દીર્ઘામાંથી દૂર કર્યા.

ત્યારબાદ કાયદા મંત્રી શ્રી શશીકાન્ત લાબાણીએ વિરોધ પક્ષના નેતા શ્રી કેશુભાઈ પટેલના અનુમોદનથી નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો:—

"જે વ્યક્તિઓએ આજે સભાગૃહની નજર સમક્ષ સૂત્રોચ્ચાર કર્યા છે અને પત્રિકા ફેંકી છે તેમણે આ સભાગૃહનું અવમાન કરેલ છે. આથી આ વ્યક્તિઓને આજે ગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધી અટકાયતમાં રાખવામાં આવે."

પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૩. (૧) સભ્યશ્રી પુરુષોત્તમ રૂપાલાએ નિયમ--૧૧૬ અન્વયે અમરેલી જિલ્લાના કોડિનાર તાલુકામાં માલવાહક રીક્ષામાં મુસાફરી કરતાં અકસ્માત થવાથી ત્રણ પેસેન્જરો મરણ પામેલ છે તે અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) નું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રબોધકાંત પંડ્યાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

(૨) સભ્યશ્રી સવજીભાઈ કોરાટે નિયમ--૧૧૬ અન્વયે છેલ્લા દસ દિવસ દરમ્યાન વલસાડ જિલ્લાના પારડી અને ધરમપુર તાલુકામાં ઉપરાઉપરી ધાડ અને લૂંટના ચાર બનાવો બન્યા છે તે અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી શ્રી પ્રબોધકાન્ત દા. પંડ્યાએ તેમનું લેખિત નિવેદન રજુ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૪. (૧) સભ્યશ્રી માધુભાઈ સો. ઠાકોરે માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી જેતલપુર અને અસલાલી ખાતે થયેલ ધાડ, લુંટ અને ત્રાસવાદી પ્રવૃત્તિ અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૨) સભ્યશ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમાએ માનનીય અધ્યક્ષશ્રી ની પૂર્વમંજૂરીથી ધોરણ-૧૦ ની પરીક્ષામાં થયી ચોરી, ધોરણ--૧૨ની પરીક્ષાના ફુટી ગયેલ પ્રશ્નપત્ર અને વિદ્યાર્થીઓના પરીક્ષા કેન્દ્રોમાં થતાં ફેરફાર અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

શિક્ષણ મંત્રી શ્રી ડો. કરસનદાસ સોનેરીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૫. નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા :—

૧. તા. ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૦૦૩૨ (અગ્રતાક્રમ--૯) ના અનુસંધાને વધારાની માહિતી.

૨. તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૨૪૦૫ (અગ્રતાક્રમ--૫)ના અનુસંધાને વધારાની માહિતી.

૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન.

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતી માગણી ક્રમાંક: ૧૩ તથા ગૃહ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૪૪ અને ૪૫ તથા માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગને લગતી માગણી ક્રમાંક: ૫૪ અને ૫૫ માનનીય મુખ્યમંત્રીશ્રીએ રજૂ કરી.

માગણી ક્રમાંક: ૧૩ ઉપરની કાપ દરખાસ્તોને ક્રમાંક: ૧, ૨ અને ૩ માગણી ક્રમાંક: ૪૪ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક : ૫, ૬, ૭, ૮, ૯ , ૧૦ અને ૧૧, માંગણી ક્રમાંક: ૪૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક: ૧૨, ૧૩ ૧૪, અને ૧૫ માંગણી ક્રમાંક: ૫૪ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક: ૧૬, ૧૭, ૧૮ અને ૧૯ સંબંધિત સભ્યશ્રીઓ એ રજૂ કરી.

શરૂઆતમાં માનનીય અધ્યક્ષશ્રીએ ગિલોટીન અંગેની જાહેરાત કરી.

ઉપરોકત માગણીઓ અને તેની ઉપરની રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ, દસ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક : ૧ થી ૩ અને ૫ થી ૧૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માંગણી ક્રમાંક : ૧૩, ૪૪, ૪૫, ૫૪ અને ૫૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭. સાંજના ૬--૪૫ વાગ્યે ગિલોટિન લાગુ પાડવામાં આવ્યું.

ત્યારબાદ સંબંધિત મંત્રીશ્રીઓએ વારાફરતી માંગણી ક્રમાંક : ૧૧, ૧૨, ૧૪, ૩૧, ૩૨, ૩૪, ૪૩, ૪૭, ૫૩, ૫૬, ૧૫, ૧૮, ૬૩, ૬૬, ૭૨, ૭૩, ૭૬, ૭૮, ૪૮, ૫૨, ૬૦, ૬૨, ૮, ૨૫, ૨૮, ૮૬, ૯૦, ૭૯, ૮૧, ૧, ૭, ૮૮, ૩૮, ૪૨, ૯૩, ૯૭, ૯૮, ૧૦૦ ૨૧, ૨૪, ૬૭, ૭૧, ૫૭, ૫૯, રજૂ કરી જે મત માટે મૂકવામાં આવતાં તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ માગણી ક્રમાંક : ૩૬ અને ૩૭ રજૂ કરી જેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

શુક્રવાર, તા. ૨૭મી માર્ચ, ૧૯૯૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. (૧) સભ્યશ્રી તારાચંદ છેડાએ નિયમ--૧૧૬ અન્વયે કચ્છ જિલ્લામાં દુષ્કાળની તીવ્ર અસરો થવા લાગી છે. સરકાર રાહતભાવે નિયમ પ્રમાણે ઘાસ પશુધનને વેચાતું પૂરું પાડવામાં નિષ્ફળ ગઈ છે તે અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મહેસૂલ મંત્રીશ્રી દલસુખભાઈ જે. ગોધાણીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

(૨) સભ્યશ્રી ઉદેસિંહ બારિયાએ નિયમ--૧૧૬ અન્વયે લુણાવાડા તાલુકાના કોઠંબા ગામે તા. ૧૮--૩--૯૨ના રોજ હોળી પ્રગટાવી તે સમયે હરિજન યુવાન ત્યાં આગળ હાજર હોઈ ભારે ધક્કામુક્કી અને ગીરદીના કારણે સવર્ણ યુવતી સાથે અથડાતાં ગામનાં માથાભારે તત્વોએ આ યુવાનને સખત માર મારેલ તે અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના ગૃહ મંત્રી, શ્રી પ્રબોધકાન્ત દા. પંડયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું. અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. સભ્યશ્રી વજુભાઈ વાળાએ માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી રાજકોટ જિલ્લાના લોધિકા ગામે લોધિકા કુમાર શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન દરમ્યાન આપવામાં આવેલ ખોરાકથી બાળકોને થયેલ ઝાડા-ઉલ્ટી અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

શૂન્યકાળમાં ઉપસ્થિત કરવામાં આવેલા આ મુદ્દા અંગે ભારતીય જનતા પક્ષના ધારાસભ્યશ્રીઓએ પ્રશ્નો પૂછવાનો આગ્રહ રાખ્યો. પરંતુ શૂન્યકાળની પ્રણાલિકા અનુસાર માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી એક સભ્યશ્રી પ્રશ્ન પૂછી શકે છે અને એની ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા થઈ શકે છે એમ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

આમ છતાં ભારતીય જનતા પક્ષના માનનીય સભ્યશ્રીઓએ પ્રશ્નો પૂછવાનો આગ્રહ ચાલુ રાખ્યો અને પોતપોતાની બેઠકો ઉપર ઉભા થઈને "મધ્યાહન ભોજન બંધ કરો"ના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ સૂત્રોચ્ચાર કરતા સભ્યશ્રીઓને તથા પક્ષના નેતાશ્રીને પોતાના સ્થાન ઉપર બેસી જવા માટે અને સૂત્રોચ્ચાર બંધ કરવા માટે વારંવાર વિનંતી કરી તેમ છતાં સભ્યશ્રીઓએ સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યા.

આ રીતે સભાગૃહના કામકાજમાં સતત વિક્ષેપ પડવાનું ચાલુ રહેતાં માનનીય અધ્યક્ષશ્રીએ પોતાને સાંભળવા માટે સભ્યશ્રીઓને વિનંતી કરી.

આવા વાતાવરણને કારણે માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહને સવારના ૯--૫૬ થી સવારના ૧૧--૦૦ સુધી મુલતવી રાખ્યું અને ૧૦--૩૦ થી ૧૧--૦૦ વાગ્યા સુધીનો વિરામનો સમય પણ જાહેર કર્યો.

૪. શૂન્યકાળમાં લોધિકા કુમાર શાળાના બાળકોને મધ્યાહન ભોજન યોજના દરમ્યાન જે ખોરાક આપવામાં આવેલ હતો તેમાંથી અનેકવિધ પ્રશ્નો ઉભા થયા છે. આથી એની ચર્ચા કરવાની પરવાનગી સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતાએ માગી.

નાણા મંત્રીશ્રી છબીલદાસ મહેતાએ જણાવ્યું કે આ બાબતમાં સરકાર તપાસ કરશે અને સોમવારે સરકાર તેનું નિવેદન રજૂ કરશે. પછી એની ચર્ચા કરવામાં આવે તો સરકારને વાંધો નથી.

૫. સભ્યશ્રી ભોળાભાઈ ચ. પટેલે, સભ્યશ્રી પ્રવિણસિંહજી જાડેજાએ પત્રકાર પરિષદમાં માનનીય અધ્યક્ષશ્રી અને માનનીય સભાગૃહ વિશે જે કાંઈ ઉચ્ચારણો કરેલ છે તે બાબત વિશેષાધિકાર સમિતિને સોંપવા માટે સભાગૃહની અનુમતિ માગતો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

